દૈનિક
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૪ વર્ષ
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 239 ■ વિક્રમ સંવત ૨૦૮૧
આશ્વિન વદ-3 ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 9 October 2025, Thursday ■ REGD.No. MCS/058/2018-20
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
ગુરુવાર, ૯ ઑક્ટોબર ૨૦૨૫, (૧૨ પાનાં,) કિંમત ₹ ૧૦.૦૦ | લાડકી પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ૨૬/૧૧નો બદલો લેતા રોકનારનું નામ આપે કૉંગ્રેસઃ મોદી

મુંબઈઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે સવાલ કર્યો હતો કે મુંબઈ પર ૨૦૦૮ની ૨૬/૧૧એ ત્રાસવાદીઓનો હુમલો થયો, તે પછી દુશ્મનો સામે લશ્કરી કાર્યવાહી કરતા કૉંગ્રેસ પાર્ટીને કોણે રોકી હતી? કૉંગ્રેસે આ બાબતમાં દેશ સમક્ષ સ્પષ્ટતા કરવી જોઇએ.

મોદીએ જણાવ્યું હતું કે મુંબઈ પર ૨૬/૧૧એ ત્રાસવાદીઓનો હુમલો થયો ત્યારે કૉંગ્રેસના જે નેતા કેન્દ્રના ગૃહ પ્રધાન હતા તેમણે તાજેતરમાં દાવો કર્યો હતો કે એક દેશે ભારતને વળતી લશ્કરી કાર્યવાહી કરતા અટકાવ્યું હતું. કૉંગ્રેસે આ સંબંધમાં ખુલાસો કરવો જોઇએ.

નવી મુંબઈ આંતરરાષ્ટ્રીય વિમાનમથકના પ્રથમ તબક્કાના ઉદ્‌ઘાટન વખતે મોદીએ આક્ષેપ કર્યો હતો કે કૉંગ્રેસની નબળાઇ, ત્રાસવાદીઓની તાકાત હતી. મુંબઈ પરના ત્રાસવાદી હુમલાનો બદલો લેતા દેશને કોણે રોક્યું હતું?, તે જાણવાનો દેશના દરેક નાગરિકનો અધિકાર છે.

મોદીએ જમ્મુ અને કાશ્મીરના પહલગામમાં ત્રાસવાદીઓએ નિર્દોષ લોકોની કરેલી હત્યા બાદ ભારતે શત્રુઓ સામે 'ઑપરેશન સિંદૂર' હેઠળ (જુઓ પાનું ૨) ▸▸

## 'નવી મુંબઈ ઍરપોર્ટમાં વિકસિત ભારતના દર્શન'

નવી મુંબઈઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ નવી મુંબઈ આંતરરાષ્ટ્રીય વિમાનમથકનું બુધવારે ઉદ્‌ઘાટન કરતા જણાવ્યું હતું કે નવી મુંબઈના ઍરપોર્ટમાં 'વિકસિત ભારતના દર્શન' થાય છે અને તે મુંબઈ રીજન (પ્રાંત)ને એશિયાનું સૌથી મોટું 'કનેક્ટિવિટી હબ' બનાવવામાં સહાયરૂપ થશે.

નવી મુંબઈ આંતરરાષ્ટ્રીય વિમાનમથક દેશનું સૌથી મોટું ગ્રીનફિલ્ડ ઍરપોર્ટ છે અને તે રૂપિયા ૧૯,૬૫૦ કરોડના ખર્ચે તૈયાર કરાયું છે. આ વિમાનમથક ડિસેમ્બરથી શરૂ થઇ જશે.

વડા પ્રધાને મુંબઈની સૌપ્રથમ સંપૂર્ણ ભૂગર્ભમાંની મેટ્રો થ્રીના અંતિમ તબક્કાનું પણ ઉદ્‌ઘાટન કર્યું હતું. ૩૩.૫ કિલોમીટરની એક્વા લાઇન ઉત્તર મુંબઈમાંના આરેને દક્ષિણ મુંબઈમાંના કોલાબા સાથે જોડશે.

૧૯,૬૫૦ કરોડ રૂપિયાના ખર્ચે બાંધવામાં આવેલા નવી મુંબઈ આંતરરાષ્ટ્રીય એરપોર્ટના પ્રથમ તબક્કાનું ઉદઘાટન કરાયું છે. અને ૧,૧૬૦ હેક્ટરમાં ફેલાયેલું નવું એરપોર્ટ ભારતની ઉડ્ડયન ક્ષમતાને નોંધપાત્ર રીતે વેગ આપવા તેમ જ મુંબઈના હાલના છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પરના ભારે ટ્રાફિક બોજને હળવો કરવા સક્ષમ છે. ઔપચારિક ઉદઘાટન પહેલા પીએમએ નવનિર્મિત એરપોર્ટ પર લટાર મારી હતી.

પબ્લિક પ્રાઇવેટ પાર્ટનરશિપ (પીપીપી) મોડલ હેઠળ વિકસાવવામાં આવેલો આ ભારતનું સૌથી મોટું ગ્રીનફીલ્ડ એરપોર્ટ પ્રોજેક્ટ છે અને મુંબઈ મેટ્રોપોલિટન રિજન માટેનું બીજું આંતરરાષ્ટ્રીય એરપોર્ટ છે. મોદીએ ૧૨,૨૦૦ કરોડ રૂપિયાના ખર્ચે બનેલા મુંબઈ મેટ્રો લાઈન-૩ (આચાર્ય અત્રે ચોકથી કફ પરેડ)ના ૨-બી તબક્કાનું ઉદઘાટન પણ કર્યું હતું. ૩૭,૨૭૦ કરોડ રૂપિયાની મુંબઈ મેટ્રો લાઇન ૩ (એક્વા લાઇન) દેશને અર્પણ કરવા ઉપરાંત વડા પ્રધાને મુંબઈ વન એપ પણ લોન્ચ કરી હતી. આ એપ્લિકેશન મુસાફરોને અનેક જાહેર પરિવહન ઓપરેટરોમાં એકીકૃત મોબાઇલ ટિકિટિંગ સહિત અનેક લાભ પ્રદાન કરે છે. ■



**નવા યુગના શ્રીગણેશઃ** નવી મુંબઈ ઈન્ટરનેશનલ ઍરપોર્ટના પ્રથમ તબક્કાના ઉદ્‌ઘાટન પ્રસંગે બુધવારે વડા પ્રધાન નરેન્દ્ર મોદી, દેવેન્દ્ર ફડણવીસ અને અન્ય મહાનુભાવો. (એજન્સી)

## એક જીબી ડેટાની કિંમત ચાના કપ કરતાં પણ ઓછીઃ પીએમ

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે જણાવ્યું હતું કે દેશમાં એક જીબી વાયરલેસ ડેટાની કિંમત ચાના એક કપ કરતાં પણ ઓછી છે. દેશમાં મોબાઇલ્સથી લઇને સૅમિકન્ડક્ટર્સ અને ઇલેક્ટ્રોનિક્સ સામાનનું મોટા પાયે ઉત્પાદન થઇ રહ્યું છે.

અહીં 'ઇન્ડિયા મોબાઇલ કૉંગ્રેસ'ના ઉદ્‌ઘાટન પ્રસંગે મોદીએ જણાવ્યું હતું કે ભારતના મજબૂત લોકતાંત્રિક માળખા, રોકાણકારોને આકર્ષતી સરકારી નીતિ અને વેપાર કરવામાંની સુવિધાને લીધે દેશમાં રોકાણકારો મોટી સંખ્યામાં આકર્ષાઇ રહ્યા છે.વડા પ્રધાને જણાવ્યું હતું કે ભારતમાં દૂરસંચાર ક્ષેત્રની અને ફાઇવ-જીની વિશ્વની સૌથી મોટી બીજા ક્રમની બજાર છે. આ ઉપરાંત, દેશમાં સારી માનવશક્તિ, મોબિલિટી અને નિષ્ણાતો છે.

તેમણે જણાવ્યું હતું કે ભારતે તાજેતરમાં જ સ્વદેશી બનાવટની ફૉર-જી ટૅક્નોલૉજી લૉન્ચ કરી હતી અને આપણો દેશ હવે આવી ક્ષમતા ધરાવતા વિશ્વના પાંચ દેશમાં સ્થાન ધરાવે છે.

મોદીએ જણાવ્યું હતું કે ડેટાના વપરાશમાં ભારત વિશ્વના અગ્રણી દેશોમાંનો એક છે. આનો અર્થ એ થયો કે ભારતમાં ડિજિટલ કનેક્ટિવિટી કોઇનો વિશેષાધિકાર કે લક્ઝરી વસ્તુ નથી રહી, પરંતુ દેશના નાગરિકોના જીવનનો અવિભાજ્ય ભાગ બની ગઇ છે. એક દાયકા પહેલાં ભારત ટૂજી ટૅક્નોલૉજી માટે પ્રયાસ કરતું હતું, જ્યારે આજે દેશના દરેક જિલ્લામાં ફાઇવ-જી ટૅક્નોલૉજી ઉપલબ્ધ છે. મોદીએ જણાવ્યું હતું કે દેશમાં મોટા પાયે આર્થિક પરિવર્તન આવ્યું છે. જીએસટીમાંના ઘટાડાને લીધે શૅમ્પૂથી લઇને ટેલિવિઝન સેટ્સ સસ્તાં થયાં છે. દેશમાં મોબાઇલ્સ, સૅમિકન્ડક્ટર્સ અને ઇલેક્ટ્રોનિક્સ સામાનના ઉત્પાદનની વિપુલ તક રહેલી છે. (એજન્સી) ■

## ભારત સાથે યુદ્ધની પૂરી શક્યતાઃ પાકિસ્તાન

### સાથે સંરક્ષણ પ્રધાન ખ્વાજા આસિફે એવો દાવો પણ કર્યો કે માત્ર ઔરંગઝેબના શાસનમાં ભારત દેશ એક હતો

ઈસ્લામાબાદઃ ભારત સાથે યુદ્ધની શક્યતા વાસ્તવિક હોવાની ચેતવણી આપતાં પાકિસ્તાનના સંરક્ષણ પ્રધાન ખ્વાજા આસિફે દાવો કર્યો હતો કે ભવિષ્યમાં જો ભારત સાથે યુદ્ધ થશે તો અમે અગાઉ કરતાં વધુ સારું પરિણામ મેળવીશું.

પાકિસ્તાનના સંરક્ષણ પ્રધાન ખ્વાજા આસિફે મંગળવારે કહ્યું હતું કે એક મુલાકાત દરમિયાન તેમણે ફરીવાર કરેલાં શ્રેણીબદ્ધ ઉશ્કેરણીજનક નિવેદનોને કારણે ભારત સામેના યુદ્ધનું જોખમ વાસ્તવિક છે.

ઈન્ડિયન આર્મી ચીફ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ (જુઓ પાનું ૨) ▸▸

## સોહરાબુદ્દીન એન્કાઉન્ટર કેસના ચુકાદાને સીબીઆઇ નહિ પડકારે

મુંબઈઃ સીબીઆઇએ બુધવારે બોમ્બે હાઇ કોર્ટને જણાવ્યું હતું કે ગેંગસ્ટર સોહરાબુદ્દીન શેખના અને તેના સાથી તુલસીરામ પ્રજાપતિના ૨૦૦૫માં થયેલા કહેવાતા બનાવટી એન્કાઉન્ટર કેસમાં ખાસ અદાલતે બધા (૨૨) આરોપીને છોડી દેવાના ૨૦૧૮માં આપેલા ચુકાદાને નહિ પડકારાય.

શેખના ભાઇઓ રૂબાબુદ્દીન અને નયાબુદ્દીન શેખે આરોપીઓને છોડવાના ચુકાદાને ૨૦૧૯ની એપ્રિલમાં પડકાર્યો હતો. ગુજરાત પોલીસ સાથેના કહેવાતા એન્કાઉન્ટરમાં સોહરાબુદ્દીનને અમદાવાદની નજીક ઠાર મરાયો હતો. તેની પત્ની કૌસર બી પણ મારી ગઇ હતી. બાદમાં, મુખ્ય સાક્ષી તુલસીરામ પ્રજાપતિનું પણ કહેવાતા અન્ય એન્કાઉન્ટરમાં મૃત્યુ થયું હતું. સર્વોચ્ચ અદાલતે આ કેસની તપાસ સેન્ટ્રલ બ્યૂરો ઑફ ઇન્વેસ્ટિગેશન (સીબીઆઇ)ને સોંપી હતી. બાદમાં આ ખટલો મુંબઈ (જુઓ પાનું ૨) ▸▸

## કાનપુરમાં પાર્ક કરેલા બે સ્કૂટરમાં બ્લાસ્ટ

કાનપુરઃ ઉત્તર પ્રદેશના કાનપુરમાં બે સ્કૂટરમાં બુધવારે વિસ્ફોટ થયો હતો. રસ્તાની બાજુમાં પાર્ક કરેલા બે સ્કૂટરમાં વિસ્ફોટ થયો હોવાનું જાણવા મળ્યું છે. આ ઘટનામાં આઠથી વધારે લોકો ઘાયલ પણ થયાં છે. તમામ ઘાયલ લોકોને સત્વરે સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યાં છે. કાનપુરમાં રમકડાં બજાર પાસે આ બે સ્કૂટર પાર્ક કરેલા હતા અને તેમાં અચાનક ધડાકો થયો હતો. પોલીસે તપાસ શરૂ કરી દીધી છે.

ઘટનાસ્થળે પહોંચેલા પોલીસ અધિકારીઓએ આ મામલે જણાવ્યું હતું કે, સ્કૂટર રમકડા બજાર પાસે પાર્ક કરેલા હતા. તે દરમિયાન અચાનક તેમાં બ્લાસ્ટ થયો હતો. ફોરેન્સિકની ટીમે પણ ઘટનાસ્થળે પહોંચીને તાગ મેળવવાની કામગીરી હાથ ધરી છે.

સ્થાનિકોના જણાવ્યાં પ્રમાણે વિસ્ફોટ એટલો શક્તિશાળી હતો કે તેનો પડઘો લગભગ ૫૦૦ મીટર દૂર સુધી સંભળાયો હતો. અવાજથી લોકો ગભરાઈ ગયા હતાં. ઘટના બાદ તરત જ પોલીસ, બોમ્બ સ્ક્વોડ અને ફોરેન્સિક ટીમો ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ■

## આઝમ ખાનના પરિવાર જેટલી હેરાનગતિ કોઈ રાજકીય કુટુંબની થઈ નથીઃ અખિલેશ યાદવ

રામપુર (ઉત્તર પ્રદેશ)ઃ સમાડવાદી પક્ષના વડા અખિલેશ યાદવ બુધવારે પક્ષના વરિષ્ઠ નેતા આઝમ ખાનને તેમનાં રામપુરસ્થિત નિવાસસ્થાને મળ્યા હતા અને તેમના આરોગ્ય અંગે પૂછપરછ કરી હતી.

બેઠક બાદ ઉત્તર પ્રદેશના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન અખિલેશ યાદવે પત્રકારોને આપેલી મુલાકાતમાં કહ્યું હતું કે રાજ્યની ભાજપ સરકારે આઝમ ખાન અને તેનાં પરિવારને જેટલાં હેરાન કર્યા છે તેટલાં દેશના કોઈ રાજકીય પક્ષના પરિવારને હેરાન કરવામાં આવ્યાં નહીં હોય.

આઝમ ખાનને વરિષ્ઠ સમાજવાદી લેખાવતાં તેમણે કહ્યું હતું કે પક્ષમાં તેમનાં મૂળિયા ઘણાં ઊંડા છે.

આઝમ ખાન પક્ષના વડા મુલાયમસિંહ યાદવના જૂના સાથીદાર છે એમ જણાવતાં અખિલેશે કહ્યું હતું કે ખાન અમારા સૌથી વરિષ્ઠ નેતાઓમાંનાં એક છે. જૂના નેતાઓનો તેમનો અલગ પ્રભાવ હોય છે. ખાન અમારા પક્ષ માટે એક ઝાડ સમાન છે જેનાં મૂળિયા ખૂબ જ ઊંડા છે એમ જણાવતાં અખિલેશે કહ્યું હતું કે આ ઝાડના છાંયડાએ અમને કાયમ રક્ષણ પૂરું પાડ્યું છે.

ખાન અને તેમનાં પિરવારજનો વિરુદ્ધનાં કેસને અખિલેશે ખોટાં અને રાજકીય હેતુ પ્રરિત લેખાવ્યા હતા.

ખાન માટે ન્યાયની આશા વ્યક્ત કરતાં અખિલેશે કહ્યું હતું કે અમે સાથે મળીને એક મોટી લડત લડી રહ્યા છીએ. (એજન્સી)

**પત્ની-પીડિત પતિઓના ભયંકર બે કિસ્સા**

## જો બૂમાબૂમ કરી છે તો...

**પતિ પર ઉકળતું તેલ નાખીને પત્નીએ ધમકી આપી**

નવી દિલ્હીઃ દિલ્હીના મદનગીરસ્થિત ઘરમાં સૂતેલા દિનેશ પર તેની પત્નીએ ઉકળતું તેલ અને મરચાંની ભૂકી નાખી હતી.

દવાની કંપનીમાં કામ કરતા અને હાલ જીવનમરણ વચ્ચે ઝોલાં ખાઈ રહેલાં ૨૮ વર્ષના દિનેશને સારવારાર્થે દિલ્હીની સફદરજંગ હૉસ્પિટલના આઈસીયુમાં દાખલ કરવામાં આવ્યો હતો.

આંબેડકર નગર પોલીસ સ્ટેશનમાં દાખલ કરવામાં આવેલા ગુના મુજબ પત્નીએ રાત્રે ત્રણ વાગ્યે દિનેશના ધડ અને મોઢા પર ઉકળતું તેલ નાખ્યું હતું. ઘટના સમયે દંપતીની આઠ વર્ષની પુત્રી પણ ઘરમાં જ હતી.

દિનેશે પોલીસને જણાવ્યું હતું કે રાત્રે તે કામ પરથી ઘરે મોડો આવ્યો હતો. રાત્રી ભોજન કરીને ઊંઘી ગયો હતો. મારી પત્ની અને પુત્રી મારી (જુઓ પાનું ૨) ▸▸

## પત્ની રાતે 'નાગિન' બનીને ડરાવે છે

**યુપીના સીતાપુરમાં પતિની વિચિત્ર ફરિયાદ**

સીતાપુરઃ ઉત્તર પ્રદેશમાં અજીબો ગરીબ કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. એક વ્યક્તિએ સીતાપુરના જિલ્લા મેજિસ્ટ્રેટ સમક્ષ અનોખી ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં પતિએ દાવો કર્યો છે કે તેની પત્ની રાત્રે 'નાગિન' બની જાય છે, તેથી તે બીકનો માર્યો રાત્રે ઊંઘી શકતો નથી.

એક વીડિયોમાં પત્નીએ તેના પતિ પર દહેજ માટે ત્રાસ આપવાનો આરોપ લગાવ્યો છે. મહેમુદાબાદ તાલુકાના લોધાસા ગામના ફરિયાદી મેરાજે ચોથી ઓક્ટોબરના રોજ સમાધાન દિવસમાં જિલ્લા મેજિસ્ટ્રેટ અભિષેક આનંદ સમક્ષ (જુઓ પાનું ૨) ▸▸

## મેટલ-ઑર્ગેનિક ફ્રેમવર્ક ક્ષેત્રના નિષ્ણાત ત્રણ વિજ્ઞાનીને રસાયણશાસ્ત્રનું નોબેલ પ્રાઇઝ

સ્ટોકહોમઃ સુસુમુ કિટાગાવા, રિચાર્ડ રોબસન અને ઉમર એમ. યાગીને 'ડેવલપમેન્ટ ઑફ મેટલ-ઑર્ગેનિક ફ્રેમવર્ક્સ'માંના તેઓના કામ માટે રસાયણશાસ્ત્રના નોબેલ પુરસ્કાર માટે પસંદ કરાયા હતા.

રોયલ સ્વિડિશ એકેડેમી ઑફ સાયન્સીસના મહામંત્રી હેન્સ એલગ્રેને આ જાહેરાત કરી હતી. સાહિત્ય માટેના નોબેલ પુરસ્કારના વિજેતા (જુઓ પાનું ૨) ▸▸

## અમિત શાહની 'ઝોહો' પર નવી ઈમેલ આઇડી

નવી દિલ્હીઃ કેન્દ્રના ગૃહ પ્રધાન અમિત શાહે સ્વદેશી સોફ્ટવેર સ્યૂટ 'ઝોહો' અપનાવ્યું છે અને તેના પર બનાવેલી પોતાની નવી ઇમેલ આઇડી જાહેર કરી હતી.

અમેરિકા દ્વારા ભારતથી આયાત કરાતા માલસામાન પર લાદેલી વધારાની ટૅરિફને લીધે દેશમાં 'સ્વદેશી' માલસામાન વાપરવાની ઝુંબેશ વેગ પકડી રહી છે.

અમિત શાહે ટ્વીટ કર્યું હતું કે બધા કેમ છો?, મેં ઝોહો મેલ અપનાવ્યું છે. મારું બદલાયેલું ઇમેલ (જુઓ પાનું ૨) ▸▸


**અકસ્માતઃ** જયપુર-અજમેર હાઈવે પર બુધવારે વહેલી સવારે ટેન્કર સાથે ટ્રક અથડાતાં એલપીજી સિલિન્ડર લઈને જઈ રહેલી ટ્રકમાં ફાટી નીકળેલી આગને કાબૂમાં લેવાનાં પ્રયાસ કરી રહેલું અગ્નિશમન દળ. (એજન્સી)

## ઝુબીન ગર્ગ કેસમાં હવે આસામના ડીએસપીની ધરપકડ

ગુવાહાટીઃ ઝુબીન ગર્ગના પિતરાઇ ભાઇ અને આસામ પોલીસના ડીએસપી સંદીપન ગર્ગની ગયા મહિને સિંગાપોરમાં ગાયકના મૃત્યુના સંદર્ભમાં બુધવારે ધરપકડ કરવામાં આવી હતી, એમ એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું.

તેમણે જણાવ્યું હતું કે, ભારતીય ન્યાય સંહિતા (બીએનએસ) ની વિવિધ કલમો હેઠળ ડીએસપી સામે ગુનો નોંધવામાં આવ્યો હતો, સદોષ, મનુષ વધ, ગુનાહિત કાવતરું અને બેદરકારીથી મૃત્યુનું કારણ બનવાનો સમાવેશ થાય છે.

આ કેસમાં આ પાંચમી ધરપકડ છે.

અગાઉ, નોર્થ ઇસ્ટ ઇન્ડિયા ફેસ્ટિવલના મુખ્ય આયોજક શ્યામકાનુ મહંત, ગાયકના મેનેજર સિદ્ધાર્થ શર્મા અને તેમના ૨ બેન્ડના સભ્ય - શેખર જ્યોતિ ગોસ્વામી અને અમૃત પ્રભા મહંતની ધરપકડ કરવામાં આવી હતી.

અમે સંદીપન ગર્ગની ધરપકડ કરી છે. હવે, અમે જરૂરી કાનૂની ઔપચારિકતાઓ પૂર્ણ કરી રહ્યા છીએ, તેવું સીઆઈડીના સ્પેશિયલ ડીજીપી મુન્ના પ્રસાદ ગુપ્તાએ જણાવ્યું હતું.ગયા મહિને સિંગાપોરમાં ગાયકના મૃત્યુ અંગે ધરપકડ કરાયેલા પોલીસ અધિકારીની છેલ્લા કેટલાક દિવસોમાં ઘણી વખત પૂછપરછ કરવામાં આવી હતી.

ગાયકના પિતરાઈ ભાઈ અને ડીએસપી સંદીપન ગર્ગ, ટાપુ દેશમાં ગાયકના ડૂબી જવાની ઘટના દરમિયાન તેમની સાથે હાજર હતા.

અમારી ટીમ તેમને અહીં કોર્ટમાં લઈ ગઈ છે. અમે પોલીસ રિમાન્ડ માંગીશું, એમ અન્ય એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું.


**પવિત્ર સ્નાનઃ** અમૃતસરમાં બુધવારે ચોથી શીખ ગુરુ રામદાસની જન્મજયંતી નિમિત્તે સુવર્ણમંદિર ખાતે 'સરોવર'માં પવિત્ર સ્નાન કરી રહેલા લોકો. (એજન્સી)

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# દિવાળીમાં ગ્રીન ફટાકડા, હિંદુઓની ઉજવણીમાં જ પાબંદી કેમ?

**આપણે** ત્યાં દિવાળી આવે એ સાથે જ ફટાકડાની મોંકાણ મંડાય છે. દિવાળી હિંદુઓનો સૌથી મોટો તહેવાર છે અને વરસોથી હિંદુઓ દિવાળીની ઉજવણી ફટાકડા ફોડીને કરે છે. આ પરંપરા દાયકાઓ પહેલાં શરૂ થયેલી કે સદીઓ પહેલાં શરૂ થયેલી એ સ્પષ્ટ નથી પણ દિવાળીના તહેવાર સાથે ફટાકડા અભિન્ન રીતે જોડાઈ ગયા છે પણ છલ્લાં કેટલાંક વરસોથી ફટાકડાને દિવાળીથી અલગ કરવાના ઉધામા થયા કરે છે.

ફટાકડાના કારણે પ્રદૂષણ ફેલાય છે, પર્યાવરણને નુકસાન થાય છે એવી વાતો કરીને દિવાળી ટાણે ફટાકડા ફોડવા પર પ્રતિબંધ જ આવી જાય તેની મથામણ ચાલ્યા કરે છે. આ મથામણની અસર બીજે બધે બહુ નથી થઈ પણ દેશની રાજધાની દિલ્હીમાં ચોક્કસ થઈ છે. સુપ્રીમ કોર્ટે બહુ પહેલાં જ દિલ્હીમાં ફટાકડા ફોડવા પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકી દીધો છે.

આ વરસે એપ્રિલમાં આપેલા આદેશમાં સુપ્રીમ કોર્ટે દિલ્હી કેપિટલ રીજિયન (એનસીઆર) એટલે કે દિલ્હી સરકારના તાબા હેઠળના વિસ્તારોમાં ફટાકડાના ઉત્પાદન, વેચાણ, સંગ્રહ પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકી દીધો હતો. તેના કારણે ફટાકડા ઉત્પાદકોની હાલત બગડી ગયેલી કેમ કે દિલ્હીમાં ફટાકડા બનાવવાનો ગૃહ ઉદ્યોગ મોટા પાયે ચાલે છે. તેમની રજૂઆતના પગલે સુપ્રીમ કોર્ટે એનસીઆરના ફટાકડા ઉત્પાદકોને ગ્રીન ક્રેકર્સ એટલે કે પર્યાવરણને નુકસાન ના કરે એવા ફટાકડા બનાવવા મંજૂરી આપી પણ આ ફટાકડા એનસીઆરમાં નહીં વેચી શકાય એવી સ્પષ્ટ તાકીદ પણ કરેલી.

સુપ્રીમ કોર્ટના ફરમાનનો અમલ થઈ રહ્યો છે તેથી દિલ્હીમાં અત્યારે દિવાળીની ધામધૂમ નથી. ફટાકડાના ધડાકાભડાકા વિનાની લુખ્ખી લુખ્ખી દિવાળીની ઉજવણીની તૈયારીઓ ચાલી રહી છે. તેના કારણે લોકો પણ દુઃખી છે અને વેપારીઓ પણ દુઃખી છે. લોકોના દુઃખની તો રાજકારણીઓને પડી નથી હોતી પણ વેપારીઓ દુઃખી થાય એ નેતાઓને પરવડતું નથી કેમ કે વેપારીઓ તેમના માઈ-બાપ છે. તેમના પૈસે જ નેતાઓ ચૂંટણી લડે છે, ઘર ચલાવે છે ને બધા જ પ્રકારના તાગડધિન્ના કરે છે તેથી વેપારીઓનું દુઃખ દૂર કરવા દિલ્હીની રેખા ગુપ્તાની ભાજપ સરકારે કમર કસી છે.

ભાજપ સરકારે સુપ્રીમ કોર્ટમાં રજૂઆત કરી છે કે, દિલ્હીમાં દિવાળીના તહેવારોમાં ગ્રીન ફટાકડાના ઉપયોગની મંજૂરી અપાય કે જેથી લોકો સારી રીતે દિવાળી ઉજવી શકે. મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ હિંદુઓની લાગણીની ને એવી બધી લાંબીલચ્ચક વાર્તા સુપ્રીમ કોર્ટમાં અરજ પહેલાંની જાહેરાતમાં કરેલી. આ વાર્તાનો સાર એ છે કે, ભાજપને હિંદુઓની લાગણીની ચિંતા છે તેથી ગ્રીન ફટાકડાની મંજૂરી માટે સુપ્રીમ કોર્ટમાં રજૂઆત કરીશું.

દિલ્હી સરકારની રજૂઆત સામે સુપ્રીમ કોર્ટ શું નિર્ણય લે છે એ જોવાનું રહે છે પણ આ રજૂઆતે હિંદુઓ આ દેશમાં કોઈ હામી નથી એ ફરી સ્પષ્ટ કર્યું છે. દિલ્હીમાં અરવિંદ કેજરીવાલની સરકાર હતી ત્યારે ફટાકડા પર પ્રતિબંધને મામલે ભાજપના નેતા કકળાટ કરતા હતા. હિંદુઓની ઉજવણીઓમા જ જાત જાતની પાબંદીઓ કેમ લગાવાય છે એવા સવાલ ભાજપના જ નેતા કરતા હતા.

હવે દિલ્હીમાં ભાજપની સરકાર છે ત્યારે ભાજપના નેતાઓની બોલતી બંધ છે. ભાજપ સરકાર ગ્રીન ફટાકડા ફોડવા દેવાની મંજૂરી માગવા માટે સુપ્રીમ કોર્ટમાં ગઈ છે ત્યારે ભાજપનો એક નેતા એવો સવાલ કરી નથી રહ્યો કે, હિંદુઓએ જ કેમ પોતાના તહેવારોની ઉજવણીમાં નિયંત્રણ રાખવાનાં ? સુપ્રીમ કોર્ટે જે નિર્ણય લેવો હોય એ લે પણ ભાજપ સરકાર ફટાકડા પરનો પ્રતિબંધ યોગ્ય નથી એવી રજૂઆત તો કરી જ શકે.

ભાજપની સરકાર એવી રજૂઆત કરવા પણ તૈયાર નથી એ જોઈને આઘાત લાગે છે. તેના બદલે ગ્રીન ફટાકડાના નવા ધૂપ્પલને રેખા ગુપ્તા સરકાર પોષી રહી છે. ગ્રીન ફટાકડા મોંઘા હોય છે અને સામાન્ય લોકોને પરવડે એવા નથી હોતા તેથી ગ્રીન ફટાકડાને મંજૂરી મળે તો પણ બહુમતી હિંદુઓ તો ઉજવણીથી વંચિત રહે પણ ભાજપ સરકારને તેની ચિંતા નથી. ભાજપ ગ્રીન ફટાકડાને મંજૂરી અપાવવા માગે છે કે જેથી વેપારીઓનો ધંધો ચાલે. ભાજપનું હિંદુત્વ અને હિંદુઓનાં હિતોની વાતો બધું સગવડિયું છે તેનો આ વધુ એક પુરાવો છે.

ખેર, ભાજપનું સગવડિયું હિંદુત્વ અલગ મુદ્દો છે, મૂળ મુદ્દો તો હિંદુઓએ જ શા માટે ઉજવણીમાં સંયમ રાખવો તેનો છે. દિલ્હીમાં પ્રદૂષણની સમસ્યા ગંભીર છે તેનો ઈનકાર કરી શકાય તેમ નથી પણ આ પ્રદૂષણ માત્ર ફટાકડાના કારણે જ નથી ફેલાતું એ પણ હકીકત છે. દિલ્હીમાં દિવાળી દરમિયાન ફટાકડા ફોડવામાં આવે તેના કારણે પ્રદૂષણના સ્તરમાં બહુ વધારો થઈ જાય છે અને લોકોના આરોગ્ય સામે મોટો ખતરો ઊભો થાય છે એવું ચિત્ર મીડિયાના એક વર્ગ અને કેટલીક સંસ્થાઓ દ્વારા ઊભું કરાય છે. તેના દ્વારા ફટાકડા જ સૌથી મોટો ખતરો છે એવું સ્થાપિત કરવા પ્રયત્ન કરાય છે પણ આ વાત ખોટી છે.

દિલ્હીમાં પ્રદૂષણ બારમાસી સમસ્યા છે. દિલ્હીમાં પ્રદૂષણ માટે સતત થતાં બાંધકામ, વાહનોનો ધુમાડો અને ઔદ્યોગિક ઉત્પાદનથી પેદા થતો ધુમાડો સૌથી વધારે જવાબદાર છે. ફટાકટા ફોડવા કે પરાળી બાળવા જેવી પ્રવૃત્તિઓનું યોગદાન તો છેલ્લે આવે છે. આ પ્રવૃત્તિઓના કારણે પેદા થતું પ્રદૂષણ થોડાક સમય પૂરતું હોય છે પણ બીજી પ્રવૃત્તિઓના કારણે પેદા થતું પ્રદૂષણ તો બારમાસી ઘટના છે.

દિલ્હીમાં ધૂમ બાંધકામો થાય છે ને બિલ્ડિંગ બાંધવા પાયો ખોદાય તેના કારણે ઉડતી ધૂળથી સૌથી વધારે પ્રદૂષણ ફેલાય છે. કાર સહિતનાં વાહનોના ધુમાડાથી મોટા પ્રમાણમાં પ્રદૂષણ ફેલાય છે. ઉદ્યોગો તથા લોકોના વપરાશ માટે વીજળી પેદા કરવા માટે કોલસો વપરાય છે તેના કારણે પણ પ્રદૂષણ ફેલાય છે અને એસી-હીટર વાપરવાના કારણે પણ પ્રદૂષણ વધે છે. બીજી પણ ઘણી પ્રવૃત્તિઓ છે જ કે જેના કારણે પ્રદૂષણ ફેલાયા જ કરે છે. આ બધું બારે મહિના ચાલે છે ને તેના કારણે પ્રદૂષણ વધ્યા જ કરે છે પણ સુપ્રીમ કોર્ટ આ મુદ્દે ચૂપ રહે છે કેમ કે આ બધુ બંધ કરાવે તો ધનિકોને અસર થાય. ફટાકડા ફોડવા પર પ્રતિબંધ મૂકો તો સામાન્ય લોકોને અસર થાય ને એ લોકો કશું બોલવાના નથી. બહુ બહુ તો સોશ્યલ મીડિયા પર બે પોસ્ટ લખીને ઉભરો ઠાલવી દેશે ને પછી બે પગ વચ્ચે પૂંછડી દબાવીને બેસી જશે. ■

## આજનું પંચાંગ

**પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા**

દક્ષિણાયન – સૌર શરદઋતુ, ગુરુવાર, તા. ૯-૧૦-૨૦૨૫, ભદ્રા

- ભારતીય દિનાંક ૧૭, માહે આશ્વિન, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, આશ્વિન વદ-૩
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે આશ્વિન, તિથિ વદ-૩
- પારસી શહેનશાહી રોજ ૨૬મો આસતાદ, માહે ૨જો અર્દીબહેસ્ત, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૬મો આસતાદ, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૪મો દીન, માહે ૮મો આવાં, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૧૬મો, માહે ૪થો રબીઉલ આખર, સને ૧૪૪૭
- મીસરી રોજ ૧૭મો, માહે ૪થો રબીઉલ આખર, સને ૧૪૪૭
- નક્ષત્ર ભરણી રાત્રે ક. ૨૦-૦૨ સુધી, પછી કૃત્તિકા
- ચંદ્ર મેષમાં મધ્યરાત્રિ પછી ક. ૨૫-૨૨ સુધી, પછી વૃષભમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મેષ (અ, લ, ઈ), વૃષભ (બ, વ, ઉ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૩૨, અમદાવાદ ક. ૦૬ મિ. ૩૫, સ્ટા. ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૧૯, અમદાવાદ ક. ૧૮ મિ. ૧૯, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ બપોરે ક. ૧૨-૫૩, મધ્યરાત્રિ પછી ક. ૦૧-૪૩ (તા. ૯)
- ઓટઃ સવારે ક. ૦૬-૫૭, રાત્રે ક. ૧૯-૦૪
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, આશ્વિન કૃષ્ણ – તૃતીયા. શુક્ર કન્યામાં સવારે ક. ૧૦-૪૯, ભદ્રા સવારે ક. ૧૨-૩૭થી ૨૨-૫૪. સૂર્ય મહાનક્ષત્ર હસ્તમાં, વાહન મોર.
- શુભાશુભ દિનશુદ્ધિઃ સામાન્ય દિવસ
- મુહૂર્ત વિશેષઃ ગુરુ-શુક્ર ગ્રહદેવતાનું પૂજન, યમદેવતાનું પૂજન, વાવ, કૂવા, તળાવ, વગેરેનું નિર્માણ, શાસ્ત્રાભ્યાસ. માલ વેંચવો, ખેતીવાડી, ધાન્ય ઘરે લાવવું.

આચમનઃ ચંદ્ર-નેપ્ચૂન અર્ધચતુષ્કોણ અનીતિમાન, ચંદ્ર-શુક્ર ત્રિકોણ લાગણીવાળા

- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-નેપ્ચૂન અર્ધચતુષ્કોણ, ચંદ્ર-શુક્ર ત્રિકોણ
- ગ્રહગોચરઃ સૂર્ય કન્યા, મંગળ-તુલા, માર્ગી બુધ-તુલા, ગુરુ-મિથુન, શુક્ર-સિંહ/ કન્યા, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, વક્રી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

## મુખ્બિરે ઈસ્લામ

અનવર વલિયાણી
anwar.v@bombaysamachar.com

# સૃષ્ટિઃ શૂન્યમાંથી થયેલા સર્જનનો અંત પણ શૂન્યમાં જ થશે?!

**૬૫** કરતાં વધુ વરસોથી દર ગુરુવારે પ્રગટ થતી મુખ્બિરે ઈસ્લામ કોલમના નવા-જૂના વાચકોને વિદિત હશે કે અરબસ્તાનની માતૃભાષા અરબી છે અને અરબી ભાષાનો એક અતિ પ્રચલિત શબ્દ છે 'ખાલિકે કાએનાત'. જેનો આપણી ગુજરાતી ભાષામાં સરળ અર્થ થાય છે 'જગતકર્તા, પેદા કરનાર ઈશ્વર, અલ્લાહ, ગૉડ અને આ સૃષ્ટિના સર્જનહારને સૌથી વધારે કોઈ આંક, આંકડો પસંદ હોય તો તે પંજેતન પાંચનો આંક છે.'

* જેઓનું નૂર અર્થાત્ આભા દુનિયામાં અગાઉ પ્રકાશમાન હતું અને અલ્લાહે જ્યારે દરેક ફરીશ્તા, દૂત, પ્રતિનિધિને સેતાન નામે અઝાઝીલ સહિતના તેના સૌ પ્રથમ ખલીફા, રાજકર્તા હઝરત, માનવંત આદમ અલૈયસ્સલ્લામ, (અ.સ.) જગતકર્તા અલ્લાહ આપના પર હંમેશાં રાજી રહે. સામે નમન કરવાનો હુકમ આપ્યો ત્યારે એક સિવાય સૌએ નમન કર્યું અને જે અકડયો તેને રબતઆલાએ કહ્યું હતું કે શું તે જન્નત (સ્વર્ગ)માં સૌ પ્રથમ પાંચ બિરાજમાન છે તેની બરાબરી (સરખામણી) કરે છે? કે જેને સજદા (નમન) કરવાનો હુકમ નથી અપાયો. જો કે હઝરત આદમ (અસ.)નો ખાલિક (પેદા કરનાર) પણ હું જ છું, પરંતુ તેને એવો દરજ્જો અતા (બક્ષ્યો) કરેલ છે તેના જેવો કયામત (મુસ્લિમ અન ખ્રિસ્તી ધર્મ અનુસાર આખરી નિર્ણય - ન્યાયના દિવસ) સુધી બીજા કોઈને અતા કરવામાં - આપવામાં નહીં આવે અને હું (અલ્લાહ - સૃષ્ટિનો સર્જક) તેઓ પાસેથી માનવજાતને દોરવણી આપવા એવું કામ લેવાનો છું કે જેને તેઓ જ પરિપૂર્ણ કરવાના, કારણ બીજા કોઈની તાકાત નથી. બીજા કોઈનેય એ અંગેની લાયકાત પણ નથી.

વ્હાલા વાચકો બિરાદરો! જયારે આપણી આ કાએનાત (સૃષ્ટિ - જગત) અને પૃથ્વીનું સર્જન થયું તે અગાઉ પણ અલ્લાહ તો હતો જ અને તેણે ઉપરોક્ત પાંચ પંજેતનનું ખુશી માટે સૃષ્ટિનું શૂન્યમાંથી સર્જન કર્યું અને તેનો અંત પણ શૂન્યમાં જ આવવાનો. અર્થાત્ કયામત (મૃત્યુલોક, ન્યાયનો દિવસ) આ રીતે આદીકાળને અંતકાળ સુધી જોડીએ તો ૧૦નો આંક (આંકડો) પ્રાપ્ત થાય છે જેમ કે

૧+૯= ૧૦, ૨+૮= ૧૦, ૩+૭= ૧૦, ૪+૬= ૧૦

અને આમ કુદરતે પાંચના અંકને પહેલેથી ખૂબ જ મહત્ત્વપૂર્ણ રાખેલ છે.

* ઈન્સાન પૈદા થયો - જન્મ્યો તો પાંચ હવાસે ખામ્સા (અવયવો) સાથે.
* તેના હાથ પગની આંગળી પાંચ આપી છે,
* ઉસૂલે દીન (ધર્મના સિદ્ધાંતો - નિયમો) પણ તેને પાંચ અતા થયેલા છે.
* પાંચ પદાર્થમાંથી તેનું શરીર બનેલું છેઃ

૧) માટી, ૨) પાણી, ૩) વાયુ, ૪) અગ્નિ તથા ૫) આકાશ (ખાલી જગ્યા).

* ચોવીસે કલાક ચાલતા માનવીના શરીરચક્રની તેજ રફતારમાં પણ ખાલિકે કાએનાત પાંચ મહત્ત્વના અંગો રાખ્યા છેઃ

૧) હૃદય, ૨) ફેફસાં, ૩) યકૃત અર્થાત્ લીવર, ૪) કિડની અર્થાત્ ગુર્દા અને ૫) ભેજું.

- આ પાંચ અવયવમાંથી જો એક પણ ફેઈલ - નકામું થાય તો શી હાલત - દશા થાય તે આ કોલમના વાચક બિરાદરો સારી પેઠે જાણે - સમજે છે.

- આ પાંચનો આંકડો માણસના જીવન અને મૃત્યુ બંને સાથે સંબંધ ધરાવે છે. માનવ જીવનથી તેને જુદા - અલગ તારવવો મુશ્કેલ છે. કારણ એ માનવીય સંબંધોનું પ્રતીક છે.

અલ્લાહના દાખવેલા માર્ગે જીવન વ્યતીત કરતા રહીએ તો પછી બંદાના જીવનમાંથી અશાંતિ નષ્ટ થતી જશે અને કોઈ પણ પ્રકારનો ડર - ભય - રંજ - અફસોસ નજીક નહીં ફરકે. મૃત્યુના ભયથી પણ છુટકારો મળશે.

- અને હા! છેલ્લે પાંચના અંકની એક વાત તો રહી ગઈઃ

- અલ્લાહે અતા કરેલી દોલતનો પણ પાંચમો હિસ્સો જરૂરતમંદોમાં આપવાનો હુકમે ઈલાહી છે. જો નિષ્ઠાપૂર્વક તેને બજાવી લાવવામાં આવે તો કોમ-સમાજનો બેડો પાર થયો સમજજોઃ

* કોઈ ભૂખ્યો ટળવળશે નહીં.
* કોઈ બીમાર દવા વગર મૃત્યુ નહીં પામે.
* કોઈ યતીમ કે બેવા-વિધવા પીડાશે નહીં. ઈન્શાઅલ્લાહ.

**જાણવા જેવુંઃ**

પાંચ પંજેતન (પંજેતન પાક): ૧. હઝરત મોહંમદ (સલ.), ૨. હઝરત અલી (અ.સ.), ૩. હઝરત બીબી ફાતીમા, ૪. હઝરત ઈમામ હુસૈન (અ.સ.) અને ૫. હઝરત ઈમામ હસન (અ.સ.) હોઈ, શીઆ મોમીનોની દુઆ, બંદગીમાં તેનું રટણ થતું રહે છે.

* * *

**પ્રેરણાસ્ત્રોતઃ**

એક સહાબી, સાથી-સંગાથીને હિદાયત કરતા પયગંબર હુઝુરે અનવર (સલ.)મે ફરમાવ્યું કે, જયારે તમે નમાઝ પઢો તો એવી નમાઝ પઢો કે જાણે આ છેલ્લી નમાઝ છે, કેમ કે તમને શું ખાતરી છે કે બીજી નમાઝ સુધી તમે હયાત (જીવિત) રહેશો કે નહીં, અને જ્યારે તમે વાત કરો તો એવી કરો કે પછી પસ્તાવું અને માફી માગવી ન પડે અને લોકોની પાસે જે ચીજ છે તેથી નાઉમેદ (નિરાશ) રહો એટલે કે તેની તમા (આશા) ન રાખો.

* * *

**નમાઝ પછીનું શ્રેષ્ઠ કાર્ય શું છે?**

* જીવનમાત્રને ખુશ કરવું, એ નમાઝ અદા કર્યા પછીનો શ્રેષ્ઠ અમલ (કર્મ) છે.

* * *

રક્ષણ અને સલામતી માટે કોની આશા રાખવી?

* અય ઈમાનદારો! તમારા રક્ષક અલ્લાહ અને તેના પયગંબર હુઝૂરે અનવર (સલ.)ના સિવાય કોઈ નથી અને તે લોકો પણ કે જેઓ ઈમાન (અલ્લાહ પ્રત્યે આસ્થા) લાવ્યા છે તેઓ નમાઝ કાયમ કરે છે તથા રૂકુઅ (નમન - માથું નમાવી)ની સ્થિતિમાં ઝકાત આપે છે.

* * *

નમાઝ પઢવામાં કઈ કઈ બાબતનું ધ્યાન રાખવું?

* નમાઝનો હક (અધિકાર) એ છે કે તે અલ્લાહ સુધી પહોંચવાની નિસરણી (સીડી) છે. બંદા નમાઝ પઢે છે ત્યારે અલ્લાહની સામે હાજર છે. નમાઝની હાલત - સ્થિતિમાં એ વાત ધ્યાનમાં રાખો કે હકીર (મામૂલી, સાવ સામાન્ય, અદના, આશાવાન ફકીર - ભિક્ષુક, આજીજી કરનારો) મહાન અલ્લાહની સામે ખૂબ જ નમ્રતાપૂર્વક શાંતિથી ઊભેલો છે. હૃદયપૂર્વક નમાઝમાં એકાગ્રતા - તલ્લીન થઈને જે હક અને હદ છે તેવી જ રીતે નમાઝ અદા કરો.

* * *

આખેરત (પરલોક)ની ફઝીલત (કૃપા, મહાનતા) દુનિયા પર છે એટલી ફઝીલત આખર વખતમાં નમાઝ પડવા કરતા અવ્વલ વખતમાં જ નમાઝ પઢવાનો છે. ■

# 'ઍરફૉર્સની તાકાત યુદ્ધમાં ઝડપથી પરિણામ લાવી શકે'

## વાયુ સેનાના વડા એ. પી. સિંહે ઈન્ડિયન ઍરફૉર્સ ડૅએ કહ્યું

હિંડન (ઉત્તર પ્રદેશ)ઃ વાયુસેનાના વડા એર ચીફ માર્શલ એ.પી. સિંહે બુધવારે ઈન્ડિયન ઍરફૉર્સ ડેએ જણાવ્યું હતું કે 'ઓપરેશન સિંદૂર' દરમ્યાન ભારતીય વાયુસેનાના દુશ્મનના લક્ષ્યો પર સાહસિક અને સચોટ હુમલાઓએ રાષ્ટ્રીય ચેતનામાં આક્રમક હવાઈ કાર્યવાહીનું યોગ્ય સ્થાન ફરીથી સ્થાપિત કર્યું છે. વાયુસેનાના વડાએ કહ્યું હતું કે તેમની સેનાએ વિશ્વને બતાવ્યું કે હવાઈ શક્તિનો ઉપયોગ થોડા દિવસોમાં લશ્કરી પરિણામોને આકાર આપવા માટે કેવી રીતે અસરકારક રીતે થઈ શકે છે.એર ચીફ માર્શલ સિંહે હિંડન એરબેઝ પર વાયુસેના દિવસ નિમિત્તે વાયુસેનાના યોદ્ધાઓને સંબોધતા કહ્યું હતું કે, ઓપરેશન સિંદૂર દરમિયાન અમારા પ્રદર્શને અમને વ્યાવસાયિક રીતે ગર્વ અનુભવ્યો છે. અમે વિશ્વ સમક્ષ એ સાબિત કરી દીધું છે કે એરફોર્સની શક્તિનો ઉપયોગ થોડા દિવસોમાં સૈન્ય પરિણામોને આકાર આપવા માટે કેવી રીતે અસરકારક રીતે થઈ શકે છે. વાયુસેનાના વડાએ ઓપરેશન સિંદૂરને એ વાતનું એક શાનદાર ઉદાહરણ ગણાવ્યું હતું કે સાવધાનીપૂર્વક બનાવેલી યોજનાઓ, શિસ્તબદ્ધ તાલીમ અને દ્રઢ નિર્ધારિત અમલ મારફતે શું પ્રાપ્ત કરી શકાય છે. તેમણે કહ્યું હતું કે, ભારતના સાહસિક અને સચોટ હુમલાઓએ રાષ્ટ્રીય ચેતનામાં આક્રમક હવાઈ કાર્યવાહીને ફરીથી સ્થાપિત કરી છે. એર ચીફ માર્શલ સિંહે કહ્યું હતું કે, આપણી મજબૂત એર ડિફેન્સ સિસ્ટમ અને લાંબા અંતરની જમીન પરથી હવામાં પ્રહાર કરતી મિસાઇલ પ્રણાલીઓના આક્રમક ઉપયોગથી દુશ્મનની ક્ષમતાઓ મર્યાદિત કરી દીધી હતી અને આપણી મહત્વપૂર્ણ સંપત્તિઓની સુરક્ષા સુનિશ્ચિત થઈ છે.'' તેમણે કહ્યું હતું કે, સ્વદેશી રીતે વિકસિત અને સંકલિત શસ્ત્રો દુશ્મનના ક્ષેત્રમાં સચોટ અને વિનાશક પ્રહારો કરે છે. તેમનું પ્રદર્શન સ્વદેશી રીતે વિકસિત ક્ષમતાઓમાં આપણો વિશ્વાસ મજબૂત બનાવે છે. હું જોઈ શકું છું કે વાયુ સેનાના યોદ્ધાઓમાં જવાબદારી, સલામતી અને સુરક્ષાની સંસ્કૃતિનો વિકાસ થયો છે અને આ અમારી ઓછા થયેલા અકસ્માતોમાં પ્રત્યક્ષ રીતે દેખાય છે. તેઓ ખાતરી કરી રહ્યા છે કે દરેક વ્યક્તિને જરૂરી તાલીમ મળે અને તે પ્રેરિત થાય.

# રશિયાના લશ્કર માટે લડી રહેલો મોરબીના સાહિલને યુક્રેને પકડ્યો

નવી દિલ્હીઃ રશિયા દ્વારા ભારતીયોને ફોસલાવીને સેના ભરતી કરવામાં આવતા હોવાના અહેવાલો સતત પ્રકાશિત થઈ રહ્યા છે. જે દરમિયાન રશિયા અને યુક્રેન યુદ્ધમાં એક ગુજરાતીને ઝડપી લેવામાં આવ્યો હોવાની માહિતી પ્રકાશમાં આવી છે. જે રશિયા દ્વારા યુદ્ધ લડી રહ્યો હતો. જોકે, આ અંગે ભારત તરફથી કોઈ સત્તાવાર માહિતી આપવામાં આવી નથી.

આ અંગે મળતી માહિતી મુજબ કીવમાં ભારતીય દૂતાવાસ આ અહેવાલની સત્યતાને તપાસી રહ્યું છે. તેમજ યુક્રેને આ અંગે હજુ કોઈ માહિતી આપી નથી. જયારે યુક્રેનિયન આર્મીના ૬૩મા મિકેનાઇઝ્ડ બ્રિગેડ દ્વારા જાહેર કરાયેલા નિવેદન અનુસાર ગુજરાતના મોરબીનો બાવીસ વર્ષીય વિદ્યાર્થી માજોતી સાહિલ મોહમ્મદ હુસૈનને ઝડપ્યો છે. આ ઉપરાંત યુક્રેનની સેનાએ આ યુવકનો એક વિડીયો પણ જાહેર કર્યો છે. આ યુવક રશિયાની એક યુનિવર્સિટીમાં અભ્યાસ કરવા ગયો હતો.

પહેલા પાનાનું ચાલુ

### ૨૬/૧૧નો બદલો

હાથ ધરેલી લશ્કરી કાર્યવાહીનો ઉલ્લેખ કરતા જણાવ્યું હતું કે અમારા માટે દેશ અને નાગરિકોની સલામતી સિવાય કંઇ પણ વધુ મહત્ત્વનું નથી.

તેમણે જણાવ્યું હતું કે અમારી સરકાર દેશને આ દાયકાના અંત સુધીમાં 'વિમાનો, હૅલિકૉપ્ટરનો મેન્ટેનન્સ (જાળવણી), રિપેરિંગ (સમારકામ) અને ઑવરહૉલ (ચકાસણી કરીને સમારવું)' માટેનું વૈશ્વિક કેન્દ્ર બનાવવા માગે છે.

મોદીએ જણાવ્યું હતું કે સરકારની 'ઉડાન' (ઊડે દેશ કા આમ નાગરિક) યોજનાને લીધે છેલ્લાં દાયકા દરમિયાન લાખો લોકોએ વિમાનમાં પ્રવાસ કરવા માટેનું સ્વપ્ન સાકાર કર્યું હતું.

તેમણે જણાવ્યું હતું કે દેશમાં ૨૦૧૪માં માત્ર ૭૪ વિમાનમથક હતા, જ્યારે અત્યારે ૧૬૦થી વધારે ઍરપોર્ટ છે. અમારી સરકાર 'ગતિ અને પ્રગતિ'નો દૃષ્ટિકોણ ધરાવે છે. (એજન્સી) ■

### અમિત શાહ

એડ્રેસ નોંધી રાખજો. મારું નવું ઇમેલ એડ્રેસ amitshah.bjp@http://zohomail.in છે. મને હવે આ નવા ઇમેલ પર સંદેશા મોકલજો. અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ પોતાના ટ્રૂથ સોશ્યલ પ્લેટફૉર્મ પર જાહેરાત કરતી વખતે અંતમાં જે સ્ટાઇલથી લખે છે, તે રીતે જ અમિત શાહે પણ પોતાના સંબંધિત સંદેશાના અંતમાં લખ્યું હતું કે તમે મારી વાત પર આપેલા ધ્યાન બદલ તમારો આભાર. ઝોહોના સહસ્થાપક શ્રીધર વેમ્બુએ સ્વદેશી સોફ્ટવેર અપનાવવા બદલ અમિત શાહનો આભાર માન્યો હતો. તેમણે ટ્વીટ કર્યું હતું કે હું આ સિદ્ધિ બદલ છેલ્લાં ૨૦ વર્ષથી ઝોહો માટે સખત મહેનત કરી રહેલા અમારા ઇજનેરોનો આભાર માનું છું અને આ ક્ષણ તેઓને સમર્પિત કરું છું. આ બધા ઇજનેરોએ સ્વદેશમાં રહીને ઝોહોને સફળ બનાવવા માટે વર્ષો સુધી મહેનત કરી હતી. અમિત શાહની પહેલાં આઇટી પ્રધાન અશ્વિની વૈષ્ણવ સહિત કેટલાક પ્રધાનોએ ઝોહો ઑફિસ સ્યૂટ સોફ્ટવેર અપનાવ્યું છે. વૈષ્ણવે ગયા મહિને ઝોહો અપનાવવાની જાહેરાત કરતા જણાવ્યું હતું કે હું મારા ડોક્યુમેન્ટ્સ, સ્પ્રેડશીટ્સ અને પ્રેઝન્ટેશન્સ માટે સ્વદેશી સોફ્ટવેર પ્લેટફૉર્મ ઝોહો અપનાવી રહ્યો છું. (એજન્સી) ■

### 'પત્ની રાતે

પોતાની આપવીતી સંભળાવી હતી. મેરાજે આરોપ લગાવ્યો કે તેની પત્ની નસીમુન માનસિક રીતે અસ્થિર છે અને રાત્રે નાગિન બનીને ફૂંફાડા મારે છે અને તેને ડરાવે છે. તેણે દાવો કર્યો કે વારંવાર વિનંતી કરવા છતાં સ્થાનિક પોલીસે આ મામલે કોઇ કાર્યવાહી કરી નથી. જેના કારણે તેને મદદ માટે જિલ્લા વહીવટીતંત્રનો સંપર્ક કરવાની ફરજ પડી હતી. ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં હાજર અધિકારી કથિત રીતે આ અસામાન્ય ફરિયાદથી આશ્ચર્યચકિત થયા હતા. જ્યારે જિલ્લા મેજિસ્ટ્રેટે પોલીસને આ મામલાની તપાસ કરવા અને યોગ્ય કાર્યવાહી કરવાનો નિર્દેશ આપ્યો હતો. ■

### જો બૂમાબૂમ

નજીક જ સૂતા હતા. રાત્રે સવાત્રણ વાગ્યે અચાનક જ સમગ્ર શરીરમાં મને પીડા થવા લાગી હતી. મેં આંખ ખોલીને જોયું તો મારી પત્ની ત્યાં ઊભી હતી અને તે મારા ધડ અને મોઢા પર ઉકળતું તેલ રેડી રહી હતી. હું ઊઠીને મદદ માગું તે પહેલાં તો તેણે મારા દાઝેલા શરીર પર મરચાંની ભૂકી છાંટવા માંડી હતી. જ્યારે મેં વિરોધ કર્યો તો પત્નીએ કહ્યું હતું જો બૂમાબૂમ કરશો તો હું તમારા શરીર પર વધુ ઉકળતું તેલ નાખીશ. જોકે દિનેશ તેની પીડા દબાવી શક્યો નહોતો અને તેણે ચીસો પાડતાં પડોશી અને મકાનમાલિક તાત્કાલિક ત્યાં આવી પહોંચ્યા હતા. (એજન્સી)

### સોહરાબુદ્દીન

તબદીલ કરાયો હતો. મુખ્ય ન્યાયાધીશ શ્રી ચંદ્રશેખર અને ન્યાયાધીશ ગૌતમ આંખડની બૅન્ચે શેખબંધુઓની સંબંધિત અરજીની સુનાવણી હાથ ધરી હતી. સીબીઆઇનું અદાલતમાં પ્રતિનિધિત્વ કરતા એડિશનલ સોલિસિટર જનરલ અનિલ સિંહે જણાવ્યું હતું કે અમે ખાસ અદાલતના ચુકાદાને નહિ પડકારીએ. અમે (સીબીઆઇ) આરોપીઓને નિર્દોષ છોડતા ચુકાદાને સ્વીકારીએ છીએ. ફરિયાદીઓએ દાવો કર્યો હતો કે આ કેસના અમુક સાક્ષી કહે છે કે ખટલો ચલાવતી અદાલતે અમારી જુબાની બરાબર નોંધી નહોતી અને તેથી ખાસ અદાલતના ચુકાદાને રદબાતલ ઠેરવીને આ કેસનો ખટલો નવેસરથી ચલાવવો જોઇએ. અગાઉ, ખાસ અદાલતે બધા (૨૨) આરોપી સામે પૂરતા પુરાવા નહિ હોવાનો દાવો કરીને તેઓને છોડી દીધા હતા. (એજન્સી) ■

### ભારત સાથે યુદ્ધની

તાજેતરમાં આપેલી ચેતવણી બાદ ખ્વાજા આસિફે આ નિવેદન કર્યું હતું. દ્વિવેદીએ કહ્યું હતું કે પાકિસ્તાન આતંકવાદને પ્રોત્સાહન અને ટેકો આપવાનું બંધ નહીં કરે તો હવે ભારતીય સેના પણ નિયંત્રણમાં નહીં રહે. ટીવી ચેનલને આપેલી મુલાકાતમાં આસિફે ભારતના ઈતિહાસ અંગે અને સંઘર્ષની સ્થિતિમાં પાકિસ્તાનની એકતા અંગે ઉટપટાંગ દાવા કર્યા હતા. આસિફે દાવો કર્યો હતો કે ભારત ક્યારેય એકજૂટ દેશ નહોતો. પાકિસ્તાન અંદરોઅંદર લડે છે, પરંતુ યુદ્ધની સ્થિતિમાં ભારત સામે એકજૂટ થઈને લડે છે, એમ તેમણે કહ્યું હતું.

હું ઉશ્કેરણી કરવા નથી માગતો, પરંતુ જોખમ વાસ્તવિક છે અને હું તેને નકારી શકું એમ નથી.

જો યુદ્ધની સ્થિતિ નિર્માણ પામશે અને અલ્લાહની ઈચ્છા હશે તો અમે અગાઉ કરતાં વધુ સારું પરિણામ મેળવીશું, એમ તેમણે કહ્યું હતું. ઔરંગઝેબના શાસનકાળને બાદ કરતાં ભારત ક્યારેય એકજૂટ દેશ નહોતો એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે અલ્લાહના નામે પાકિસ્તાનનું સર્જન થયું હતું. ઘરઆંગણે ભલે અમે અંદરોઅંદર લડીએ છીએ, પરંતુ જ્યારે ભારત સાથે યુદ્ધની વાત આવે ત્યારે અમે એકજૂટ રહીએ છીએ, એમ તેમણે કહ્યું હતું.

તેમણે કહ્યું હતું કે ભવિષ્યમાં ભારત હુમલો કરશે તો પાકિસ્તાન તરફથી જબરજસ્ત વળતો જવાબ આપવામાં આવશે. (એજન્સી) ■

### મેટલ ઑર્ગેનિક

ગુરુવારે, શાંતિ માટેના નોબેલ પુરસ્કારના વિજેતા શુક્રવારે અને અર્થશાસ્ત્રના નોબેલ પુરસ્કાર વિજેતા સોમવારે કરાશે.

નોબેલ પુરસ્કાર ઓલ્ફ્રેડ નોબેલની ૧૦ ડિસેમ્બરે આવતી પુણ્યતિથિએ એનાયત કરાશે. ૧૯૦૧ અને ૨૦૨૪ દરમિયાન રસાયણશાસ્ત્ર માટેના ૧૧૬ નોબેલ પુરસ્કાર ૧૯૫ વિજ્ઞાનીને અપાયા છે. અગાઉ, ૨૦૨૪માં ડેવિડ બેકર, ડેમીસ હેસબીસ અને જૉન જમ્પરને નોબેલ પુરસ્કાર એનાયત કરાયા હતા. મેડિસન માટેના નોબેલ પુરસ્કારના ત્રણ વિજેતા સોમવારે જાહેર કરાયા હતા, જ્યારે મંગળવારે ભૌતિકશાસ્ત્ર માટેના નોબેલ પુરસ્કારના ત્રણ વિજેતા જાહેર કરાયા હતા. (એજન્સી) ■

# ગુજરાતમાંથી ૩-૪ દિવસમાં ચોમાસું વિદાય લેશેઃ રાજ્યમાં સરેરાશ ૧૧૮ ટકા વરસાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ હવામાન વિભાગની આગાહી મુજબ આગામી ૩-૪ દિવસમાં રાજ્યમાંથી ચોમાસું વિદાય લઈ શકે છે, જેના પગલે ધીમે ધીમે વરસાદનું જોર ઘટશે. હવામાન વિભાગ પ્રમાણે આગામી ૨૪ કલાક બાદ રાજ્યના અડધા ભાગનું વાતાવરણ સૂકું થઈ જશે. જોકે, હજુ પણ સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના કેટલાક વિસ્તારોમાં છૂટાછવાયા વરસાદી ઝાપટાં થવાની શક્યતા છે. હાલમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ અને શક્તિ વાવાઝોડાનું ડિપ્રેશનમાં રૂપાંતર થવાથી વરસાદી માહોલ રહેશે. દરિયાકાંઠે ડીસી-૧ સિગ્નલ લાગુ છે અને માછીમારોને સાવચેતી રાખવા સૂચના આપવામાં આવી હતી.

સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના મુજબ, રાજ્યમાં સરેરાશ ૧૧૮.૧૧ ટકા વરસાદ થયો છે. કચ્છમાં સૌથી વધુ ૧૪૮.૧૪ ટકા અને સૌરાષ્ટ્રમાં સૌથી ઓછો ૧૦૮.૫૯ ટકા વરસાદ વરસ્યો છે. ઉત્તર ગુજરાતમાં ૧૨૧.૫૧ ટકા, પૂર્વ મધ્યમાં ૧૧૭.૦૯ ટકા, દક્ષિણ ગુજરાતમાં ૧૨૩.૨૬ ટકા વરસાદ વરસ્યો છે. રાજ્યની જીવાદોરી સમાન નર્મદા ડેમ ૧૦૦ ટકા ભરાયેલો છે, જ્યારે અન્ય ૨૦૬ જળાશયોમાં ૯૬.૯૭ ટકા જળસંગ્રહ છે. રાજ્યમાં ૧૫૫ ડેમ હાઇ એલર્ટ પર છે અને ૧૨૯ ડેમ સો ટકા ભરાયેલા છે. રાજ્યમાં સિઝનનો સરેરાશ સો ટકાથી વધુ વરસાદ થયો હોવા છતાં સાત ડેમ ૨૫ ટકાથી ઓછા ભરાયેલા છે, જ્યારે ૮ ડેમ ૨૫ થી ૫૦ ટકા ભરાયેલા છે. રાજ્યમાં પંચાયત હસ્તકના ૪૪ સહિત કુલ ૫૦ રોડ રસ્તા બંધ છે.

# વિસનગરમાં ૧૫ વર્ષીય સગીરાને છ નરાધમે પીંખી નાખીઃ આરોપીઓ સામે સ્થાનિકોમાં આક્રોશ, પોલીસ સ્ટેશનમાં હલ્લાબોલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વિસનગરમાં સગીરા પર ગેંગરેપની શરમજનક ઘટના બની હતી. એક ૧૫ વર્ષીય સગીરા સાથે છ નરાધમીએ અલગ અલગ જગ્યાએ લઈ જઈને વારાફરથી દુષ્કર્મ આચર્યું હતું. ચોથી ઑક્ટોબરે એટલે કે શનિવારે રાત્રિના સમયે બહાર નીકળી હતી. આ દરમિયાન પવન ઠાકોર અને વિજય ઠાકોર નામના નરાધમે અપહરણ કર્યું હતું. પવન ઠાકોર અને વિજય ઠાકોર બન્ને સગીરાને સૂમસામ જગ્યાએ લઈ જઈને તેની પર દુષ્કર્મ આચર્યું હતું. ત્યાર બાદ નરાધમો આ સગીરાને ત્રણ ટાવર પાસે ઉતારીને ફરાર થઈ ગયાં હતાં. અહીંથી સગીરા ઘરે જતી હતી તે વખતે સોહમ ઠાકોર નામની વ્યક્તિએ ફરી સગીરાનું અપહરણ કર્યું અને તેને પવન ઠાકોરની ઓફિસ લઈ ગયો હતો. અહીં રાજ ઠાકોર અને સોહમે દુષ્કર્મ આચર્યું હતું.

આ નરાધમોઓએ દુષ્કર્મ આચર્યા બાદ સગીરાને આદર્શ સ્કૂલ પાસે ઉતારી દીધી હતી. અહીંથી પ્રકાશ મોદી અને બીજો એક શખ્સ કિશોરીને તેના ઘરે છોડી દેવાનું કહીને પોતાની સાથે લઈ ગયા હતા.

પ્રકાશ મોદી અને અજાણ્યા શખ્સે પણ સગીરા પર બે દિવસ સુધી દુષ્કર્મ આચર્યું હતું. સતત બે દિવસથી દીકરી ગુમ રહેતા પરિવાર ચિંતિત થઈ ગયો હતો. જેથી પરિવારે દીકરીની શોધખોળ શરૂ કરી દીધી હતી. સગીરા છેક સોમવારે ઘરે પહોંચી હતી. દીકરી ઘરે આવતા પરિવારે હાશકારો લીધો હતો, પરંતુ દીકરી સાથે કઈ અજૂગતું થયું હોવાની જાણ થતા પોલીસને જાણ કરી હતી. ઘરે પરત ફર્યા બાદ પરિવારજનો અને પોલીસે શાંતિથી સગીરા સાથે પૂછપરછ કરી હતી. જોકે, મંગળવારે મોડી રાત્રે આ દીકરીએ સમગ્ર હકીકત જણાવી હતી. સમગ્ર હકીકત જાણીને પરિવારજનો ચોંકી ગયાં હતા. પોલીસે વિજય ઠાકોર, પવન ઠાકોર, રાજ ઠાકોર, સોહમ ઠાકોર, પ્રકાશ મોદી અને અન્ય એક અજાણ્યા શખ્સ એમ કુલ મળીને છ નરાધમો સામે અપહરણ, દુષ્કર્મ અને પોક્સો એક્ટ હેઠળ ગંભીર ગુનો દાખલ કર્યો હતો. એટલું જ નહીં પરંતુ વિસનગર પોલીસે માત્ર ગણતરીના કલાકોમાં જ તમામ છ આરોપીઓની ધરપકડ કરી હતી.

# ગુજરાતમાં પ્રધાનમંડળનું વિસ્તરણ હાલ સ્થગિતઃ દિવાળી પછી શક્યતા

અમદાવાદઃ ગુજરાતમાં નવા પ્રદેશ ભાજપ પ્રમુખની નિમણૂકથી ભૂપેન્દ્ર પટેલ સરકારમાં પ્રધાનમંડળ વિસ્તરણની આશા જાગી હતી, પરંતુ નજીકના ભવિષ્યમાં તેવું થવાની શક્યતા જણાતી નથી. નવા પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા પોતાનું મંત્રી પદ ચાલુ રાખશે. વરિષ્ઠ પક્ષના નેતાઓ અનુસાર, હાલમાં પ્રધાનમંડળમાં ફેરબદલ માટે કોઈ ગતિવિધિ નથી, કારણ કે પક્ષનું હાઈકમાન્ડ હવે બિહારની ચૂંટણીમાં વ્યસ્ત રહેશે. આથી, દિવાળી પહેલા વિસ્તરણની કોઈ શક્યતા નથી.

પ્રધાનમંડળમાં વિસ્તરણ થવા અંગેની સતત થઈ રહેલી ચર્ચાઓ વચ્ચે મુખ્ય પ્રધાને રાજ્યના પ્રધાનો સામે સ્પષ્ટતા કરવી પડી હતી. સૂત્રો મુજબ, કેબિનેટની બેઠકમાં મુખ્ય પ્રધાને સ્પષ્ટ કહ્યું હતું કે, હાલ કંઈ થવાનું નથી ચિંતા ના કરશો. તેમણે બેઠકમાં આવતાની સાથે જ કહ્યું હતું કે, હાલ કોઈ ફેરફાર નથી બધા કામે લાગી જાઓ.

જો સરકારના પ્રધાનમંડળનું વિસ્તરણ થાય તો સૌરાષ્ટ્રને વધુ પ્રાધાન્ય આપવામાં આવશે. સૌરાષ્ટ્રમાં પાટીદાર સમાજને વધુ પ્રાધાન્ય અપાશે. આ ઉપરાંત કચ્છ અને મધ્ય ગુજરાતમાંથી પણ પ્રતિનિધિત્વ અપાઈ શકે છે. મંત્રાલયમાં કોઈપણ ફેરફાર ૨૦૨૭માં યોજાનારી વિધાનસભા ચૂંટણીના માત્ર એક વર્ષ પહેલાં થઈ શકે છે. હાલમાં રાજ્ય સરકારમાં મુખ્ય પ્રધાન ઉપરાંત ૧૬ પ્રધાનો છે - જેમાં આઠ કેબિનેટ અને આઠ રાજ્યકક્ષાના પ્રધાનો છે. પ્રધાન મંડળની મંજૂર કરાયેલી સંખ્યા ૨૭ની સામે આ સંખ્યા ઓછી છે.

# ગુજરાતની મહિલા પાસેથી સાયબર ફ્રોડ દ્વારા ₹ ૧૧ કરોડ પડાવી લેનારા ઝડપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં સાયબર ફ્રોડના વધતા કેસ ચિંતા જગાવનારા છે ત્યારે રૂ. ૧૧.૪૨ કરોડના ફ્રોડ કરનારા પકડાતા જેમના પૈસા ગયા છે તેમના મનમાં પણ આશા જાગી છે. આ ડિજિટલ ફ્રોડ કેસમાં ત્રણ આરોપીની ધરપકડ થઈ હતી અને તેમને ચાર દિવસની રિમાન્ડ પર મોકલવામાં આવ્યા હતા.

ગાંધીનગર સાયબર સેલમાં નોંધાયેલી આ ફરિયાદ અનુસાર ૧લી ઑક્ટોબરે આરોપીઓએ મહિલાને ફોન કરી પોતે ટ્રાઈમાંથી બોલતા હોવાનું જણાવ્યું હતું અને ત્યારબાદ તેમને સીબીઆઈ અને રો જેવી એજન્સીનો ડર બતાવ્યો હતો. આરોપીઓએ લગભગ ૮૦ દિવસ સુધી મહિલાની કનડગત કરી, તેને ડરાવી રૂ. ૧૧.૪૨ કરોડ જેવડી મોટી રકમ પડાવી લીધી હતી. ફરિયાદ નોંધાયા બાદ સાયબર સેલ કામે લાગ્યું હતુ અને ત્રણ આરોપી દિનેશ લિંબચિયા, કશ્યપ બેલાની અને ધવલ મેવાડાની ધરપકડ કરી હતી. આરોપીઓ એક ફાઉન્ડેશન ચલાવતા હતા અને આવા ફ્રોડથી મેળવેલા પૈસા તેમના ફાઉન્ડેશનના અકાઉન્ટમાં જમા કરાવતા હતા. પોલીસ તપાસમાં એ પણ જાણવા મળ્યું હતું કે તેમના પર દેશભરમાં ૧૧ જેટલા ગુના નોંધાયા છે, જેમાં ત્રણમાં ફરિયાદ દાખલ થઈ ચૂકી છે જ્યારે ૮ ગુનામાં કાર્યવાહી ચાલુ છે. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે આ આરોપીઓ એક ફાઉન્ડેશન ચલાવતા હતા અને ફ્રોડથી મેળવેલી રકમનો નાણાકીય વ્યવહાર તેના એકાઉન્ટમાં કરતા હતા. આ આરોપીઓ માત્ર ગુજરાતમાં જ નહીં, પરંતુ દેશભરમાં અન્ય સાયબર ગુનાઓમાં પણ સંડોવાયેલા છે. તેમના પર મહારાષ્ટ્ર અને તેલંગાણા સહિત અન્ય રાજ્યોમાં ૧૧ જેટલા સાયબર ગુનાઓ નોંધાયા છે, જેમાંથી ૩ ગુનાઓમાં ફરિયાદ દાખલ થઈ ચૂકી છે અને ૮ ગુનાઓની તજવીજ ચાલુ છે. ધરપકડ બાદ કોર્ટે ત્રણેય આરોપીઓને ૪ દિવસના રિમાન્ડ પર મોકલ્યા છે, જેથી કરીને પોલીસ આ ફ્રોડના મૂળ સુધી પહોંચી શકે. પોલીસે આરોપીઓ પાસેથી ૧૦ જેટલા મોબાઈલ ફોન અને ૨ કમ્પ્યુટર સહિતના ડિજિટલ સાધનો પણ કબજે કર્યા છે. જોકે રકમ પરત લેવા મામલે હજુ કોઈ સ્પષ્ટતા થઈ નથી.

# ચૈતર વસાવાની પદયાત્રા મામલે ભાજપના સાંસદ અને ધારાસભ્ય વચ્ચે રકઝક થઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાએ બિસ્માર રસ્તાઓને રિપેર કરવા માટે પદયાત્રા કાઢી હતી. આ પદયાત્રા ભાજપના બે મોટા નેતાઓ વચ્ચે રકઝકનું કારણ બન્યું હતું.

ભાજપના સાંસદ મનસુખ વસાવા અને નાંદોદનાં ધારાસભ્ય દર્શના દેશમુખ આમને સામને આવી ગયા હતા. વસાવાએ એવો આક્ષેપ કર્યો કે દેશમુખ આમ આદમી પાર્ટીના નેતા ચૈતર વસાવાને સમર્થન આપી રહ્યા છે. જૂનારાજ તરફ જતા રોડના રિપેર માટે ચૈતર વસાવાએ તંત્રને ૧૫ દિવસનું અલ્ટિમેટમ આપ્યું હતું. તેની આ પદયાત્રાની ટીકા વિસ્તારના સાંસદ મનસુખ વસાવાએ કરી હતી. આ અંગે વસાવાએ આક્ષેપ કર્યો હતો કે દર્શના દેશમુખ ચૈતર વસાવાને સમર્થન આપી રહ્યાં છે. તેઓ વસાવાને ભાજપમાં જોડવા માગે છે, પરંતુ જો વસાવા ભાજપમાં જોડાશે તો પક્ષને જ નુકસાન થશે.

આ મામલે દર્શના દેશમુખે જવાબ આપવાની ના પાડી હતી અને મારે કોઈ સ્પષ્ટતા કરવાની જરૂર નથી, તેમ કહ્યું હતું. તેમણે ચૈતર વસાવા લોકોની દિશાભૂલ કરી રહ્યા હોવાનો આક્ષેપ પણ કર્યો હતો. જ્યારે ચૈતર વસાવાએ મનસુખ વસાવાના આક્ષેપોને પાયાવિહોણા ગણાવ્યા હતા. જોકે ભાજપના અમુક નેતાઓ આ રીતે પક્ષના નેતાઓ જાહેરમાં એકબીજા પર આરોપ-પ્રત્યારોપ કરે તેનાથી નારાજ થયા હતા.

# રસ્તા પર મુકાયેલા બેરિકેડ્સ મામલે વડોદરામાં નગરપાલિકા કર્મીઓ પર ટોળાએ હુમલો કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગેરકાયદે બાંધકામ હટાવવા ગયેલા નગરપાલિકાના કર્મચારીઓએ ટોળાના રોષનો સામનો કરવો પડતો હોય છે, પરંતુ વડોદરામાં રસ્તાનું કામ ચાલી રહ્યું હતું અને ટોળાએ એન્જિનિયર અને કોન્ટ્રાક્ટર પર હુમલો કર્યો હોવાની વાત બહાર આવી છે.

વડોદરાના નવાપુરા વિસ્તારમાં રસ્તાની કામગીરી થતી હોવાથી બેરિકેડ્સ મૂકવામાં આવ્યા હતા. દરમિયાન અહીંથી બાઈકમાં નીકળતા અમુક યુવાનોને એન્જિનિયરે રોકવાની કોશિશ કરતા ટોળું ઉશ્કેરાયું હતું અને તેમણે બે એન્જિનિયરને માર માર્યો હતો અને કોન્ટ્રાક્ટર સાથે ઝપાઝપી કરી હતી. આ અંગેની ફરિયાદ નવાપુરા પોલીસ સ્ટેશનમાં થતાં પોલીસે ચાર આરોપીને ઝડપી પાડ્યા હતા અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પોલીસ ફરિયાદ અનુસાર વડોદરા કોર્પોરેશન હેઠળ આવતા શિયાબાગ ત્રણ રસ્તાથી બગીખાના અને જયરત્ન ચાર રસ્તા સુધીના રસ્તાની કામગીરી ચાલી રહી છે. આ સમયે અહીંથી પસાર થતાં એક ટોળાને એન્જિનિયરે રોકવાનો પ્રયત્ન કર્યો હતો તો અમુક યુવાનોએ તેમની સાથે મારપીટ શરૂ કરી દીધી હતી. આ સમયે અહીં કોન્ટ્રાક્ટર પણ તેમના પત્ની સાથે હાજર હતા. તેમણે આ બાઈકસવાર યુવાનોને રોકવાનો પ્રયત્ન કર્યો તો તેમની સાથે પણ ઝપાઝપી થઈ હતી તેમ જ તેમનાં પત્નીને ધક્કો મારી દીધો હતો.

# ઇડરમાં 'વિસાવદર'વાળી થશે, તૈયારી શરૂ કરોઃ ધારાસભ્ય રમણલાલ વોરાએ લોકોને ભડકાવ્યા પછી યુ-ટર્ન લીધો

અમદાવાદઃ ઇડરથી ધારાસભ્ય રમણલાલ વોરાએ વોટ્સએપ ગ્રૂપમાં કાર્યકરો સહિત સ્થાનિકોના વિરોધ સામે જાદરના ભાજપના ગ્રૂપમાં મેસેજ કર્યા હતા. જેમાં તેમણે ઇડરમાં વિસાવદરવાળી થશે, તૈયારી શરૂ કરો તેમ લખ્યું હતું. છેલ્લા કેટલાક સમયથી ઇડરમાંથી જાદરને તાલુકો બનાવવાની માગ ઉઠી હતી. જાદર તાલુકાની રચના નહીં થતાં ઇડરના ધારાસભ્ય રમણલાલ વોરાએ જાદરના ભાજપાના વોટ્સએપ ગ્રૂપમાં મેસેજ કર્યા હતો. રમણલાલ વોરાએ કહ્યું કે, તમે તૈયારી શરૂ કરો, જાદર તાલુકો જાહેર નહીં થાય તો ઇડરમાં વિસાવદરવાળી કરવી પડશે. સરકારે કરવું હોત તો ત્રણ વર્ષમાં કરી દીધું હોત. ઇડરવાળા તાલુકો નહીં થવા દે, વિસાવદરવાળી કરવાનું છે તૈયારી ચાલુ કરો ભાઇઓ.

ઉપરાંત રમણલાલ વોરાએ સંગઠન સાથે હોય તો આક્રમક રજૂઆત નથી કરતું કે કોઇ ઉપજતું નથી. આ સાથે જ રમણલાલ વોરાએ જાદર તાલુકા ભાજપના કાર્યકર્તાઓને રજૂઆત કરી હતી કે, બધા વડીલો અને યુવાન મિત્રોને નમ્ર વિનંતી છે કે હાલ આપણે બધાને એક જ મુદ્દો છે. જાદર તાલુકાનો એમાં હાલ આપણા હક્કની વાત છે એટલે તાલુકા સિવાય વાત ના કરો. બીજેપી કે કોંગ્રેસ કે આમ આદમી પાર્ટીની વાત ના કરો. મહેરબાની કરીને તાલુકો ના થાય પછી પક્ષની વાત આવે છે હાલ કોઇપણ પક્ષની વાત કરીને કોઇ જ પ્રકારનો ફાયદો નથી. રમણલાલ વોરાએ આ મુદ્દે ખુલાસો આપતાં જણાવ્યું કે, હું ભારતીય જનતા પાર્ટીનો એક નિષ્ઠાવાન કાર્યકર્તા છું. મેં ક્યારેય ભાજપ અંગે કોઈ નકારાત્મક (નેગેટિવ) વાત કરી નથી. મારી પાસે બે મોબાઈલ છે. મારા નામે આ વિસાવદરવાળી કમેન્ટ કરવામાં આવી છે. આ મેં નથી કરી. જોકે, જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે વાઈરલ થયેલો નંબર તેમનો જ છે? ત્યારે તેમણે સ્વીકાર્યું હતું કે વાઈરલ થયેલો નંબર મારો જ છે. જોકે, પોતાના નંબર પરથી મેસેજ વાઈરલ કેમ થયો અને આ કોમેન્ટ કોણે કરી, તે અંગે તેઓ કોઈ સંતોષકારક જવાબ આપી શક્યા ન હતા. ધારાસભ્યના નંબર પરથી વાઈરલ થયેલી કોમેન્ટ અને તેમનો ખુલાસો હાલમાં સાબરકાંઠાના રાજકારણમાં ચર્ચાનો વિષય બન્યો હતો

# અમદાવાદના ચોરોની પસંદગી બદલાઈઃ ઘી અને કાજુકતરી ચોરી ગયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દિવાળીના દિવસો દરમિયાન દરેકના ઘરમાં ઘીની મીઠાઈ બનતી હોય છે, અથવા વિવિધ મીઠાઈ લોકો તૈયાર લેવાનું પસંદ કરતા હોય છે, પણ અમદાવાદમાં ચોર પણ બીજું કંઈ ચોરવાને બદલે મીઠાઈ અને ઘી ચોરી ગયાનો બનાવ બન્યો હતો.

પાલડી વિસ્તારમાં એક દુકાનના તાળાં તૂટ્યાં હતાં. સુખીપુરા બગીચાની બાજુમા આવેલી દુકાનના તાળા તૂટ્યા હોવાની જાણ બગીચાના સુરક્ષા જવાને દુકાનમાલિકને કરી હતી. માલિકે દુકાને દોડી આવ્યો હતો અને તેણે જોયું તો ચોર રૂ. ૨૫,૦૦૦ જેટલી રોકડ સાથે, ૨૭ ઘીના પાઉચ અને છ પેકેટ કાજુકતરીના પણ ઉઠાવી ગયા હતા. ચોરે કુલ રૂ. ૪૦, ૭૫૦ની માલમત્તાની ચોરી કરી હતી. જે રીતે દુકાનમાં ચોર અંદર ઘુસ્યા તે જોતા પોલીસને કોઈ જાણભેદુ હોવાની આંશકા છે. પાલડી પોલીસ સીસીટીવી ફૂટેજ ચેક કરી તપાસ હાથ ધરી હતી.

# અમદાવાદની સ્કૂલનો વિવાદાસ્પદ નિર્ણયઃ વિદ્યાર્થિનીઓને લેગિંગ્સ પહેરવા પર પ્રતિબંધ, વાલીઓનો હોબાળો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના બોપલ વિસ્તારમાં આવેલી એક સ્કૂલમાં ડ્રેસકોડ મુદ્દે વિવાદ સર્જાયો હતો. સ્કૂલમાં ડ્રેસકોડના નામે વિદ્યાર્થિનીઓને લેગિંગ્સ પહેરવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો, જેને લઈ વાલીઓએ હોબાળો કર્યો હતો. ડ્રેસ યુનિફોર્મના શોર્ટ સ્કર્ટ નીચે લેગિંગ્સ પહેરવા દેવામાં ના આવતા વાલીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. સ્કૂલ દ્વારા ડ્રેસકોડના નામે વિદ્યાર્થિનીઓને હેરાન કરવામાં આવતી હોવાનો વાલીઓએ આક્ષેપ કર્યો છે.

અત્યાર સુધીમાં તમામ પ્રકારની છૂટ આપવામાં આવતી નથી, પરંતુ અચાનક જ કુલ વિવાદિત નિર્ણય લેવામાં આવતા વાલીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. વિદ્યાર્થિનીઓને લેગિંગ્સ પહેરવા દેવામાં આવે તેવી વાલીઓ માગ કરી રહ્યા છે.

સ્કૂલમાં અત્યાર સુધી તમામ પ્રકારની છૂટ આપવામાં આવતી હતી, પરંતુ અત્યારે વિદ્યાર્થિનીઓને લેગિંગ્સ પહેરીને ના આવવા માટે સૂચના આપવામાં આવી હતી. જો કે વાલીઓએ પણ અનેક વખત સ્કૂલમાં રજૂઆત કરી છે કે પહેલા જે પ્રકારની છૂટ આપવામાં આવતી તે જ પ્રકારની છૂટ આપવામાં આવે, પરંતુ સ્કૂલ દ્વારા વાલીઓની રજૂઆત અવગણી જો વિદ્યાર્થિનીઓ લેગિંગ્સ પહેરીને આવે તો હેરાન કરવામાં આવતી હોવાનો પણ વાલીઓ આક્ષેપ લગાવ્યો હતો.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે, મોટી છોકરીઓ ક્યારે શાળામાં નીચે બેસે અથવા છોકરાઓ સાથે હોય છે જેથી લેગિંગ્સ પહેરવા દેવામાં આવે તેવી રજૂઆત કરવામાં આવી હતી, પરંતુ છેલ્લા ૧૦ દિવસથી લેગિંગ્સ પહેરવા દેવામાં આવતી નથી. સ્કૂલ દ્વારા કહેવામાં આવ્યું હતું કે લેગિંગ્સ ડ્રેસ કોડમાં આવતી નથી, જેથી લેખિતમાં આપવામાં માટે કહ્યું હતું. લેખિતમાં આપતા નથી અને જો વિદ્યાર્થિની લેગિંગ્સ પહેરીને જાય તો સાઈડમાં ઊભી રાખવામાં આવે છે. તેમ જ અઠવાડિયા પછી કડક કાર્યવાહી કરવાની સૂચના આપવામાં આવે છે. દીકરીઓ મોટી હોય તો બેસવા માટે તકલીફ થતી હોય છે જેથી લેગિંગ્સ પહેરવી ખૂબ જરૂરી છે.

આ અંગે સ્કૂલના પ્રિન્સિપાલે જણાવ્યું કે વિદ્યાર્થિનીઓ નિશ્ચિત સ્કૂલ ડ્રેસમાં શાળાએ આવે તેવો આગ્રહ રાખવામાં આવ્યો છે. વાલીઓએ રજૂઆત કરી છે અમે તેને લઈને નિર્ણય કરીશું.

# અમદાવાદમાં ત્રણ ટેક્સટાઈલ કંપની પર ઈડીના દરોડાઃ ૧૦ કરોડથી વધુની છેતરપિંડીનો આરોપ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં ઈડીએ દરોડા પાડ્યા હતા. મળતી વિગત પ્રમાણે પૂર્વ અમદાવાદમાં ત્રણ ટેક્સટાઈલ કંપનીઓ પર ઈડીએ દરોડા પાડ્યા હતા. બેન્ક ફ્રોડ બાબતે નોંધાયેલા કેસને લઈ ઈડીએ આ કાર્યવાહી કરી હતી. શ્રી બાબા ટેક્સટાઇલ્સ, શ્રી ઓમ ટેક્સફેબ અને શ્રી લક્ષ્મી ફેબ પર દરોડા પાડવામાં આવ્યા હતા. ત્રણેય કંપનીઓ સામે સીબીઆઈમાં ગુનો નોંધાયેલો છે.

ઉલ્લેખનીય છે કે બોગસ ડોક્યુમેન્ટના આધારે ૧૦ કરોડથી વધુની છેતરપિંડી બેન્ક સાથે આચરવામાં આવી હતી. ત્રણેય કંપનીઓ હાલ ઈડીના રડાર પર આવી હતી.

સીબીઆઈએ ગુનો નોંધ્યા બાદ, હવે ઈડી દ્વારા નાણાંની ગેરકાયદેસર હેરાફેરીના પાસાઓની સઘન તપાસ કરવામાં આવી રહી છે. ઈડીની ટીમ દ્વારા કંપનીઓના કાર્યાલયો, માલિકોના રહેઠાણો અને અન્ય શંકાસ્પદ સ્થળોએ દરોડા પાડીને મહત્ત્વના દસ્તાવેજો અને ડિજિટલ પુરાવા જપ્ત કરવામાં આવ્યા હતા.

સૂત્રોના જણાવ્યા અનુસાર, આ કંપનીઓએ બેંક લોન મેળવવા માટે ખોટા એકાઉન્ટ સ્ટેટમેન્ટ, નકલી ઇન્વોઇસ અને અન્ય ખોટા દસ્તાવેજો રજૂ કર્યા હતા. બેંકમાંથી મળેલા નાણાંનું રોકાણ કરવાને બદલે, તે અન્ય કંપનીઓ અને ખાતાઓમાં ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. આ ત્રણેય કંપનીઓ રણજિત કુમાર જે. લુનિયાની માલિકીની હોવાનું કહેવાય છે.આ કંપનીઓ ગ્રે કાપડના વેપારના વ્યવસાયમાં સામેલ હોવાનું કહેવાય છે, પરંતુ તેઓએ બેંકમાંથી રોકડ ક્રેડિટ સુવિધાઓ મેળવવા માટે બનાવટી દસ્તાવેજોનો ઉપયોગ કર્યો હતો.

આ છેતરપિંડીમાં અન્ય કોઈ બેંક અધિકારીઓ કે વ્યક્તિઓની સંડોવણી છે કે કેમ તે દિશામાં ઈડીએ તપાસ શરૂ કરી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર, જો દરોડામાં વધુ નક્કર પુરાવા મળશે, તો કંપનીના માલિકો અને અન્ય જવાબદાર વ્યક્તિઓની ધરપકડ પણ થઈ શકે છે. આ કાર્યવાહીના કારણે અમદાવાદના ટેક્સટાઇલ ઉદ્યોગમાં ફફડાટ ફેલાયો હતો.

# અમદાવાદના કાલુપુરમાં સાત દુકાન ધરાશાયીઃ જાનહાનિ નહીં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના કાલુપુર બ્રિજ પર જર્જરિત થયેલી સાત દુકાનોની છત ધરાશાયી થઈ હતી. આ ઘટનાની જાણ થતાં જ ફાયર બ્રિગેડની ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી.

પિક અવર્સ દરમિયાન ઘટના બનતા કાલુપુર આસપાસ ભારે ટ્રાફિક જામ થયો હતો. સારંગપુર, ઈદગાહ બ્રિજ બંધ હોવાથી ટ્રાફિક સર્જાયો હતો. મળતી વિગત પ્રમાણે, કાલુપુર બ્રિજ પર બનેલી દુકાનો એક સાથે ધરાશાયી થતા ચકચાર મચી ગઇ હતી. શહેરનાં અત્યંત વ્યસ્ત અને ટ્રાફિકની દૃષ્ટિએ ગીચ ગણાતા કાલુપુરમાં બ્રિજ પર સાત દુકાનો ધરાશાયી થતા અફડા તફડી મચી ગઇ હતી. બ્રિજ પર બનેલી દુકાનો એક પછી એક તબક્કાવાર રીતે નીચે ખાબકી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, બ્રિજની ઉપર અને નીચે બંન્ને તરફ ટ્રાફીક હોય છે. ઉપરાંત હાલ દિવાળી પણ નજીકમાં છે જેના કારણે કાલુપુર માર્કેટમાં પહેલાથી જ ભારે ટ્રાફીક જામ રહે છે.

ઘટના અંગે માહિતી મળતાની સાથે જ ફાયર બ્રિગેડનો વિશાળ કાફલો ઘટના સ્થળે પહોંચ્યો હતો. ફાયર દ્વારા સમગ્ર વિસ્તારને કોર્ડન કરી લેવામાં આવ્યો હતો અને કામગીરી શરૂ કરવામાં આવી હતી. ઉપરાંત પોલીસનો કાફલો પણ મોટા પ્રમાણમાં ઘટના સ્થળે પહોંચ્યો હતો.

# સુરતમાં ભાજપ કાર્યાલયમાં બે કાર્યકર્તા વચ્ચે છુટ્ટા હાથની મારામારી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતમાં ભાજપ કાર્યાલયમાં બે કાર્યકર્તાઓ વચ્ચે છુટ્ટા હાથની મારામારી થઈ હતી. ભાજપના કાર્યકર્તા દિનેશ સાવલિયા કાર્યાલય આવ્યા હતા. ચા-નાસ્તાને લઈને તેમની પટાવાળા સાથે થોડી બોલાચાલી થઈ હતી.

આ બોલાચાલી અંગે પટાવાળાએ ખજાનચી શૈલેષ જરીવાલાને જાણ કરી હતી. અચાનક જ ખજાનચી શૈલેષ જરીવાલાએ દિનેશ સાવલિયા સાથે વિવાદ શરૂ કરી દીધો હતો. ઝઘડો એટલો ઉગ્ર બન્યો હતો કે, કાર્યકર્તા દિનેશ સાવલિયાએ ખજાનચી શૈલેષ જરીવાલાને જાહેરમાં લાફો ઝીંકી દીધો હતો. આ ઘટનાથી કાર્યાલયમાં હાજર અન્ય કાર્યકર્તાઓ અને હોદ્દેદારો પણ સ્તબ્ધ થઈ ગયા હતા. કાર્યાલયની અંદર જ આ પ્રકારની ઘટના બનતાં સુરતના રાજકીય વર્તુળોમાં ચકચાર મચી ગઈ હતી. સત્તાધારી પક્ષના હોદ્દેદારો અને કાર્યકર્તાઓ વચ્ચે થયેલી આ મારામારીએ પક્ષની આંતરિક શિસ્ત અને સંકલન પર ગંભીર સવાલો ઊભા કર્યા હતા. આ મામલે પક્ષ દ્વારા કોઈ શિસ્તભંગના પગલાં લેવામાં આવે તેવી શક્યતા છે. આ સમગ્ર ઘટના ભાજપ કાર્યાલયના બીજા માળે આવેલા વેઇટિંગ રૂમમાં બની હતી. શૈલેષ જરીવાલાએ દિનેશ સાવલિયાને કહ્યું હતું કે, 'હું ખજાનચી છું અને મને જ બધું જોવાનું છે, તો અહીં વધારે આંટાફેરા નહીં માર.' આ સમગ્ર ઘટના ત્યાં હાજર અન્ય કાર્યકર્તાઓ જોઈ રહ્યા હતા.

શૈલેષે દિનેશને ધક્કો મારી દીધો હતો. આ શબ્દો બોલતા દિનેશભાઈએ માનસિક સંતુલન ગુમાવ્યું હતું અને અચાનક લાફાવાળી શરૂ કરી દીધી હતી. આ સમગ્ર ઘટનાનો વીડિયો વાયરલ થયો હતો.

# અમદાવાદના ચંડોળા તળાવના અસરગ્રસ્તોનો વિરોધઃ એએમસી ઑફિસ પાસે સૂત્રોચ્ચાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના દાણીલીમડા વિસ્તારમાં આવેલા ચંડોળા તળાવમાં તંત્રએ થોડા મહિના પહેલા મેગા ડીમોલેશન કર્યું હતું. કાર્યવાહીમાં અનેક દબાણો મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા તોડી પાડવામાં આવ્યાં હતાં. થોડા સમય પહેલા અહીં વર્ષ ૨૦૧૦ પહેલા રહેતા તેમજ જેમની પાસે રહેઠાણના પુરાવા હોય તેવા લોકોને મકાન આપવા માટે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા અરજીઓ મંગાવવામાં આવી હતી. જોકે છેલ્લા એક મહિનાથી કોર્પોરેશન દ્વારા અરજી મામલે કોઈ કાર્યવાહી ન કરવામાં આવતા મ્યુનિસિપલ કોર્પોરેશનના વિપક્ષના નેતા અને દાણીલીમડા વોર્ડના કોર્પોરેટર શહેજાદ ખાન પઠાણ દ્વારા ચંડોળાવાસીઓ સાથે મણિનગર દક્ષિણ ઝોનની ઓફિસ ખાતે ઉગ્ર વિરોધ કરવામાં આવ્યો હતો. બે મહિનામાં સમગ્ર પ્રક્રિયા પૂર્ણ કરી અને ચંડોળાવાસીઓને મકાન આપવા અંગેની માગ કરી હતી.

શહેઝાદખાન પઠાણે જણાવ્યું હતું કે, ચંડોળા ખાતે ૫૦ વર્ષથી વધુ સમયથી રહેતા ભારતીય ગરીબ લોકોનાં મકાનો તોડી નાખવામાં આવ્યાં હતાં. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા વર્ષ ૨૦૧૦ની પોલિસી મુજબ ચંડોળા ખાતે ભારતીય ગરીબ લોકોને વૈકલ્પિક વ્યવસ્થાના ભાગરૂપે ઈડબલ્યુએસ આવાસ યોજના હેઠળ આવાસો આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું. મકાનો આપવા માટે અરજીઓ મંગાવવામાં આવી હતી અને મકાનો તોડ્યાને પાંચ માસથી વધુ સમય વીતી જવા છતાં હજુ સુધી તેઓને આવાસ ફાળવવામાં આવ્યા નથી. ૨૩૦૦ જેટલા નાગરિકો દ્વારા અરજી કરવામાં આવી છે પરંતુ હજી આ તમામ અરજીઓનો સમયસર નિકાલ કરવામાં આવ્યો નથી. ચંડોળા તળાવમાં જે લોકો ગેરકાયદેસર રીતે વસવાટ કરતા હતા તેમને એપ્રિલ મે મહિનાની અંદર આ વિસ્તારથી દૂર કરવામાં આવ્યા હતા. જે લોકો ૨૦૧૦ પહેલા રહેતા હોય અને તેની પાસે તેના પુરાવા હોય એ લોકોને ઇડબલ્યુએસના મકાન આપવા માટે પોલિસી જાહેર કરવામાં આવી હતી. આ ચંડોળા વિસ્તારના લોકો માટે પણ ફોર્મ બહાર પાડવામાં આવ્યા હતા અને કેમ્પ રાખીને સતત ફોર્મ ભરાવવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. એના માટે મુદત લંબાવવામાં આવી હતી. ૧૫ સપ્ટેમ્બર સુધી પુરાવા રજૂ કરવા માટે એક્સટેન્શન આપવામાં આવ્યું હતું.

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# બીએમસી ચૂંટણીને લઈને શિવસેના મહિલા આઘાડીએ ખાસ તૈયારીઓ શરૂ કરી, મહિલા મતદારોને રીઝવવાનો પ્રયત્ન

મુંબઈમાં બીએમસી ચૂંટણીઓની તારીખોની જાહેરાત દિવાળી પછી થવાની સંભાવના છે પણ રાજકીય પક્ષોએ પોતાની તૈયારીઓ શરૂ કરી દીધી છે. આગામી મ્યુનિસિપલ ચૂંટણીઓમાં, શિવસેના મહિલા મતદારો માટે એક ખાસ રણનીતિ તૈયાર કરી રહી છે. છેલ્લી વિધાનસભા ચૂંટણીમાં, મુંબઈમાં મહિલાઓએ પુરુષો કરતાં વધુ મતદાન કર્યું હતું. આને ધ્યાનમાં રાખીને, શિવસેના મહિલા આઘાડીએ મહિલાઓની ભાગીદારી અને મતદાન વધારવા માટે અનેક કાર્યક્રમો શરૂ કર્યા છે.

આમાં, તાજેતરમાં મુંબઈમાં ''મહામંગલા ગૌર સ્પર્ધા''નું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં લગભગ ૬૦૦૦ મહિલાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ૬ ઓક્ટોબરના રોજ ભારતીય વિદ્યા ભવન ખાતે એવોર્ડ વિતરણ સમારોહ યોજાયો હતો, જેમાં ગૃહ રાજ્યપ્રધાન યોગેશ કદમ મુખ્ય મહેમાન હતા.

# અકસ્માતમાં પત્નીનું મૃત્યુ: ૧૧ વર્ષ બાદ પતિને ૫૧ લાખ વળતર ચૂકવવાનો ટ્રિબ્યુનલનો આદેશ

થાણે: થાણે મોટર એક્સિડન્ટ ક્લેઇમ્સ ટ્રિબ્યુનલે (એમએસીટી) વર્ષ ૨૦૧૪માં માર્ગ અકસ્માતમાં પત્નીના મૃત્યુ બદલ પતિને ૫૧.૭૩ લાખ રૂપિયા વળતર ચૂકવવાનો આદેશ આપ્યો છે.

ટ્રિબ્યુનલના સભ્ય આર. વી. મોહિતેએ સોમવારે આપેલા પોતાના આદેશમાં નોંધ્યું હતું કે ૧૯ ઑગસ્ટ, ૨૦૨૪ના રોજ થયેલો અકસ્માત ત્રણ અલગ વાહનો (બે ટ્રક અને રિક્ષા)ના ડ્રાઇવરોની બેદરકારીને કારણે થયો હતો.

દાવેદારના વકીલ વાય.એસ. દુદુસકરે ટ્રિબ્યુનલને જણાવ્યું હતું કે થાણેની સ્કૂલમાં એક્ટિવિટી સેન્ટરની હેડ પ્રતીક્ષા બ્રાયન ડિસોઝા (તે સમયે ૨૯ વર્ષની વયની) તેના પતિ બ્રાયન ડિસોઝા સાથે ઘોડબંદર રોડ પર રિક્ષામાં જઇ રહી હતી. કોઇ પણ ડિસ્ટ્રેસ સિગ્નલ, પાર્કિંગ લાઇટ્સ અથવા અન્ય કોઇ ચેતવણીના ચિહ્નો વિના રસ્તાની વચ્ચે ઊભેલી ટ્રકથી બચવાના પ્રયાસમાં રિક્ષાએ અચાનક વળાંક લીધો હતો. એ સમયે પાછળથી પૂરપાટ વેગે આવેલી અન્ય ટ્રકે રિક્ષાને ટક્કર મારી હતી, જેને કારણે રિક્ષા બે ટ્રક વચ્ચે દબાઇ ગઇ હતી અને તેમાં પ્રવાસ કરી રહેલી પ્રતીક્ષાનું મૃત્યુ થયું હતું.

એમએસીટીએ પુરાવાઓ તપાસ્યા હતા અને ત્રણેય વાહનના માલિકો અને ડ્રાઇવરોની ૧૦૦ ટકા બેદરકારી હોવાનું નોંધ્યું હતું. વાહન ગેરકાયદે રીતે પાર્ક કરવા બદલ ટ્રકના માલિક અને ડ્રાઇવરને જવાબદાર ઠેરવવામાં આવ્યા હતા. (પીટીઆઇ)

# નાગપુર સેન્ટ્રલ જેલમાં કેદી પાસેથી ગાંજો મળ્યો

નાગપુર: નાગપુર સેન્ટ્રલ જેલમાં ૩૮ વર્ષના કેદી પાસેથી ૪૧ ગ્રામ ગાંજો મળી આવતાં તેની સામે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. કેદીની ઓળખ યશવંત બાળુ શિંદે તરીકે થઇ હોઇ તે રાયગડ જિલ્લાનો રહેવાસી છે અને એ કેસમાં તે જેલમાં સજા ભોગવી રહ્યો છે. યશવંત શિંદેની સોમવારે અચાનક તબિયત લથડતાં તેને તપાસ માટે ગવર્નમેન્ટ મેડિકલ કોલેજ એન્ડ હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યો હતો.

ધંતોલી પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે હોસ્પિટલમાંથી તેને પાછો જેલમાં લાવવામાં આવ્યા બાદ તેની પાસેથી ગાંજો મળી આવ્યો હતો, જે રૂમાલમાં છુપાવાયો હતો.

ધંતોલી પોલીસે યશવંત શિંદે વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હોઇ તેણે હોસ્પિટલમાં કોની પાસેથી અને કેવી રીતે ગાંજો મેળવ્યો હતો, તેની તપાસ કરવામાં આવી રહી છે.

# નદીના પાણીમાં ઝેર ભેળવવા સામે વિરોધ કરનારા પ્રૌઢની હત્યા: ત્રણ જણ ઝડપાયા

પાલઘર: પાલઘર જિલ્લામાં નદીના પાણીમાં ઝેરી પદાર્થ ભેળવવા સામે વિરોધ કરનારા પંચાવન વર્ષના પ્રૌઢની હત્યા કરવામાં આવી હતી. સોમવારે આ ઘટના બની હતી અને મોખાડા પોલીસે ગુનો દાખલ કરીને ૧૨ કલાકમાં ત્રણ જણની ધરપકડ કરી હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું. મૃતકની ઓળખ નવાસુ લડક્યા ફુફાણે તરીકે થઇ હોઇ તે મોખાડા તાલુકાના સતુર્લી ગામમાં રહેતો હતો. વૈતરણા નદીમાં માછલી મારવા માટે ત્રણ જણ ઝેરી પદાર્થ ફેંકી રહ્યા હતા ત્યારે મૃતકે તેનો વિરોધ કર્યો હતો. પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ યતિશ દેશમુખે જણાવ્યું હતું કે આરોપીઓની ઓળખ જિતેન્દ્ર ઉર્ફે જીતુ જયરામ પાટીલ (૩૧), રિતેશ ઉર્ફે ગુડ્ડુ તુકારામ પાટીલ (૨૩) અને પ્રમોદ ઉર્ફે પન્યા ચિંતામણ વઘડિ (૨૫) તરીકે થઇ હતી. ત્રણેય સતુર્લી ગામના રહેવાસી છે. ત્રણેય આરોપીએ નવાસુને ગાળો ભાંડી હતી અને ત્યાર બાદ નવાસુ તથા તેના પુત્ર પર લાઠીથી હુમલો કર્યો હતો. તેમણે બાદમાં નવાસુને રસ્સીથી બાંધ્યો હતો અને ખેંચીને તેને ગામમાં લઇ જઇ ત્યાં પણ તેની મારપીટ કરી હતી, જેમાં ગંભીર ઇજાને કારણે તેનું મૃત્યુ થયું હતું.

દરમિયાન નવાસુના પુત્રએ આ પ્રકરણે મોખાડા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદને આધારે પોલીસે ગુનો દાખલ કર્યો હતો અને આરોપીઓને પકડવા માટે ટીમ તૈયાર કરી હતી.

# મહારાષ્ટ્રના જાલનામાં પશુઓની હેરફેર કરતી વખતે સાત પર હુમલો

જાલના: મહારાષ્ટ્રના જાલનામાં ગાયોને કતલખાને લઈ જવાનો આરોપ લગાવીને પુરુષોના એક જૂથે પશુઓનું પરિવહન કરી રહેલા સાત વ્યક્તિઓ પર હુમલો કર્યો હોવાનું પોલીસે જણાવ્યું હતું. મંગળવારે તહેસીલ પોલીસે હુમલાના સંદર્ભમાં ૧૦ થી ૨૦ અજાણ્યા લોકો સામે કેસ નોંધ્યો હતો. ૬૨ વર્ષીય ફરિયાદી નિસાર પટેલના જણાવ્યા મુજબ, તેમના માલિક પદમ રાજપૂતે છત્રપતિ સંભાજીનગરના ફુલંબરી તાલુકામાં એક સાપ્તાહિક બજારમાંથી ૨૧ બળદ ખરીદ્યા હતા, અને પશુઓને લાતુર જિલ્લામાં લઈ જવામાં આવી રહ્યા હતા. પશુઓને લઈ જતાં વાહનો જાલના તાલુકાના લોંડેવાડી ગામમાં પહોંચ્યા, ત્યારે કેટલાક વ્યક્તિઓના જૂથે તેમને અટકાવ્યા અને ટ્રાન્સપોર્ટરો પર પશુઓને કતલ માટે લઈ જવાનો આરોપ લગાવ્યો હતો, એમ ફરિયાદીએ જણાવ્યું હતું. પ્રાણીઓ ખેતી માટે છે અને ટ્રાન્સપોર્ટરો પાસે માન્ય ખરીદી દસ્તાવેજો હોવાનું કહેવામાં આવ્યું હોવા છતાં, જૂથે કથિત રીતે તેમને લાકડીઓથી નિર્દયતાથી માર માર્યો હતો. બાદમાં પોલીસ ઘટનાસ્થળે પહોંચી અને ઘાયલોને બચાવ્યા અને ઢોરને જપ્ત કર્યા હતા, જેને ગૌશાળામાં ખસેડવામાં આવ્યા હતા. જોકે, ફરિયાદ મુજબ, આ જ જૂથે પોલીસની હાજરીમાં ગૌશાળામાં પીડિતો પર હુમલો પણ કર્યો હતો. એક સ્થાનિક સામાજિક કાર્યકર્તાએ દાવો કર્યો હતો કે પોલીસે શરૂઆતમાં પીડિતોની અટકાયત કરી હતી અને પ્રાણીઓ પ્રત્યે ક્રૂરતા નિવારણ અધિનિયમ હેઠળ તેમની સામે કેસ દાખલ કર્યો હતો. બાદમાં પોલીસે અજાણ્યા વ્યક્તિઓ સામે કેસ નોંધ્યો હતો. ફરિયાદીએ એવો પણ આરોપ લગાવ્યો હતો કે પોલીસે તેમને લગભગ ૧૨ કલાક સુધી અટકાયતમાં રાખ્યા હતા.

# બીએમસી દ્વારા બે લાખ લોકોને આપત્તિ વ્યવસ્થાપનની તાલીમ

મુંબઈ: મુંબઈ મહાનગરપાલિકાએ ૬.૯ ની તીવ્રતાના ધરતીકંપ અને સુનામીના સંભવિત જોખમને ધ્યાનમાં રાખીને તેની તૈયારીઓ વધારી દીધી છે. એક અધિકારીએ જણાવ્યું કે, તેમણે ૨ લાખથી વધુ લોકોને આપત્તિ વ્યવસ્થાપનમાં તાલીમ આપી છે અને રીઅલ-ટાઇમ પ્રતિભાવ ક્ષમતાને મજબૂત કરવા માટે તેના સર્વેલન્સ નેટવર્કમાં એઆઇનું સંકલન કર્યું છે.

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન પણ બહુ-જોખમી જોખમ મૂલ્યાંકન હાથ ધરી રહ્યું છે, જેમાં નોંધવામાં આવ્યું છે કે મુંબઈ રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ (એનડીએમએ) દ્વારા ઓળખાયેલા ૨૧ થી ૨૨ સંભવિત જોખમોનો સામનો કરી રહ્યું છે.

ડિઝાસ્ટર મેનેજમેન્ટ વિભાગના ચીફ ઓફિસર રશ્મી લોખંડેએ જણાવ્યું હતું કે બીએમસી આપત્તિ વ્યવસ્થાપનની મૂળભૂત બાબતો, પ્રાથમિક સારવાર અને શોધ અને બચાવ કામગીરી અંગે લોકોને વર્ષભર તાલીમ આપી રહી છે. ''મુંબઈના આપત્તિ જોખમની ધારણાને ધ્યાનમાં રાખીને, અમે નાગરિક વસ્તીને સતત તાલીમ આપી રહ્યા છીએ. અત્યાર સુધીમાં, બે લાખથી વધુ લોકોને આપત્તિ પ્રતિભાવ (ડિઝાસ્ટર રિસ્પોન્સ) માટે તાલીમ આપવામાં આવી છે,'' લોખંડેએ જણાવ્યું હતું.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, તેના ચાલુ ડિજિટલ પરિવર્તનના ભાગરૂપે, બીએમસી એ ૫૦૦ સીસીટીવી કેમેરાની ઓળખ કરી છે જેને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ અને મશીન લર્નિંગ સિસ્ટમ્સ સાથે અપગ્રેડ કરવામાં આવશે જેથી આગ, મકાન ધરાશાયી થવું અથવા પાણીની પાઇપલાઇન ફાટવા જેવી ઘટનાઓ આપમેળે શોધી શકાય અને તાત્કાલિક કંટ્રોલ રૂમને ચેતવણી આપી શકાય.

નવમા પાનાનું ચાલુ

## ભાજપમાં હાઇ-વોલ્ટેજ

ચૂંટણીઓ આવી રહી છે. આ ચૂંટણીઓની પૃષ્ઠભૂમિમાં નરેન્દ્ર મોદીની મુંબઈ મુલાકાતનું મહત્ત્વ વધી ગયું છે.

મુંબઈ મહાનગરપાલિકા પર છેલ્લાં ઘણાં વર્ષોથી શિવસેનાની સત્તા રહી છે. છેલ્લાં કેટલાક વર્ષોમાં, મુંબઈ એટલે ઠાકરેની શિવસેના એવું સમીકરણ ઊભું થયું છે. મુંબઈમાં એક મોટો વર્ગ એવો છે જે શિવસેના પ્રમુખ બાળાસાહેબ ઠાકરેમાં માને છે. મુંબઈ એટલે મરાઠી લોકો અને મરાઠી લોકો એટલે ઠાકરે, એવી લાગણી મરાઠી લોકોમાં છે. પરંતુ છેલ્લાં કેટલાક વર્ષોમાં ભાજપ ઠાકરેની શિવસેનાને નબળી પાડવામાં સફળ રહ્યો છે. શિવસેના પક્ષમાં મોટા ભાગલા પડ્યા. આ પછી, મામલો કોર્ટ અને ચૂંટણી પંચ સુધી ગયો. શિવસેનાના વડા ઉદ્ધવ ઠાકરેએ સત્તા ગુમાવી. પક્ષે પણ ઘણું ગુમાવ્યું. પક્ષનું નામ અને પ્રતીક પણ ઠાકરે પાસે નથી. આ પછી, ભાજપ હવે ઉદ્ધવ ઠાકરે પાસેથી મુંબઈ મહાનગરપાલિકા છીનવી લેવાનો પ્રયાસ કરી રહી છે. આ માટે, ભાજપ એક મોટી રણનીતિ બનાવી રહી છે.

ગત મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણીમાં ભાજપે શિવસેનાને કઠિન ટક્કર આપી હતી. પરંતુ આ વખતે મુંબઈ મહાનગરપાલિકામાં સત્તા મેળવવા માટે ભાજપ પોતાના શ્રેષ્ઠ પ્રયાસો કરી રહી છે. આવી સ્થિતિમાં નરેન્દ્ર મોદી પોતાના ધારાસભ્યો, સાંસદો અને પ્રધાનોને શું સૂચનાઓ આપે છે? તે જોવું મહત્ત્વપૂર્ણ છે.

## જોગેશ્વરીમાં

ઘરમાં નાસ્તો કરી રહ્યો હતો ત્યારે બહારથી કોઇની બૂમો સંભળાઇ હતી. આથી હું ઘરની બહાર નીકળ્યો ત્યારે નિર્માણાધીન ઇમારત નજીક લોકોની ગિરદી નજરે પડી હતી. હું નજીક ગયો ત્યારે મારી પુત્રી સંસ્કૃતિ લોહીલુહાણ હાલતમાં નજરે પડી હતી. સંસ્કૃતિને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં લઇ જવામાં આવી હતી, જ્યાં ડોક્ટરોએ તપાસીને તેને મૃત જાહેર કરી હતી.

અનિલ અમિને જણાવ્યું હતું કે તેની પુત્રીએ હોટેલ મેનેજમેન્ટનો કોર્સ પૂરો કર્યો હતો અને ગયા સપ્તાહથી તે બૅંકમાં કામ કરી રહી હતી.

## પુણેમાં સ્કૂલ બસ

ટૂ-વ્હીલર આવી જતાં ડ્રાઇવરે ઇમરજન્સી બ્રેક મારીને બસ થોભાવી દીધી હતી. એ સમયે સ્ટીલના સળિયા લઇને આવી રહેલી મિની ટ્રક પાછળથી સ્કૂલ બસ સાથે ભટકાઇ હતી, જેને કારણે સળિયા બસમાં ઘૂસી ગયા હતા. અન્ય એક વાહન પણ મિની ટ્રક સાથે ભટકાયું હતું, એમ પોલીસે જણાવ્યું હતું. ઉરુલી કંચન પોલીસ સ્ટેશનના સિનિયર ઇન્સ્પેક્ટર શંકર પાટીલે જણાવ્યું હતું કે આ અકસ્માતમાં આઠ વિદ્યાર્થી અને મહિલા અટેન્ડન્ટને ઇજા પહોંચતાં તેમને સારવાર માટે હોસ્પિટલમાં લઇ જવાયાં હતાં. સારવાર બાદ તેમને ડિસ્ચાર્જ કરવામાં આવ્યાં હતાં. અકસ્માતમાં ટૂ-વ્હીલરનો ચાલક પણ ઘાયલ થયો હતો અને હોસ્પિટલમાં તેની સારવાર ચાલી રહી છે, એમ પાટીલે કહ્યું હતું.

## કાંદિવલીના ફ્લેટમાંના

ટ્રેડિંગની વેબસાઇટની તપાસ કરતાં ત્રણ મહિનામાં શેર્સની ખરીદી-વેચાણનું ૬૧૫ કરોડનું ટર્નઓવર થયું હોવાનું જણાયું હતું.

ક્રાઇમ બ્રાન્ચ યુનિટ-૧૧ના અધિકારીઓએ ધરપકડ કરેલા ત્રણેયની ઓળખ કાંદિવલીના વિરલ પ્રવીણ પારેખ (૪૮), બોરીવલીના સોહનલાલ બનવારીલાલ કુમાર (૨૮) અને કાંદિવલીના જિગર પ્રકાશ સંઘવી (૩૯) તરીકે થઇ હતી. ત્રણેયને કોર્ટમાં હાજર કરાતાં તેમને પોલીસ કસ્ટડી ફટકારાઇ હતી. પોલીસ આ પ્રકરણે વધુ તપાસ કરી રહી છે.

ક્રાઇમ બ્રાન્ચના અધિકારીને માહિતી મળી હતી કે કાંદિવલી પશ્ચિમમાં સુભાષ લેન ખાતેની દ્વારકેશ સોસાયટીમાં ઇમારતના એક ફ્લેટમાં સેબીના અધિકૃત લાઇસન્સ વિના એનએસઇ/એમસીએક્સ એક્સચેન્જ પર અમુક લોકો ગેરકાયદે ટ્રેડિંગ કરી રહ્યા હોવાની માહિતી મળ્યા બાદ પોલીસની ટીમે કાર્યવાહી કરવાનું નક્કી કર્યું હતું.

દરમિયાન એનએસઇ/એમસીએક્સના અધિકારીઓની મદદથી પોલીસ ટીમે સોમવારે બપોરના ઉપરોક્ત ફ્લેટમાં રેઇડ પાડી હતી, જ્યાં ત્રણેય જણને તાબામાં લેવામાં આવ્યા હતા. ઘટનાસ્થળેથી પોલીસે ટ્રેડિંગ માટે ઉપયોગમાં લેવાતી સામગ્રી જપ્ત કરી હતી. આરોપીઓએ ગેરકાયદે ટ્રેડિંગ થકી સરકારની આઠ લાખથી વધુની મહેસૂલી આવક ડુબાડી હોવાનું જાણવા મળ્યું હતું. તેઓ ૨૨ જેટલા ગ્રાહક પાસેથી પાસેથી કમ્પ્યુટર પર ટ્રેડિંગ કરતા હતા.

## 'ઝુંડ' ફિલ્મના

ઘણીવાર સાથે દારૂ પીતા હતા. મંગળવારે મોડી રાતે સાહુની મોટરસાઇકલ પર બંને જણ દારૂ પીવા માટે જરીપટકા વિસ્તારમાં એક બંધ ઘરમાં ગયા હતા. બુધવારે વહેલી સવારે પ્રિયાંશુ ઘાયલ અવસ્થામાં મળી આવ્યો હતો.

દારૂ પીતી વખતે બંને વચ્ચે ઝઘડો થયો હતો અને સૂતા પહેલા પ્રિયાંશુએ દારૂના નશામાં સાહુને ધમકી આપી હતી, એવો આરોપ છે.

સાહુએ વાયરથી પ્રિયાંશુને બાંધી દીધો હતો અને બાદમાં તેના પર તીક્ષ્ણ હથિયારથી હુમલો કર્યો હતો, એમ પોલીસ અધિકારીએ કહ્યું હતું.

વહેલી સવારે ત્રણ વાગ્યે સ્થાનિકોએ પ્રિયાંશુને ઘાયલ અને અર્ધનગ્ન અવસ્થામાં જોયો હતો. તેને વાયરથી બાંધવામાં આવ્યો હતો.

દરમિયાન સ્થાનિકોએ આની જાણ પોલીસને કરતાં અધિકારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે આવી પહોંચ્યા હતા. પ્રિયાંશુને બાદમાં નજીકની હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યો હતો, જ્યાં સારવાર દરમિયાન તેનું મૃત્યુ થયું હતું.

નાગપુરના લુંબિની નગર વિસ્તારમાં પ્રિયાંશુ રહેતો હતો. પોલીસે આ પ્રકરણે હત્યાનો ગુનો દાખલ કરીને સાહુની ધરપકડ કરી હતી. પ્રિયાંશુ અને સાહુ ગુનાહિત રેકોર્ડ ધરાવતા હતા અને તેમની સામે ચોરી અને હુમલાના કેસ ચાલી રહ્યા હતા. (પીટીઆઇ)

# જૈન મરણ

### દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન

જૂનાગઢ નિવાસી, હાલ મુંબઈ, પ્રદીપ કાંતિલાલ દેસાઈ (ઉં.વ. ૭૯) તે અર્ચનાબહેન (અરુણાબહેન)ના પતિ. સમીર, જેસીકા, હિરલના પિતા. સેજલ, પીયુષ, સૌમિલના સસરા. સ્વ. ભગવનાદાસ જૂઠાણીના જમાઈ. કમલેશ, પ્રજ્ઞેશ, માધુરી, વર્ષાના ભાઈ. તા. ૮-૧૦-૨૫, બુધવારના અરિહંતશરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

### ખંભાત વિશા શ્રીમાળી જૈન

શ્રીમતી મનીષાબેન તે વિપુલભાઈ શાહના ધર્મપત્ની (ઉં.વ. ૫૨) તથા ઝલકના માતુશ્રી. તા. ૭-૧૦-૨૫ના રોજ અરિહંતશરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા તા. ૮-૧૦-૨૫ના ગુરુવારે ૫થી ૭. ભાઈઓ તથા બહેનોની સાથે રાખેલ છે. સ્થળ: શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન હોલ, ૫મે માળે, એસ.વી. રોડ, બાલભારતી સ્કૂલની સામે, કાંદિવલી (વેસ્ટ). નિવાસસ્થાન: ૪૦૯, ધનમહાલ ૪થે માળે, એન.એલ. સ્કૂલની સામે, એસ.વી. રોડ, મલાડ (વેસ્ટ).

### વાગડ વિ. ઓ. જૈન

ગામ સુવઈના સ્વ. રમાબેન સતરા (ઉં.વ. ૮૫) તા. ૬-૧૦-૨૫ના રોજ અવસાન પામેલ છે. સ્વ. ધનીબેન મેકણનાના પુત્રવધૂ. સ્વ. ગાંગજીના ધર્મપત્ની. કાંતિલાલ, હસમુખ, ગીરીશ, જવેર, દમયંતીના માતુશ્રી. મંજુલા, ગુણવંતી, હંસા, હસમુખ, અમૃતલાલના સાસુ. પરીન, પ્રતીક, કાર્તિક, ઋતુજ, પ્રિતી, હીના, જેમીની, વૃત્તિકાના દાદી. વણોઈના લખમાબેન સાંગણ મુરજી શાહના દીકરી. પ્રાર્થનાસભા ૯.૧૦.૨૫ના ૧૦.૩૦ થી ૧૨. સ્થળ: ટીપટોપ પ્લાઝા, થાણા -વેસ્ટ.

### ઘોઘારી વિશા શ્રીમાળી જૈન

ઠળિયા નિવાસી હાલ મલાડ સ્વ. ધીરજલાલ ચત્રભુજ શાહના ધર્મપત્ની વસંતબેન (ઉં.વ. ૮૬) તા. ૭-૧૦-૨૫, મંગળવારના અવસાન પામેલ છે. તે લલીતભાઈ તથા વીણાબેન નરેન્દ્રકુમાર તથા દર્શનાબેન ભરતકુમાર તથા નીલાબેન શાહના માતુશ્રી. હીનાબેન લલિતભાઈના સાસુ. મીત લલિતભાઈ શાહના દાદી. નિષ્ઠા મીત શાહના મોટા સાસુ. પિયર પક્ષે ભાવનગર નિવાસી હાલ નાસિક શાંતિલાલ ગોપાલજી શાહના બેન. સ્વ. વિમળાબેન જયંતીલાલ, સ્વ. મંછાબેન વિનેચંદ અને સ્વ. અનંતરાયના ભાભી. લૌકિક વ્યવહાર રાખેલ નથી. રહેઠાણ: ૪૦૨, સ્વપ્નસૃષ્ટિ, રામચંદ્ર લેન કોર્નર, મલાડ વેસ્ટ.

### કચ્છી વિશા ઓશવાળ જૈન

નવીનારના કુ. રચના જવાહર સોનાણી/વોરા (ઉં.વ. ૪૪) તા. ૬-૧૦-૨૫ના અવસાન પામેલ છે. રતનબેન કાનજી ભવાનજીના પૌત્રી. વડાલા વિમળાબેન પ્રેમજી હીરજીના દોહીત્રી. ભાવનાબેન જવાહરના સુપુત્રી. સેજલની બેન. પ્રા : શ્રી માટુંગા ક.શ્વે.મૂ.જૈન સંઘની નારાણજી શામજી વાડી (ટા. ૪ થી ૫.૩૦).

સુવઇના રમાબેન સત્રા (ઉં.વ. ૮૫) તા. ૬-૧૦-૨૫ના અવસાન પામેલ છે. ધનીબેન મેકણ ધના સત્રાના પુત્રવધૂ. સ્વ. ગાંગજીના પત્ની. કાંતિલાલ, હસમુખ, ગીરીશ, જવેર, દયમંતીના માતુશ્રી. વણોઇના સ્વ. ચોથીબેન, લખમાબેન સાંગણ મુરજી શાહના દીકરી. ખેતશી, પોપટ, વેરશી, જેતી, સતી, ગોરી, પુનઈ, હિરૂ, બુધ્ધી, પુરીબેનના બેન. પ્રા. : ટીપટોપ પ્લાઝા, થાણા (વે). ટા. : સવારે ૧૦.૩૦ થી ૧૨.

વાંકીના રતનબેન ગાલા (ઉં.વ. ૮૮) તા. ૭-૧૦-૨૫ના મુંબઇમાં અવસાન પામેલ છે. ગાંગજીના પત્ની. ઉમરબાઇ આસારીયા દનાના પુત્રવધૂ. કુસુમ, વસંત, દીપીન, દીના, નયનાના માતુશ્રી. પત્રીના મેઘબાઇ દેવરાજ ટોકરશીના સુપુત્રી. લક્ષ્મીચંદ, સાકરબેનના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. દિના ગડા, કાવેરી, ૧૩-૪૧૨, ચીંચોલી બંદર રોડ, મલાડ (વેસ્ટ).

ગુંદાલાના ચંચળબેન ભીમશી દેઢિયા (ઉં.વ. ૮૩) તા. ૭-૧૦-૨૫ના મરણ પામ્યા છે. તેજબાઈ નેણશી ચાંપશીના પુત્રવધૂ. ભીમશીના પત્ની. કિશોર, હરીશ, રાજેશ, વિમળાના માતુશ્રી. વડાલા લીલબાઈ ડુંગરશી દેવરાજના પુત્રી. રવજી, રતનશી, લક્ષ્મીચંદ, ગાંગજી, ગુંદાલા જેઠીબાઈ વીરજી, પત્રી લક્ષ્મી રામજી, કપાયા દેવકાં મોરારજી, કુંદરોડી વસુમતી મણીલાલ, પાટણ નયના બાબુલાલ, કપાયા રતનબાઈ પાસુ, ગુંદાલા નાનબાઈ નાનજી, પત્રી પાનબાઈ ધારશીના બેન. ગુણાનુવાદ સભા રાખેલ નથી. નિ. : ચંચળબેન ભીમશી, રૂમ નં.૧૮, ઈન્દુભવન, રાનડે રોડ, દાદર, મું. ૨૮.

ગઢસીસાના માતુશ્રી મેઘબાઈ દામજી શામજી શાહ/ગડા (ઉં.વ. ૧૦૧) ૬-૧૦-૨૫ના અરિહંત શરણ પામ્યા છે. દામજી શામજીના ધર્મપત્ની. ચંદ્રકાંત, વસંતલાલ, રતીલાલ, દિલીપ, રસીલા, જ્યોતી, હેમાના માતુશ્રી. દેવપુરના કોરઈબાઈ કુંવરજી મુરજીના પુત્રી. દેવપુરના નાનજી, હાંસબાઈ/વસુબેન ડુંગરશી, ગોમીબાઈ ચાંપશીના બેન. પ્રા. યોગી સભાગૃહ, દાદર. ટા. ૩ થી ૪.૩૦.

### શ્રી સ્થાનકવાસી જૈન

ચિતલ નિવાસી હાલ દહિસર, વસુમતીબેન મહેતા (ઉં.વ. ૮૯), તા. ૭/૧૦/૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. શશીકાંત મગનલાલ મહેતાના પત્ની. જાગૃતિ, અલ્કા વિજય દેસાઈ, રેણુકા રાજકુમાર સોની, હિતેશના માતુશ્રી. સ્વ. ચંપકભાઈ, સ્વ. મનહરભાઈ, બટુકભાઈ, સ્વ. શારદાબેનના ભાભી. સરસઇ નિવાસી સ્વ. ધીરજલાલ ગીરધરલાલ દોશીની દીકરી. પ્રાર્થનાસભા તા. ૯/૧૦/૨૫ના ગુરુવારે ૪ થી ૬. શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન ઉપાશ્રય, એલ. ટી. રોડ, ડાયમંડ ટોકીઝની સામે, બોરીવલી વેસ્ટ.

### દશાશ્રીમાળી સ્થાનીકવાસી જૈન

જયસિંગપુર નિવાસી, હાલ બોરીવલી, પ્રફુલભાઈ શાહ (ઉં.વ. ૭૮) તા. ૬-૧૦-૨૫ના અરીહંતશરણ પામ્યા છે. સ્વ. વલ્લભદાસ કેશવજી શાહના સુપુત્ર. તે મીરાબેનના પતિ. મિહિર, નીતલ અને મેઘનાના પિતા. વિપુલ શેઠ અને આદર્શ પારેખના સસરા. પ્રીશા, દિતી અને ભવતીના નાનાજી. નાથલાલ મોતીચંદ ઠોસાણીના જમાઈ. પ્રાર્થનાસભા રાખેલ નથી અને લૌકિક વ્યવહાર બંધ છે.

### દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન

જોષીપરા જૂનાગઢ હાલ મલાડ, ચેતનભાઇ કોઠારી (ઉં.વ. ૫૭) તા. ૬/૧૦/૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે ગં. સ્વ. જશવંતીબેન હરસુખલાલ મગનલાલ કોઠારીના પુત્ર. રૂપાબેનનાં પતિ. ફોરમ જયકુમાર વોરા અને રુષભના પિતા. પ્રીતિ ધર્મેશકુમાર મહેતા અને ચિરાગ (પિન્ટુ)ના મોટાભાઈ. ગોં. સં. ધર્મિલાબાઈ સ્વામીના સંસારી ભાણેજ. સાવરકુંડલાવાળા સ્વ. કનૈયાલાલ વૃજલાલ વોરાના જમાઈ. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૦/૧૦/૨૫ના ૧૦ થી ૧૨. કાંદિવલી મોટો ઉપાશ્રય, પારેખ લેન કોર્નર, એસ.વી. રોડ, કાંદિવલી (વે). ચક્ષુદાન કરેલ છે.

### દશાશ્રીમાળી સૌરાષ્ટ્ર સ્થાનકવાસી જૈન

ચિતલ નિવાસી હાલ પૂના, સ્વ. ભાવિન મહેતા (ઉં.વ. ૫૨) તા. ૮/૧૦/૨૫ને બુધવાર અરિહંતશરણ પામેલ છે. તે ઇન્દિરાબેન તથા ધીરજલાલ ત્રંબકલાલ મહેતાના સુપુત્ર. દીપકભાઈ તથા હિતેશભાઈના નાનાભાઈ. મીનલના પતિ. કરણ તથા નિહાલના પિતા. કૈલાસબેન તથા સ્વ. સુરેશભાઈ કાલિદાસશાહના જમાઈ. તેમની પ્રાર્થનાસભા શુક્રવાર, તા. ૧૦-૧૦-૨૫ના ૧૧ થી ૧૨. અહિંસાભવન, દાદાવાડી, પૂના ખાતે.

# હિન્દુ મરણ

### કચ્છી લોહાણા

સ્વ. સીતાબેન વસનજીભાઈ કારિયા (ગામ ખોંભડી, હાલ મુલુંડ)ના મોટા પુત્રવધૂ પુર્ણિમાબેન શિરીષ કારિયા (ઉં.વ. ૬૬) તા. ૭-૧૦-૨૫, મંગળવારના રામશરણ પામેલ છે. તે સ્વ. કલાવતીબેન જમનાદાસ ચંદે (ગામ નલિયા)ની વચેટ પુત્રી. જય અને કરનના મમ્મી. પૂજા અને દિપાના સાસુ. સ્વ. મીનાબેનના જેઠાણી. ગં.સ્વ. હંસાબેન પ્રવીણભાઈ કતિરા, ગં.સ્વ. જયશ્રીબેન તુલસીદાસ ચોથાણી, બિપિનભાઈ, કામીનીબેન દીપકભાઈ સોમેશ્વરના ભાભી. આધ્યા, ત્રિષીકાના દાદી. બંને પક્ષની પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૯-૧૦-૨૫ના ૫.૩૦થી ૭. પ્રાર્થનાસ્થળ: શ્રી જીવરાજ ભાણજી સભાગૃહ, અશોક નગર હોલ, નાહૂર રોડ, મેહુલ સિનેમા પાસે, મુલુંડ (વેસ્ટ). (લૌકિક વ્યવહાર બંધ છે.)

### કચ્છી લોહાણા

કચ્છ ગામ ખોંભળીના હાલ ચુનાભઠ્ઠી (મુંબઈ), સ્વ. રામજીલાલજી કારિયાના પુત્ર કેશવજી (ઉં.વ. ૮૪) તે કરમશી પરસોત્તમ સોમેશ્વર (કલકતા)ના જમાઈ. સ્વ. સાવિત્રીબેનના પતિ. હિતેન કમલેશના પિતા. મીરાબેન તથા દર્શનાબેનના સસરા. સ્વ. નર્મદાબેન, સ્વ. કમળાબેન, પ્રભાબેન, સ્વ. સીતાબેન, કુસુમબેન, તારાબેન, ઉષાબેન, ભાવનાબેન તથા જ્યોત્સનાબેનના ભાઈ. તા. ૬-૧૦-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે, તેમની પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૯-૧૦-૨૫ના ૫થી ૭. રાષ્ટ્રીય શાળા બેન્કવેટ હોલ, ગ્રાઉન્ડ ફ્લોર, ઉપાશ્રયલેન, ઘાટકોપર (ઈસ્ટ). (લૌકિક વ્યવહાર બંધ છે.)

### પરજિયા સોની

સોની જસવંતલાલ ધનજીભાઈ સાગર (જેસરવાળા) (ઉં.વ. ૮૭) તા. ૨-૧૦-૨૫ના દેવલોક પામ્યા છે. સ્વ. તારાબેનના પતિ. ભારતીબેન વિનોદકુમાર ચોકસી, નરેશભાઈ, વિજયભાઈ, છાયાબેન નિમીષકુમાર શાહના પિતા. આશાબેન, ચંદ્રીકાબેનના સસરા. રિદ્ધિ ઉન્નતિ, કરણ, કિંજલના દાદા. સ્વ. જમનાદાસ પિતાંબરદાસ ધકાણ (લાઠીવાળા)ના જમાઈ. હિતેશ, જિગ્નેશ, મનશ્રી, હર્ષના નાના. તેમની પ્રાર્થનાસભા તા. ૯-૧૦-૨૫, ગુરુવારના ૫થી ૬. સોનીવાડી, શિંપોલી રોડ, બોરીવલી (વેસ્ટ).

### જનક્ષત્રિય ભાવનગરી

હાથબ નિવાસી, હાલ-મુંબઈ, ગં.સ્વ. પ્રભાવતીબેન ચતુરભાઈ ચાવડા (ઉં.વ. ૮૬) ૬-૧૦-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. ચતુરભાઈના પત્ની. તે અ.સૌ. ઈલાબહેન, ડૉ. વિજયભાઈ, કૌશિકભાઈના માતુશ્રી. ડૉ. જયંતકુમાર ગોહિલ, અ.સૌ. ડૉ. સુનીતા, અ.સૌ. ઉષાના સાસુ. મલ્લિકા, ડૉ. પંક્તિ, વૈભવના દાદીમા. ડૉ. અમીષ, દેવાંશી, જાન્હવીના નાનીમા. ગં.સ્વ. વનિતાબેનના જેઠાણી. તેમની પ્રાર્થનાસભા તા. ૧૦-૧૦-૨૫ના ૪થી ૬. સેવા સદન સોસાયટી (મલબારી હોલ), ૩૦/૩૧, પંડિતા રમાબાઈ રોડ, ગામદેવી, મુંબઈ-૪૦૦૦૦૭ (ગામદેવી ટેલિફોન એક્સચેન્જ સામે).

### ઘોઘારી લોહાણા

મૂળ ગામ કોટડા-પીઠ હાલ બોરીવલી, ચેતનભાઈ (ઉં.વ. ૫૮) તા. ૪/૧૦/૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. પ્રેમિલાબેન તથા સ્વ. જયંતીલાલ વસાણીના પુત્ર. રીટાબેનના પતિ. નીરવ અને વિવેકના પિતા. શાંતિલાલ વેલજીભાઇ માખેચાના જમાઈ. જ્યોતિબેન મુકેશકુમાર ઉનડકટના ભાઈ. લૌકિક વ્યવહાર બંધ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી.

### લોહાણા

સૌ. આશાબેન બુધીલાલ લાખાની (ઉં. વ. ૮૫) ૧-૧૦-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. ઠાકર્સી નાંજી લાખાનીના પુત્રવધૂ. સ્વ. કિસનદાસ હરિદાસ ધાબલીવાલાના પુત્રી. તે કેયુર અને મીતાના માતાશ્રી. શીતલ અને સુશીલના સાસુ તે ઉત્સવીના દાદી અને ખુખ્ખુ અને શ્રુતવના નાની. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

### સોરઠીયા બ્રહ્મક્ષત્રિય (મોઢ વણિક)

ઘાટકોપર નિવાસી સ્વ. મોંઘીબેન ભગવાનદાસ જગડના પુત્રી હાલ માટુંગા રેખાબેન હરીશભાઈ વોરા (ઉં. વ. ૭૨) શનિવાર, ૪-૧૦-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે હસમુખભાઈ, મહેન્દ્રભાઈ, સ્વ. કિશોરભાઈ, કીર્તિભાઈ, મહેશભાઈ, ચંદ્રકાંતભાઈ, વિજયભાઈ, શારદાબેન પડીયા, સ્વ. કપિલાબેન ધીરજલાલ શાહ, ભારતીબેન મામતોરા, રેખાબેન મણીયારના બહેન. મનીષા, મુકેશ, રૂપલ, નીશા, નિકીતાના ફઈ. ભાવના અને મયંકના માસી. સર્વ લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

### હાલાઈ ભાટીયા

અ. સૌ. રશ્મિબેન રમેશભાઈ સંપટના ધર્મપત્ની તે કેતન, ધર્મેશ, મયુરાના માતુશ્રી. અલ્પા, બીના તથા આરતીના સાસુ. તે સ્વ. જેઠાલાલ આશર તથા સ્વ. કુસુમબેન આશરના દીકરી ૭-૧૦-૨૫, શુક્રવારના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા ૧૦-૧૦-૨૫ના ૫ થી ૬, નિવાસસ્થાને રાખેલ છે. ઓમ સૈહ્યાદ્રી હાઈટ્સ, બિલ્ડીંગ નંબર ૩૫, ૧૬મા માળે, ભાજી ગલ્લી, શિવાજી ટેકનીકલની પાસે, ઘાટકોપર (ઈ).

### લાડ વણીક

સ્વ. હસમુખલાલ રતનલાલ પરીખ (ઉં. વ. ૯૩) ૫-૧૦-૨૫ના દેવચરણ પામ્યા છે. તે ગં. સ્વ. શાંતીબેનના પતિ. કેતન તથા બદ્રીશ પરીખના પિતા. સ્વ. ભગવતીલાલ, સ્વ. રમણલાલ, સ્વ. બંસીલાલના ભાઈ. ભરત બંસીલાલ પરીખ, ગં. સ્વ. બેલા ભૂપત હરસોરા અને અ. સૌ. રોશની સંજય શાહના કાકા. કમલ કાપડીયા, પંકજભાઈ કાપડીયા, નિકુંજ કાપડીયાના બનેવી. ઠે. પવન બાગ, ૭/૭ પવનબાગ મલાડ (વે). લૌકિક વ્યવહાર બંધ છે.

### ઘોઘારી દશાશ્રીમાળી વૈષ્ણવ વણિક

તળાજા નિવાસી હાલ પૂના અ. સૌ. રેખા હરેશભાઈ પારેખ (ઉં. વ. ૫૯) ૬-૧૦-૨૫, સોમવારના શ્રીજીચરણ પામ્યા છે. તેઓ રસીકલાલ કાળીદાસ પારેખ અને કિરણબેનના પુત્રવધૂ. સ્વ. રામદાસભાઈ શાહ અને સ્વ. લીલાબેનના પુત્રી. હર્ષલ અને જશના માતુશ્રી. હેમંત, ભામિની, ફાલ્ગુની, માલાના ભાભી. સતીષભાઈ, સુનીલભાઈ, દેવીન્દ્રાબેન, મંગળાબેન, શોભનાબેન, મનીષાબેનના બહેન. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે. સરનામું: હરેશ રસીકલાલ પારેખ, બી-૭૦૫, ગ્લોરિયા, પરાંજપે સ્કીમ્સ, બાવધાન, પુણે.

### ૪૨ ગામ કડવા પાટીદાર

મૂળ ગામ ભુવેલ તા. ખંભાત હાલ ગોરેગાંવ સ્વ. કિશોરભાઈ પ્રભુદાસ પટેલ તથા સ્વ. કુનાબેન પટેલના પુત્રવધૂ મધુબેન પટેલ (ઉં.વ. ૮૨) તા. ૮-૧૦-૨૫ના બુધવારે શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. મણીભાઈ પટેલના પત્ની. અંબુભાઈ, ગોરધનભાઈ, સ્વ. ગુણવંતભાઈ, ભાસ્કરભાઈ, વિમુબેન, વિનંતાબેન, કુસુમબેન તથા મીનાબેનના ભાભીશ્રી. દિપેશ અને વૈશાલીના માતુશ્રી. મિત્સુ અને કશ્યપકુમારના સાસુજી. સ્વ. ભાઈલાલભાઈ જેકનદાસ પટેલના પુત્રી. પ્રાર્થનાસભા તા. ૧૦-૧૦-૨૫, શુક્રવારના ૫ થી ૭. સરદાર વલ્લભભાઈ પટેલ હોલ, એસ. વી. રોડ, જવાહર નગર, સીટી સેન્ટરની સામે, ગોરેગાંવ વેસ્ટ.

### દશા લાડ વણિક

મુંબઈ નિવાસી ગામ બારડોલી, પ્રવિણચંદ્ર

# પારસી મરણ

બેહનાઝ દરયશ ઈરાની (ઉં. વ. ૫૭) ૭-૧૦-૨૦૨૫ના ગુજરી ગયા છે. જે દરયશ બેહરામ ઈરાનીના પત્ની. તે મરહુમ સોહરાબ ફોરૂઘ અને મરહુમ કૈઝર ફોરૂઘનાં દીકરી. તે ડેલનાઝ, જૈહાનના મમ્મી. તે ચિનુરના સાસુ. તે દિલનવાઝ કરંજિયાના સિસ્ટર-ઈન-લૉ. તે જહાંગીર, નાઝનાં બહેન. ઉઠમણું ૯-૧૦-૨૦૨૫ના. ઠે. ૩૦૨, સેઠના મેન્શન, ખેતવાડી દસમી ગલી, ગ્રાન્ટ રોડ, મુંબઈ-૪૦૦૦૦૪.

એરવદ ઝરીર બરજોર પંથકી તે મરહુમ ઓસ્તી યાસમીના ધની. તે મરહુમો ઓસ્તી નાજુ એરવદ બરજોર પથંકીના દીકરા. તે બેધીન આનાહીતા ને બેધીન હાવોવીના ભાઈ. તે અશીશના ફુઆ. તે માહાતાબ, ઝીનયા, પ્રતીભા ને સાઈરસના મામા. તે એરવદ બરજોર દસ્તુર ને ઓસ્તી દાયાના બનેવી. (ઉં. વ. ૬૯) ઠે. ૧૧, ચોકસી બિલ્ડીંગ, ૭૨૧-એ, પારસી કોલોની, દાદર, મુંબઈ-૪૦૦૦૧૪. ઉઠમણાની ક્રિયા તા. ૯-૧૦-૨૦૨૫ને દીને બપોરે ૩-૪૦ વાગે બનાજી લીમજી અગ્યારીમાં છેજી.

રતી રૂસ્તમજી પારદીવાલા તે મરહુમો હીરાબાઈ રૂસ્તમજી પારદીવાલાના દીકરી. તે કેતી કીરોલ તથા મરહુમો એમી, ધન, રતન, મોની, તેહમી, ફેનીના બહેન. તે ખુરશીદ જે સુરાલીવાલાના ફુઈ. તે હેમાવનદ બેહરામ નામદરીયાનના માસી. (ઉં. વ. ૧૦૪) ઠે. ૫/૧૧, તાતા કોલોની, બીજે માળે, તારદેવ રોડ, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ-૪૦૦૦૩૪. ઉઠમણાની ક્રિયા: તા. ૯-૧૦-૨૦૨૫ના દીને બપોરે ૩-૪૦ વાગે બાતલીવાલા અગ્યારી, તારદેવ પર.

રતી ધનજીશા તોદીવાલા તે દીનશાજીના ધન્યાની. તે મરહુમો નાજામાય એરચશા તોદીવાલાના દીકરી. તે મરહુમ શીરાઝના માતાજી. તે પરવેઝના સાસુજી. તે મરહુમો ફરેદુન, બેહરામ, સીલ્લુ ને બાનુના બહેન. તે બુરઝીનના મમઈજી. (ઉં. વ. ૮૭) ઠે. બિલ્ડીંગ નં. ૧૧, રૂમ નં. ૮એ, ત્રીજે માળે, જુની ખરેગામ કોલોની, હ્યુજીસ રોડ, મુંબઈ-૪૦૦૦૦૭. ઉઠમણાની ક્રિયા: ૯-૧૦-૨૦૨૫ના દીને બપોરે ૩-૪૦ વાગે ઉપરની ભાભા નં. ૧ બંગલીમાં છેજી.

હોમાય રૂસ્તમ નેજાબેટ (ઉં. વ. ૮૭) ૮-૧૦-૨૦૨૫ના ગુજરી ગયા છે. તે રૂસ્તમ હોર્મઝદિયર નેજાબેટના પત્ની. તે મરહુમ શેહરિયર પશ્તૂનઝેદાહ અને મરહુમ મોરવારી પશ્તૂનઝદાહનાં દીકરી. તે ફિરોઝા, હોર્મઝદ, સોહરાબ, મરહુમ રોશનના મમ્મી. તે અસ્પીન્દીયર નામદાર ઈરાનીના પુત્રવધૂ. તે કૈઝાદ, સુઝેનના ગ્રાન્ડ મધર, તે જમશેદ, અરદેશિર, મરહુમ મહેરાબૂન, મરહુમ પરવીનનાં બહેન. ઉઠમણું ૧૦-૧૦-૨૦૨૫ના. ઠે. સી/૨૧, બાઈ જૈરબાઈ બાગ, ભાયખલા (ઈ), મું.-૨૭.

---

સાકરલાલ શાહ (ઉં.વ. ૯૦) તા. ૭/૧૦/૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે જ્યોત્સનાબેનના પતિ. તે નીલા, આશીકા, હેરત અને ફેનલના પિતાશ્રી. સુનિલ, બીરેન, ઉર્વી, અપેક્ષાના સસરા. અંકિત, રુચિ, નિરજા, મિરીકા, શૈલેજા, પ્રિશા, પ્રેરિકા, વૃત્તિના દાદા, પ્રાર્થનાસભા તા. ૯/૧૦/૨૫ના ગુરુવાર ૫ થી ૭. કોરકેન્દ્ર હોલ, ફ્લાયઓવરની સામે, મેકડોનાલ્ડની પાછળ, આર. એમ.ભટ્ટડ. માર્ગ. બોરીવલી વેસ્ટ.

### કપોળ

જાફરાબાદવાળા હાલ બોરીવલી, સ્વ. કાન્તાલક્ષ્મી દ્વારકાદાસ ગોકળદાસ ગોરડીયાના પુત્ર હસમુખરાઈ ગોરડીયાના ધર્મપત્ની અ.સૌ. જ્યોત્સનાબેન (ઉં.વ. ૭૦) મંગળવારના ૭ ઓક્ટોબર ૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. નિરવ-વૈશાલી, ભાવના પુનિતકુમાર ભટ્ટ, શીતલ પરેશકુમાર વોરાના માતા. સ્વ. જસુમતિબેન રસિકલાલ, રશ્મીબેન સ્વ. દિલીપભાઈ, સ્વ. દિંતાબેન ચંપકલાલ, સ્વ. જ્યોતિબેન નગીનદાસ, સ્વ. નલિનીબેન મધુસુદન, સૌ. ચારુબેન અશોકકુમાર, મીનાક્ષીબેન અજીતકુમાર, ભારતીબેન સતિષકુમાર, સૌ. હર્ષાબેન અરુણકુમારના ભાભી. પિયરપક્ષ સ્વ. ગુલાબબેન કેશુરદાસ પારેખના દીકરી. બંને પક્ષોની પ્રાર્થનાસભા તા. ૯ ઓક્ટોબર ૨૦૨૫ના ગુરુવાર ૫:૦૦ થી ૭:૦૦. આંગણ ક્લાસિક હોલ, પહેલો માળ, કેન્ટ ગાર્ડન બી, ટી.પી.એસ. રોડ, ફેક્ટરી લેનના જંકશન પર, એમ.કે. સ્કૂલની નજીક, બોરીવલી પશ્ચિમ.

### ઝાલાવાડી સઈ સુથાર જ્ઞાતિ

ગઢડા નિવાસી હાલ નાલાસોપારા, સ્વ. અમૃતલાલ પરસોત્તમદાસ માંડલીયા (ઉં.વ. ૮૭) તા. ૪/૧૦/૨૫ શનિવારના શ્રીજીચરણ પામ્યા છે. તે જયાબેનના પતિ. રજનીકાંત અને પુષ્પાબેનના પિતા. સ્વ. નાગરદાસ, સ્વ. બાબુભાઈ, ડાયાભાઈના નાનાભાઈ, ગં. સ્વ. જયાબેન, સ્વ. વિમળાબેન, ગં. સ્વ. ભાનુબેનના મોટાભાઈ. ચેતનાબેન તથા હર્ષદભાઈ મનસુખલાલ સોલંકીના સસરા. મોહનભાઈ હરજીવનભાઈ પરમારના જમાઈ. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૦/૧૦/૨૫ શુક્રવારના ૪ થી ૬. કરસન લધુ નિસર જૈન ધર્મસ્થાનક, તુલિંજ રોડ ચાર રસ્તા, રામદેવ જંબો ઝેરોક્ષની ઉપર, ત્રીજે માળે, નાલાસોપારા ઇસ્ટ.

### કચ્છી લોહાણા

મૂળ ગામ કચ્છ, અંજાર હાલ મુંબઈ, અરુણ ઠક્કરના ધર્મપત્ની. સ્વ. કેશવજી વીરજી ઠક્કરના પુત્રવધૂ. સ્વ. મનોરમાબેન, સ્વ. પ્રભાવતીબેન, સ્વ. નિર્મળાબેન તથા સૌ. સુશીલાબેનના ભાભીશ્રી. સ્વ. બચુબાઇ જાદવજી પ્રેમજી ચંદેના સુપુત્રી. સ્વ. અરુણભાઈ, સ્વ. સુરેશભાઉ તથા સ્વ. વર્ષાબેનના બેનશ્રી. મીનલના માતુશ્રી. અ.સૌ. ભારતી અરુણ ઠક્કર, તા. ૭-૧૦-૨૫ના શ્રીરામશરણ પામ્યાછે. તેમની બન્ને પક્ષની પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

### ભટ્ટ મેવાડા બ્રાહ્મણ

રાયગઢ નિવાસી હાલ મુંબઈ, ઉપેન્દ્રભાઈ પૂનમલાલ પંડ્યા (ઉં.વ. ૮૨) સ્વ. સરલાબેનના પતિ. હેમાંગીનીબેન, હેમંતભાઈ, સ્વ. બકુલભાઈ, ચિરાગભાઈના પિતા. સંજયભાઈ, યોગિનીબેન, રેણુકાબેનના સસરા. હરીલાલ શંકરલાલ ભટ્ટના જમાઈ. મૈત્રી, ચિન્મય, કૃતિ, હની, ટ્વિંકલ, શિવમના દાદા તા. ૪/૧૦/૨૫ શનિવારના શ્રીએકલિંગજીની શરણે થયા છે. તેમની પ્રાર્થનાસભા તા. ૯/૧૦/૨૫ ગુરુવાર સાંજે ૫.૦૦ થી ૭.૦૦. નિર્વાણ બંગલો પાર્ટી પ્લોટ, નંબર ૬૫, રોડ આરએસસી ૨૦, ચારકોપ, સેક્ટર ૯, એમટીએનએલની પાછળ, કાંદીવલી (પ).

### હાલાઈ લોહાણા

કુવાડવા રાજકોટ નિવાસી હાલ મુંબઈ, સૌ. હીરા કોટેચા તા. ૮-૧૦-૨૫ના બુધવારના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. અનસૂયા તથા સ્વ. વિસનજી કોટેચાના પુત્રવધૂ. સ્વ. કાશી તથા સ્વ. જીવનજીભાઈ પટેલની પુત્રી. જયેશ કોટેચાની પત્ની. કિરણભાઈ, શૈલેષભાઈ તથા રાજેશ અને સંજયની ભાભી. પલ્લવી મહેન્દ્ર સેજપાલ, ડિમ્પલ યોગેશ પોપટ, યોગિતા મુકેશ ચંદ્રાણીની ભાભી. પૂજા અને ફોરમની મમ્મી. પ્રાર્થનાસભા તા. ૯-૧૦-૨૫ ૫:૦૦ થી ૭:૦૦. શ્રી ઘાટકોપર બ્રાહ્મણ સમાજ, ૧લો માળો, સમાજ ભવન, જોશી લેન, એમ.જી. રોડ, ઘાટકોપર પૂર્વ.

---

**મરણ ખબર માટેની સૂચના** | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક

# લાડકી

## કથા કોલાજ

કાજલ ઓઝા-વૈદ્ય
feedback.ladki@bombaysamachar.com

# મારા પિતાની જેમ માઈકલ પણ દવાઓનો વ્યસની થઈ ગયો હતો

(ભાગ: ૪)

નામ: લીસા મેરી પ્રેસ્લી

સમય: ૨૦૨૩, ૧૨ જાન્યુઆરી

સ્થળ: યુસીએલએ વેસ્ટ વેલી મેડિકલ સેન્ટર, લોસ એન્જલસ, કેલિફોર્નિયા, યુનાઇટેડ સ્ટેટ્સ

ઉંમર: ૫૪ વર્ષ

**માઈકલ** જેક્સન એક રહસ્યમય પાત્ર રહ્યો. એના ફેન્સ પણ એના વિશે ખાસ કંઈ જાણતા નહોતા. એની જિંદગી બહુ ‘ઈન્સ્યુલેટેડ’ બંધ અને કંટ્રોલ્ડ હતી. અમે જ્યારે લગ્ન કર્યાં, ૨૬ મે, ૧૯૯૪... ત્યારે અમારાં લગ્નને એક પબ્લિસિટી સ્ટંટ કહીને ચગાવવામાં આવ્યાં. લોકોને લાગ્યું કે, માઈકલ ઉપર લાગેલા ‘ચાઈલ્ડ મોલેસ્ટેશન’ના આરોપને ખોટો સાબિત કરવા માટે એના જીવનમાં એક સ્ત્રી હોવી જોઈએ જેથી એ નોર્મલ છે એવી વાત ફેન્સ અને મીડિયાના ગળે ઉતારી શકાય. આવી કોઈ સ્ત્રી એના જીવનમાં આવે, એ પણ જો એલ્વિસ પ્રેસ્લીની દીકરી (એક પોપસ્ટારની પુત્રી) હોય, જેની એક સાફસુથરી ઈમેજ હોય અને એની પાસે એના પિતાનો વારસો હોય તો માઈકલને મોટી મદદ મળી રહે... એવા વિચારથી આ લગ્ન કરવામાં આવ્યા છે એવું મીડિયા વારંવાર કહેતા રહ્યા, પરંતુ એ સત્ય નથી. હું માઈકલને સાચે જ પ્રેમ કરતી હતી! સાચું પૂછો તો એની એકલતા જોઈને મને મારા પિતા યાદ આવતા. હું જ્યારે જ્યારે અન્ય લોકોને એનો ફાયદો ઉઠાવતાં જોતી ત્યારે મને દરેક વખતે એલ્વિસ પ્રેસ્લીની આસપાસ રહેલા લોકોએ એનો જે ગેરફાયદો ઉઠાવ્યો એ યાદ આવતું. મારા પિતાની જેમ માઈકલ પણ દવાઓ પર આધારિત થઈ ગયો હતો. મેં એને રોકવાનો, એના જીવનને બદલવાનો ખૂબ પ્રયાસ કર્યો, પરંતુ હું સફળ ન થઈ શકી એ વાતનો મને આજે પણ અફસોસ છે. હું માઈકલને પરણી ત્યારે બે બાળકોની મા હતી. ડેની કીઓથી જન્મેલાં બે સંતાનો, રાઈલી અને બેન્જામિન... જ્યારે માઈકલ તરત જ બાળકો ઈચ્છતો હતો! ખરેખર તો માઈકલ નહીં, એની ટીમ ઈચ્છતી હતી કે માઈકલ તરત જ પિતા બને જેથી એના ઉપર લાગેલો આરોપ ખોટો સાબિત થઈ શકે. હું તરત જ બાળક નહોતી ઈચ્છતી કારણ કે, અમે એકમેકને સમજી શકીએ, આ લગ્ન ટકશે કે નહીં એ સમજાય નહીં ત્યાં સુધી બાળકને જન્મ આપવો યોગ્ય નથી એવું મને લાગતું હતું. સમય સાથે અમારી વચ્ચે મતભેદ વધવા લાગ્યા. માઈકલ અનેક દવાઓ લેતો. એ કઈ દવાઓ લેતો એ મને જણાવવામાં આવતું નહીં. એનો સ્ટાફ માઈકલની મુવમેન્ટ કે એના દિવસનું રૂટિન મારી સાથે શેર કરતા નહીં. એટલું ઓછું હોય એમ હું જ્યારે પણ એને મળવાનો પ્રયત્ન કરતી કે એની સાથે સમય વિતાવવાનો પ્રયત્ન કરતી ત્યારે દરેક વખતે મને ટાળવામાં આવતી, એવું કહેવામાં આવતું કે માઈકલ બહુ વ્યસ્ત છે. એની ‘નેવર લેન્ડ’ રાન્ચમાં કોઈપણ બાળકને પ્રવેશ મળતો, પરંતુ માઈકલ ત્યાં હોય ત્યારે મારે ત્યાં પ્રવેશ કરતા પહેલાં અગાઉથી મંજૂરી લેવી પડતી... અમારી વચ્ચે ઝઘડા વધવા લાગ્યા. છેલ્લે ૧૯૯૫માં મેં એનું ઘર છોડી દીધું, ૧૯૯૬માં અમે ઓફિશિયલી છૂટાછેડા લીધા, ત્યારે મેં કહ્યું હતું, ‘મેં એની પત્ની બનવા માટે મારો પૂરો પ્રયત્ન કરી જોયો, એને સમજવાનો, સહારો આપવાનો, પણ પ્રયાસ કર્યો, પરંતુ અમારી વચ્ચે એવા મતભેદ છે જે હવે સુધરી શકે એમ નથી. માઈકલની આજુબાજુના લોકો એને કોઈની પણ સાથે સારી રીતે નહીં જીવવા દે કારણ કે એમને માટે એમનો સ્વાર્થ બહુ મહત્ત્વનો છે.’

માઈકલ સાથે છુટા પડ્યાં પછી ૧૯૯૬થી શરૂ કરીને ૨૦૦૨ સુધી મેં એકલાં રહેવાનું પસંદ કર્યું. મારા સંતાનોને ઉછેરવામાં મેં મારી પૂરી શક્તિ અને સમય નાખી દીધા. હું જાણું છું કે, માઈકલ સાથેના મારા સંબંધો દરમિયાન બેન્જામિન ઉપર ઊંડી અસર થઈ હતી. ડેની સાથેના ડિવોર્સથી પણ બેન્જામિન હચમચી ગયો હતો. જોકે, ૧૯૯૬માં અમે છુટા જરૂર પડ્યા, પરંતુ માઈકલ સાથેનો સંબંધ ક્યારેય સંપૂર્ણપણે તૂટી શક્યો નહીં. અમે ભાવનાત્મક રીતે એકમેક સાથે જોડાયેલાં રહ્યાં. એ જ્યારે પણ નવું મ્યુઝિક બનાવતો ત્યારે મને ફોન કરીને સંભળાવતો. હું અવારનવાર એને ઘેર જતી... એણે એડોપ્ટ કરેલા બાળકો સાથે અમે રમતાં. માઈકલ વારંવાર કહેતો કે, ‘ધે આર ગોઈંગ ટુ કિલ મી.’ હું આ વાતથી બહુ વિચલિત થઈ જતી. આ ‘ધે’ એટલે કોણ એ વાત માઈકલે ક્યારેય સ્પષ્ટ ન કરી, પરંતુ મને હંમેશાં એવું લાગ્યું છે કે માઈકલની આસપાસ રહેલા લોકો-એનો સ્ટાફ, એના મિત્રો અને એના ડોક્ટર્સ પણ, માઈકલનું ભલું ઈચ્છતા નહોતા. જોકે, આ વાત હું જ્યારે માઈકલને કહેતી ત્યારે અમારી વચ્ચે ઝઘડા થઈ જતા... અંતે, એની આસપાસના લોકોએ જ એનો જીવ લીધો એમ હું કહું તો એ વાત જરાય ખોટી નથી.



લીસા મેરી પ્રેસ્લી - માઈકલ જેક્સન

માઈકલથી છુટા પડ્યા પછી હું જ્યારે સંતાનોને ઉછેરી રહી હતી ત્યારે મેં લોસ એન્જલસમાં ઘર લીધું. એ જ સમય દરમ્યાન મને જાણે એલ્વિસનો આત્મા ગાઈડ કરતો હોય એમ મેં મારું પોતાનુ સંગીત બનાવવાની શરૂઆત કરી. મારું પહેલું જ આલ્બમ સફળ રહ્યું અને ત્યારે જ હું નિકોલસ કેજને મળી. તેમને મૂનસ્ટ્રક અને રાઇઝિંગ એરિઝોના (બંને ૧૯૮૭) માં તેમની ભૂમિકાઓ માટે વિવેચનાત્મક સફળતા મળી, ત્યારબાદ નાટકીય ફિલ્મ ‘‘લીવિંગ લાસ વેગાસ’’ (૧૯૯૫) માટે શ્રેષ્ઠ અભિનેતાનો એકેડેમી એવોર્ડ મળ્યો. કોમેડી-ડ્રામા ફિલ્મ ‘‘એડેપ્ટેશન’’ (૨૦૦૨) માં જોડિયા ચાર્લી અને ડોનાલ્ડ કૌફમેનની ભૂમિકા ભજવવા બદલ તેમને ઓસ્કાર-નોમિનેટેડ કરવામાં આવ્યા હતા. અમે ઓસ્કાર એવોર્ડની સેરેમનીમાં મળ્યા. મને લાગ્યું કે, હું એના તરફ આકર્ષાઈ છું. હજી મને કશું સમજાય એ પહેલાં નિકોલસે લગ્નની દરખાસ્ત કરી. અમે ઉતાવળમાં લગ્ન કરી લીધા, પરંતુ એ લગ્ન ટકી શક્યા નહીં. લગ્નના બીજા જ દિવસે અમે ઝઘડ્યા, હું હોટેલના રૂમ છોડીને મારે ઘરે આવી ગઈ. ફક્ત ૧૦૮ દિવસમાં એ લગ્ન તૂટી ગયાં... અમે ડિવોર્સની અરજી કરી દીધી. જોકે, ડિવોર્સ થયા પછી નિકોલસે મને સમજાવવાનો, મનાવવાનો ઘણો પ્રયાસ કર્યો, પરંતુ ત્રણ લગ્નથી હું થાકી ગઈ હતી. મને કંઈ જ સમજાતું નહોતું. એ દરમ્યાન મારાં જાણીતાં ગીતો અને આલ્બમ્સ બજારમાં આવ્યાં. મને લાગ્યું કે, જાણે મને મારા જીવનનો રસ્તો જડી ગયો છે. હું મારા સંગીત પર કામ કરતી હતી ત્યારે મારી મુલાકાત માઈકલ લોકવુડ સાથે થઈ. માઈકલ એક ગિટારિસ્ટ અને મ્યુઝિક પ્રોડ્યુસર હતા. અમે એક સાથે કામ કરવાં લાગ્યા. માઈકલ એવા જાણીતા કે અમીર નહોતા, પરંતુ એમનામાં સંગીતની એક ઊંડી સમજ હતી, અથવા એ વખતે એવું મને લાગ્યું!

માઈકલ સાથે મેં ૨૦૦૬માં લગ્ન કર્યાં. આ લગ્ન વખતે બેન્જામિન ૧૪ વર્ષનો હતો. બેન્જામિન મારા પર ખૂબ આધારિત હતો. નિકોલસ સાથેના લગ્ન વખતે પણ એણે વિરોધ કર્યો હતો, પરંતુ ત્યારે એ નાનો હતો. હવે એ ટીનએજર હતો અને એની માને કોઈની પણ સાથે વહેંચી શકે એવી એની માનસિક પરિસ્થિતિ નહોતી. આજે વિચારું છું તો મને સમજાય છે કે, મારાં આ લગ્નોને કારણે બેન્જામિનના મન પર ખૂબ ઊંડી અસર થઈ હશે. હું જે રીતે મારી માને મારા પિતાના મૃત્યુ માટે જવાબદાર માનું છું, એવી જ રીતે બેન્જામિન પણ મને ભીતરથી ક્યાંક ધિક્કારતો હશે?

એ વખતે મેં બેન્જામિનને સમજાવવાનો ખૂબ પ્રયાસ કર્યો. એ માન્યો તો નહીં જ... પરંતુ, એ ૧૪ વર્ષનો હતો એટલે એકલો રહી શકે એમ નહોતો. એ અમારી સાથે રહેતો, પરંતુ એણે કદી માઈકલને સ્વીકાર્યો નહીં. સચ્ચાઈ તો એ છે કે, મારી બે ટ્વિન દીકરીઓ હાર્પર અને ફિનલેના જન્મ વખતે મેં બેન્જામિનને અત્યંત દુઃખી અને એકલવાયો જોયો છે.

અંતે, બેન્જામિન સાચો પૂરવાર થયો. માઈકલ વિશેના એના તમામ ભય સાચા હતા એ વાતની ખબર મને છેક ૨૦૧૬ સુધી પડી જ નહીં... હું બેન્જામિનને સતત સમજાવતી રહી કે, માઈકલ સારો માણસ છે અને એને ચાહે છે! પરંતુ, ૨૦૧૬માં જ્યારે પહેલીવાર મને જાણ થઈ કે, માઈકલે મારા એકાઉન્ટ્સમાં છેડછાડ કરીને ઘણા પૈસા ઉચાપત કર્યા છે ત્યારે મોડું થઈ ચૂક્યું હતું. ૨૦૧૬માં મેં છૂટાછેડાની અરજી કરી. મામલો વિવાદાસ્પદ થઈ ગયો, મીડિયાએ ખૂબ ચગાવ્યો. પૈસા, બાળકોની કસ્ટડી અને ડ્રગ્સની આદતો સાથેની ઘણી વિગતો મીડિયામાં ઉછાળવામાં આવી. અંતે, ૨૦૨૧માં છૂટાછેડા થયા તો ખરા, પણ ઘણી ખુવારી પછી...

૨૦૨૧માં થયેલા છૂટાછેડા પછી બેન્જામિનની સ્થિતિ ઓર ખરાબ થઈ ગઈ. એ વધુ ઉશ્કેરાયેલો રહેવા લાગ્યો. મારી સાથે ઝઘડતો, ઘર છોડી દેતો અને વારંવાર મારે એને શોધવા નીકળવું પડતું... એક દિવસ એ આવી જ રીતે જતો રહ્યો ને પછી કદી આવ્યો જ નહીં!

(ક્રમશઃ) ■

## લાફ્ટર આફ્ટર

પ્રજ્ઞા વશી
feedback.ladki@bombaysamachar.com

# પડી પટોળે ભાત

‘સાંભળો છો? કામના સમયે તમારા કાનમાં બહેરાશ કેમ આવી જાય છે? પડોશમાંથી નેહાબહેન કે રજનીબહેનનો અવાજ તો તમને દૂરથી પણ સંભળાઈ જાય છે. એક મારે જ તમને બરાડા પાડીને બોલાવવાના અને છતાં પાછળથી ધબ્બો પડે પછી જ તમને મારી વાત સમજમાં આવે છે. અને હા, જમવાનું પીરસ્યું છે એમ હું ખૂબ ધીમે રહીને બોલું તો પણ ભાઈને તરત જ સંભળાઈ જાય છે અને તરત દોડતા આવીને ડાઇનિંગ ટેબલ પર ગોઠવાઈ જાય છે.’



આટલા લાંબા ભાષણ પછી પણ વસંતભાઈની વસંત ખીલી નહીં અને સાંભળ્યું ન હોય એમ છાપામાં મોં નાખીને બેસી ગયા. પણ વસંત સાથે રહીને રમાબહેન કળા કરતાં થઈ ગયાં હતાં. એમણે ધીમે રહીને ઝાપટવાનું શરૂ કર્યું અને સાવ ધીમેથી બબડવાનું શરૂ કર્યું.

‘સવારના પહોરમાં રજનીથી કોઈના ઘરે આવીને આવી વાત કરવાની હોય? વસંતભાઈ તો કે’વા પડે... થી શરૂ કરીને વસંત... વસંત... વસંત... કરીને માથું ખાઈ ગઈ.’

અને એ સાથે છાપું પડતું મૂકીને વસંતભાઈ બોલ્યા, ‘હેં...? તે રજનીબહેન આવ્યાં હતાં? ક્યારે? કેટલા વાગ્યે? મારું કંઈ કામ હતું?’

અને એ સાથે જ રમાબહેને તરત જ વસંતભાઈને ધબ્બો મારતાં કહ્યું, ‘વસંત, રજનીબહેનનું નામ પડતાં જ તારા કાન કેવા સરવા થઈ ગયા? અને ક્યારની હું તને વસંત... વસંત... (બરાડા પાડીને) કરીને જોરથી બોલાવતી હતી. છતાં મારી સામે જોતો પણ નહોતો.’

‘એ તો બિચારી રજની...(ખાલી રજની જ બોલવું હતું. પણ રમાના ડોળા જોયા પછી) એટલે કે રજનીબહેન બિચારી થોડી સાજી માંદી ચાલે છે. તે જરા કાલે ખબર પૂછી આવેલો.’

‘અને હા, ખબર પૂછવાને બહાને ઘરની સફાઈ પણ કરી આપેલી. ખરું ને?’

‘ના ના, સાવ એવું નહીં.’

‘તો પછી કેવું?’

‘એ તો સ્ત્રી સન્માનની ભાવના. તો આપણે જરા...’

‘તે તારી સ્ત્રી સન્માનની ભાવના ઘરની આ રમા નામની કામવાળી પ્રત્યે કેમ પ્રગટ નથી થતી?’

ફરી એક ધબ્બો પ્રસાદ રૂપે આપતાં એને ઘણા દિવસનો ઊભરો કાઢતાં આગળ ચલાવ્યું. ‘હું માંદી હતી ત્યારે પાસે બેસીને પૂછેલું કે એક કપ ચા મૂકી આપું? ચાલ તને રસોઈમાં અને સફાઈમાં મદદ કરું... અને પેલી રજનીડીને વારેવારે મદદ કરવા માર્કેટમાંથી શાક લાવી આપવું, કામવાળી શોધી આપવી, બેન્કમાં કામ કરવાથી લઈ દવા લેવા અને દવા પીવડાવવા સુધીનાં પવિત્ર કામો કરવાની તાકાત અને હોંશ વિશે આખા ગામમાં વાત થાય છે. કાલે જ પેલી મીનાની સાસુ મળેલી. તે કહેતી હતી કે અલી રમા, તારો વસંત તો રાતે ના ખીલે એટલો દહાડેના ખીલે છે. એને જરા દાબમાં રાખજે. મેં પૂછ્યું કાકી, કેમ આવું બોલો છો? તો કહે કે આ તો મારી આંખે જોયું એટલે કહું છું. બાકી હું કોઈની વાત કાન ઉપર લેતી નથી. તમે કહ્યું કે કાકી, જરા ખૂલીને વિસ્તારથી કહો ને. તો મને સમજાય ને? પછી તો છી.. છી...! એમણે જે કહ્યું એ સાંભળીને તો મને પિયર જતાં રહેવાનું જ મન થઈ આવ્યું.’

‘પણ શું કહ્યું એ તો કહે.’

‘એમણે કહ્યું કે તારો વસંત એની લીલોતરી બીજાનાં ઘરમાં પાથરે છે અને તને ખબર સુદ્ધા નથી. રજની, નેહાબહેન અને નાકેની સીમાને તો મફતના ભાવે એક એજ્યુકેટેડ કામવાળો ઘરથી લઈ બેન્ક સુધીનાં કામ કરી આપે છે અને તે પણ મફતમાં! નોકરીમાંથી વી.આર.એસ. શા માટે લીધું એ મને આજે સમજાય છે.’ અને ફરી એક ધબ્બો બાકાયદા રમાએ લગાવી જ દીધો અને સાથે મોટેથી પોક પણ મૂકી કે ‘મારો તો ભવ બગડી ગયો... હે પ્રભુ! આવી વસંત તેં શા માટે આપી કે જે મારા માટે તો પાનખર જેવી બની ગઈ છે!’

‘જો બહેન, વાત એમ છે કે...’ એમ સાંત્વન આપતાં વસંત બોલવા જ ગયો કે રમાએ ફરી મોટેથી પોક મૂકી.

‘જોયું? જોયું? હવે મને રમા ઉપરથી સીધી બહેન બનાવી દીધી અને રજનીને, નેહાડીને ડાર્લિંગ બનાવી દીધી. હે પ્રભુ! આવા દિવસ જોવા તેં મને જીવતી રાખી છે?’

‘જો બહેન, સોરી રમા... આવો પ્રલાપ વધારે પડતી ટીવી સીરિયલ જોવાથી તારામાં પ્રગટ થયો છે. બાકી તું સમજે છે કે પેલી મીનાની સાસુ કહે છે એવું મારે કોઈ સાથે કશું નથી. મારે તો બધી જ સ્ત્રી મા - બહેન સમાન જ છે.’

‘જોયું? જોયું? હૈયે તેવું હોઠે આવી જ ગયું ને? મને પણ તમે તમારી મા - બહેનની ગણતરીમાં મૂકી દીધી. પચાસ વર્ષ પહેલાંની રમા ડાર્લિંગ હવે મા - બહેન બની ગઈ ને પેલી તારી હગલીઓ હવે ડાર્લિંગ! એમ જ ને કે પછી બીજું કંઈ?’

‘જો રમા... (ડાર્લિંગ તો ધરાર ન જ બોલાયું) તું કહે તો પેલી કામવાળા પ્રોવાઇડ કરનારી એજન્સીમાં ફોન કરીને સ્વીટ મેરી, મોનિકા, હેલન જેવી કામવાળી બોલાવી આપું. કે જે મેં રજનીજી તેમજ નેહાજીને બોલાવી આપી હતી. એ બિચારી રજનીજીનું તો છે જ કોણ? ને ને હજી તો બિચારી...’

‘બસ બસ વસંત, પારકાં બૈરાને જી... જી... લગાવવાનું બંધ કર અને પેલી હેલન, સ્વીટ મેરી ને મોનિકાને શું મારે અહીં ઘરમાં ડાન્સ કરાવવાનો છે? કે પછી તારે એ ડાન્સ જોવો છે? વસંત, કાન ખોલીને સાંભળી લે. આ વર્ષે આખા ઘરની સફાઈ દિવાળી પહેલાં તારે જ પતાવવાની છે. ગૂગલ પે કરીને તારે ઘરમાં ડાન્સ બાર નથી ખોલવાનો કે નથી ઘરની બહાર જવાનું. ગામ આખામાંથી તારી પ્રવૃત્તિઓનો અહેવાલ મળ્યા બાદ હવે તારી બાનો પણ આવો જ મેસેજ આવ્યો છે કે વસંતને હવે વધારે ખીલવા દેતી નહીં. નહીંતર ભર વસંતે તારે પાનખર બેસી જશે. રજનીને રોશની આપવા અને નેહાને સ્નેહ વહેંચવા જો ઘરની બહાર ગયો તો તારી વાત છે!’

અને ત્યાં જ રજની બહારથી બૂમ પાડતી આવી. :

‘વસંતજી, આજે જરા મારી સાથે માર્કેટ આવવું પડશે. તમારા જેવું બાર્ગેનિંગ મને આવડતું નથી અને ગૂગલ પે કરતાં પણ ક્યાં આવડે છે? પ્લીઝ વસંતજી... બરાબર એક કલાક પછી તૈયાર રહેજો. તમારી મોટી કાર જ લઈ લેજો. હોં...’

‘રજની, કાર સીધી નર્ક સુધી જ હાંકી લેશે તો તને ચાલશે ને?’ એમ મોટેથી પૂરા ગુસ્સામાં બોલીને વસંતની વસંત ખીલે તે પહેલાં જોરથી ઘરનું બારણું બંધ કરી દીધું.

‘વસંત, ઘરની સફાઈ સાથે હવે મારે તારી પણ સફાઈ કરવી જ પડશે.’

પણ વસંત કંઈ ખીલ્યા વિના બાકી રહે? વસંતે મોબાઇલના વ્હોટ્સ એપ ઉપર વસંત ખીલવી જ દીધી... રમા રમવામાં કાચી પડી. ‘પડી પટોળે ભાત, ફાટે પણ ફીટે નહીં.’ ખરું ને! ■

## ઉડાન મુગ્ધાવસ્થાથી મધ્યાવસ્થા સુધી

શ્વેતા જોષી અંતાણી
feedback.ladki@bombaysamachar.com

# સમાધાનને કહો.... ‘ના’!

‘તું બહુ વિચારે છે, સાક્ષી. છોકરીઓ આટલી જીદી નથી હોતી.’

આ વાત સાક્ષીને એના ફોઈ, કાકી, મામી તરફથી વારંવાર સાંભળવા મળતી. મા ઓઝપાય જતી ને પપ્પા ધૂંધવાય ઉઠતા. સાક્ષીને ઠપકો પણ આપી દેતા કે ‘થોડું જતું કરતા શીખ.’

આ બધા તને કહી કહીને થાક્યા હવે.જોકે સાક્ષીએ તો ગણતરી કરવાનું જ છોડી દીધેલું કે, દિવસમાં એને કેટલીવાર ટોકવામાં આવે છે.

મધ્યમ વર્ગીય પરિવારમાં મોટી થયેલી સાક્ષીની ઉંમર તો હતી માત્ર સતરેક વર્ષ,પણ વિચારો એની ઉંમરથી ઘણા આગળ નીકળી ગયેલા. એને બરાબર ખ્યાલ હતો, એને શું કરવું છે. શું જોઈએ છે અને શું નહીં.

એનું સપનું હતું દેશની સર્વશ્રેષ્ઠ આર્કિટેક કોલેજમાં ભણી ખ્યાતનામ સ્ટ્રક્ચરલ ડિઝાઈનર બનવાનું, જેના માટે એ તનતોડ મહેનત કરતી આવેલી. સવારે પાંચના ટકોરે ઊઠી કોચિંગ જવાનું, પછી સ્કૂલ અને ત્યાંથી પાછા ફરી માને ઘરકામમાં મદદ કરાવી ભણવા બેસી જવું. આ એનું રૂટિન. એ સિવાય કોઈ મગજમારી નહીં, પણ ખાટલે મોટી ખોડ કે એના કુટુંબીજનો અત્યંત જુનવાણી વિચારસરણીના. મા-બાપ થોડા સમજુ, પણ અન્ય પરિવારજનો તો રીતસર પછાત વિચારોના પડછાયામાં જીવતા. આથી ઘરના માહોલમાં કોઈ બદલાવ આણવો અશક્ય હતો. જ્યારે જુઓ ત્યારે લોકો ટોકવા લાગતા : ‘કેટલું ભણીશ. છેલ્લે તો તારે લગ્ન જ કરવાના છે ને? છોકરીઓ બહુ ઝાઝું ભણે એમાં વધુ તકલીફો ઊભી થતી હોય છે...’

એમાં એક દિવસ ફોઈ તો હદ વળોટી ગયા. મમ્મી-પપ્પા ઘેર નહોતાં. એટલે એને ભાવતું હતું ને વૈદે કીધું. સીધું

સાક્ષીને પૂછી લીધુ :

‘તારા માટે એક છોકરાનું માગું આવ્યું છે. દુબઈમાં જોબ કરે છે. બહુ સારા ઘરનો છોકરો. હા પાડી દે તારી જિંદગી સેટ થઈ જશે...!’

સાક્ષી તો હબક ખાઈ ગઈ. એકાદ મિનિટના મૌન પછી માંડ જાતને સંભાળતા બોલી :

લગ્ન મારી જિંદગીનો પાર્ટ હોઈ શકે છે, પણ અત્યારે નહીં. મારું સપનું બહુ મોટું છે, અને એને પૂરું કરવામાં હું કોઈ જ પ્રકારનું સમાધાન નહીં કરું.હું કોઈની વાર્તામાં હીરોઈન નથી બનવા માગતી. હું ખુદ મારી વાર્તા છું...!’

ફઈને વાત ઉપરથી ટપી ગઈ. મોં મચકોડી ‘સાક્ષી કેટલી નફ્ફટ છે’ એવું કહેવા કાકી પાસે દોડી ગયાં.

સાક્ષીના મનમાં વાત તદ્દન સાફ હતી. એકવાર જો હું સમાધાન કરીશ ને તો આખી ઉંમર પસ્તાવું પડશે. એણે એની મા ને જિંદગીભર સમાધાન કરતાં જોઈ હતી, અને પ્રણ લીધેલું કે પોતાનાં સ્વપ્નો સાથે એક પણ પ્રકારનું કોમ્પ્રોમાઈઝ નહીં ચલાવે. જોકે સમાજે બાંધેલી માન્યતાઓની દીવાલો એમ ઝડપથી તૂટતી નથી. એક દિવસ ઘરમાં સારા પ્રસંગે એકઠા થયેલા પરિવારજનોની ચર્ચાનો હોટ ટોપિક હતી સાક્ષી.



‘કેટલું બધું વિચારવા લાગી છે ને આ છોકરી... આજકાલની છોકરીઓ હાથથી નીકળી જતાં વાર નહીં લગાડે. એની મા ને કંઈ પડી નથી તો આપણે શું?’ આખો દિવસ વાતવાતમાં સાક્ષીના નામે છાજિયા લેતા જોઈ એની મમ્મી અકળાઈ ઊઠી :

‘સાક્ષી, બસ બહુ થયું. બધા સામે જીક ઝીલવાની હવે ત્રેવડ નથી રહી...’ સાક્ષીએ એના ખભ્ભા પકડી વિશ્વાસપૂર્વક કહ્યું :

‘મમ્મી, એકવાર મારો સાથ આપી દે. હું તને કંઈક બનીને બતાવીશ...’ મા એ માત્ર હકારમાં માથું ધુણાવ્યું ને કહ્યું : ‘તારામાં હું મારાં સપનાં પૂરાં થતાં જોઉં છું. મારી જેમ એની હોળી નહીં પણ દિવાળી ઉજવી જાણજે...’

થોડા મહિનાઓ પછી સાક્ષીને એક બીજું સત્ય સમજાયું. સમાધાનનું બીજું નામ છે હાર. જો એ હારી જશે તો સપનાઓ સાથે બાંધછોડ કરવી પડશે. હવે, તો કરો યા મરોની માનસિકતા સાથે સાક્ષીએ ‘નાટા’ની પરીક્ષા આપી. શાનદાર માર્કસ સાથે પાસ થઈ અને ખૂબ જાણીતી આર્કિટેક યુનિવર્સિટીમાં એડમિશન લીધું. કોલેજની શરૂઆતમાં બધું જ નવું હતું. નવા દોસ્તો, નવો માહોલ, નવી ભાષા. ક્યારેક એને બહુ એકલું લાગતું, પણ અંદરથી એને જાત પર ભરોસો હતો કે હારશે તો નહીં. એક દિવસ ક્લાસમાં બહુ મોટો પ્રોજેક્ટ આવ્યો : ‘સસ્ટેનેબલ હાઉસિંગ ડિઝાઇન.’ આખી કોલેજના ટોપ પાંચ સ્ટુડન્ટ્સને ઇન્ટરનેશનલ પ્રતિયોગિતા માટે મોકલવાના હતા. સાક્ષીએ સખ્ત મહેનત કરી. જ્યારે એની ડિઝાઇન બતાવવાનો વખત આવ્યો ત્યારે પ્રોફેસરે એની ભૂલ કાઢતા કહ્યું :

‘તું આ એક નિયમ સાથે જો સમાધાન કરી લઈશ ને તો તારું પ્રેઝન્ટેશન ‘ધ બેસ્ટ’ બની શકશે.’

સાક્ષીએ હસીને જવાબ આપ્યો : ‘સર, આ ડિઝાઇન મારો આઈડિયા છે. નિયમ બદલીશ તો મારો આઈડિયા મરી જશે, અને મારા કામમાં કોઈ બાંધછોડ કરવી મને ગમતી નથી.’

પોતાના પ્રોફેસરને આવું મોંઢેમોઢ સંભળાવી દેવાની કોઈનામાં હિંમત નહોતી. આખો ક્લાસ ચૂપ થઈ ગયો. આ છોકરીના આત્મવિશ્વાસે એ બધાને વિચારવા મજબૂર કરી દીધા કે શું સમાધાન આવશ્યક હોય છે જીવનમાં? કોમ્પ્રોમાઈઝ થકી આગળ વધાય એ કોન્સેપ્ટનો કોળિયો કરી ગયેલી સાક્ષીનું નામ ટોપ ફાઈવમાં સૌથી પહેલું હતું. એમ તો સાક્ષીના જીવનમાં વારંવાર એવા પ્રસંગો આવ્યા જે એના ધ્યેયથી ભટકાવી શકે. કોઈ છોકરાએ આવીને કહ્યું હોય કે ‘ તું મારી ગર્લફ્રેન્ડ બનીશ કે શું આપણે દોસ્ત બની શકીએ?’

ત્યારે સાક્ષીએ હસીને કહેવું પડેલું : ‘ના, હું મારાં સપનાઓને પ્રેમ કરું છું. હાલ મારી પાસે બીજા કોઈને પ્રેમ કરવાનો સમય નથી.!’

જ્યારે મિત્રોએ કહ્યું કે : ‘આટલું બધું શું ભણે છે... રિલેક્સ!’ ત્યારે એને કહેવું પડેલું કે મહેનત ના કરવી એ મારી પરિભાષામાં નથી આવતું.

આજે સાક્ષી એક જાણીતી આર્કિટેક બની ચૂકી છે. શહેરના ટોપ મોસ્ટ ડિઝાઈનરમાં એનું નામ આવે છે. એની ફર્મ નામે - ‘ધ સાક્ષી’ ડિઝાઇન્સની ટેગલાઈન છે : ‘અ પ્લેસ વ્હેર નો કોમ્પ્રોમાઈઝ નીડેડ’.... આ એક એવું સ્થળ જ્યાં તમારે બાંધછોડ નહીં કરવી પડે.

હવે લોકોની બોલી બદલાઈ. જીદ્દીને બગડેલી છોકરીએ આખા કુટુંબનું નામ રોશન કરી દીધું. મમ્મી-પપ્પાની આંખોમાં હરખના આંસુ આવતા. સાક્ષી આજે પણ એ જ હતી. સમાધાન ના કરનારી, સિદ્ધાંતો પર ચાલનારી. એક મજબૂત, હિંમતવાન છોકરી.

ક્યારેય તમારાં સપનાઓ, આત્મસન્માન કે ઓળખ સાથે સમાધાન ના કરો. કારણ કે, એવું કરવા જતાં અસ્તિત્વનો પર્યાય બદલી જતો હોય છે. જિંદગીમાં એવા અનેક વળાંકો આવે છે, જ્યારે સમાધાન કરવું આસાન લાગે છે , પરંતુ જો અડગ રહી શકીએ તો સાક્ષીની માફક ઇતિહાસ પણ રચી શકાય છે. ■

ફેશન
ખુશ્બુ મુલાણી ઠક્કર
feedback.ladki@bombaysamachar.com

# ગોલ્ડન ઘાઘરો - મલ્ટિપલ યુઝ



દરેક મહિલાઓ પાસે ગોલ્ડન કલરનો ઘાઘરો હોવો જ જોઈએ. એક ગોલ્ડન ઘાઘરો તમારા ઘણા પ્રોબ્લેમ સોલ્વ કરી શકે છે અને ફેસ્ટીવ વેર માટે તો બેસ્ટ ઓપ્શન છે. ગોલ્ડન કલરનો ઘાઘરો ક્યારેય પણ આઉટ ઓફ ફેશન થતો નથી, શર્ત માત્ર એટલી જ કે તમને મિક્સ એન્ડ મેચ કરતા આવડવું જોઈએ. નાની બાળકીથી લઈને મોટી ઉંમરની મહિલાઓ પણ આ ગોલ્ડન કલરનો ઘાઘરો પહેરી શકે છે. ગોલ્ડન કલરમાં ઘણા શેડ્સ આવે છે. તમે તમારા સ્કીન ટોન મુજબ ગોલ્ડન શેડની પસંદગી કરી શકો. ખાસ ધ્યાન એ રાખવું કે, તમારી પાસે જે કપડાં હોય તેને મેચિંગ ગોલ્ડન શેડ લેવો જેથી કરી આસાનીથી મિક્સ એન્ડ મેચ કરી શકાય. ચાલો જાણીએ ગોલ્ડન ઘાઘરો કઈ કઈ રીતે મિક્સ એન્ડ મેચ કરી તહેવારમાં સુંદર લાગી શકાય.

ઘાઘરો અને કુર્તી - ઘાઘરા સાથે કુર્તી એક ગ્રેસફુલ લુક આપે છે. તમે તમારી ઊંચાઈ મુજબ કુર્તીની લેન્થની પસંદગી કરી શકો. તમારી પાસે જો કોઈ રાણી કલરની કુર્તી હોય અને તેની પર ગોટા વર્ક હોય કે પછી જરદોશી વર્ક કરેલું હોય તો તેની સાથે ગોલ્ડન ઘાઘરો પહેરી શકાય. ગોલ્ડન ઘાઘરા સાથે મોટા ભાગે બધા જ કલર સારા લાગે છે પરંતુ જો બને ત્યાં સુધી ખુલતા કલર જ પહેરવા. એટલે કે, રાણી, ગ્રીન, રેડ, મરૂન, રોયલ બ્લુ વગેરે. જો તમારી હાઈટ સારો હોય અને સુડોળ શરીર હોય તો તમે શોર્ટ લેન્થ એટલે કે ગોઠણ સુધીની લંબાઈવાળી કુર્તી પણ પહેરી શકો.

કુર્તીમાં વર્ક હોય કે ન હોય, ડાર્ક કલરની કુર્તી ગોલ્ડન ઘાઘરા સાથે સારી જ લાગશે. હાફ લેન્થની કુર્તી ગોલ્ડન ઘાઘરા સાથે પહેરવાથી ઘાઘરો ઘણો ખરો ઢંકાઈ જશે. આ માટે કુર્તીની જે સાઈડસ્લિત હોય તેમાં કલરફૂલ ટસલ્સ લગાડી શકાય. આ લુક સાથે દુપટ્ટો પહેરવો કે નહિ તે તમારી પર્સનલ ચોઈસ છે. જો તમે આ લુક સાથે દુપટ્ટો પહેરવાનો હોવ તો અલગ પ્રકારના ટ્રેપીંગ આવડવા જોઈએ જેથી અલગ અલગ લુક આપી શકાય.

ઘાઘરાચોળી - ઘાઘરા અને ચોળી એ દરેક મહિલાઓનો એક ફેવરિટ ડ્રેસ હોય છે. ગોલ્ડન કલર સાથે મોટા ભાગના કલર મિક્સ એન્ડ મેચ કરી શકાય છે. તમે તમારી ઊંચાઈ અને બોડી ટાઇપ મુજબ કઈ લેન્થનું બ્લાઉઝ પહેરવું છે તે તમે નક્કી કરી શકો. જેમ કે જો તમારી ઊંચાઈ સારી હોય તો તમે કમર સુધીનું બ્લાઉઝ પહેરી શકો કે જેમાં પ્રિન્સેસ કટ આવેલી હોય કે જેથી આખો દુપ્પટો તમે ફ્રન્ટમાં ઢાંકો નહિ તો ખરાબ ન લાગે. ખાસ એ ધ્યાનમાં રાખવું કે, આ લુક સુડોળ શરીર ધરાવતી મહિલા કે યુવતી પહેરી શકે કે પછી જેમનું શરીર વધારે છે તેઓ તેમનું પેટ અને કમરને ઢાંકવા પહેરી શકો. ગોલ્ડન ઘાઘરા સાથે રેગ્યુલર બ્લાઉઝ કરતા ફેન્સી બ્લાઉઝ વધારે સારા લાગશે એટલે કે બેકલેસ, હોલ્ટર નેક વગેરે. આ લુક સાથે ખુલ્લો દુપટ્ટો વધારે સારો લાગશે. જો તમારે સૌથી સેફ કોમ્બિનેશન પહેરવું હોય તો ગોલ્ડન ઘાઘરા સાથે મરૂન અને બ્લેક કલરનું સિલ્કનું બ્લાઉઝ પહેરી શકાય. બ્લેક અને મરૂન કલરના બ્લાઉઝ પર જો ગોલ્ડન થ્રેડ વર્ક હશે તો પણ સારું લાગશે.

ઘાઘરા સાથે ફેન્સી ટોપ- ગોલ્ડન ઘાઘરા સાથે ફેન્સ ટોપ ખૂબ જ સુંદર લાગે છે . ફેન્સી ટોપ એટલે કે પેપ્લમ ટોપ કે પછી ક્રોપ ટોપ. પેપ્લમ ટોપ એટલે જે ટોપમાં યોક હોય અને પછી ફ્લેર હોય. ફેરનો ઘેરો સ્ટીલ પર આધાર રાખે છે. ફ્લેરમાં પણ બે પ્રકાર હોય છે જેમકે, કાળી વાળો ફ્લેર કે પછી ચુન વાળો ફ્લેર . જો તમારે ફોર્મલ લુક જોઈતો હોય તો, કલીવાળા પેપ્લમ ટોપ પહેરવા. ક્લીવાળા ટોપ પહેરવાથી એક ફોર્મલ લુક આવે છે. પેપ્લમ ટોપ પહેર્યા પછી એક ફેન્સી લુક આવે છે. અને યંગ યુવતીઓ પર આ પેટર્ન વધારે સારી લાગે છે. ક્રોપ ટોપ એટલે કે જેની લંબાઈ રેગ્યુલર ટોપ કરતા ઓછી હોય અથવા તો ગોલ્ડન ઘાઘરા સાથે શોર્ટ કાફતાન પણ સુંદર લાગશે. વધારે ફેન્સી લુક આપવા માટે એસીમેટ્રીકલ હેમ્લૈઇનવાળું કાફતન પણ પહેરી શકાય. અથવા તો ઓફ શોલ્ડર ટોપ પહેરી શકાય કે જેમાં બસ્ત લાઈન પર કોલર આપવામાં આવ્યો હોય. દૂરથી લેયરવાળું ટોપ જ લાગશે. આ લુક સાથે મીનીમલ જ્વેલરી લુક સારો લાગશે. વાળમાં સોફ્ટ કર્લ્સ પણ સારા લાગી શકે.

ગોલ્ડન ઘાઘરા સાથે જેટલું સિમ્પલે મિક્સ એન્ડ મેચ હશે તેટલું જ સુંદર લાગશે. ગોલ્ડન ઘાઘરો જ એક ઇમ્પ્રેસિવ લુક આપે છે. કોઈનું આંધળું અનુકરણ કરવું નહીં.. જે તમને સારું લાગે અને તમારી પાસે જે હોય તેમાં જ મિક્સ એન્ડ મેચ કરવું.

# આંખ નીચે ડાર્ક સર્કલ માટે શું છે વધુ અસરકારક?

નિખાર
દિક્ષિતા મકવાણા
feedback.ladki@bombaysamachar.com




ડાર્ક સર્કલની સમસ્યા પુરુષો અને સ્ત્રીઓ બંનેમાં જોવા મળે છે. તેનાથી છુટકારો મેળવવા માટે, સોશ્યલ મીડિયા પર ઘણા હેક્સ મળી શકે છે. ક્રીમ ઉપરાંત, ડાર્ક સર્કલ ટાળવા માટે આંખના પેચ પણ ખૂબ ટ્રેન્ડમાં છે. અહીં આપણે જાણીશું કે બેમાંથી કયું વધુ અસરકારક છે.

આંખો નીચે ડાર્ક સર્કલ ચહેરાનું વૃદ્ધત્વ દર્શાવે છે, પરંતુ તે કોઈપણ ઉંમરે અને કોઈપણ વ્યક્તિને થઈ શકે છે. આધુનિક જીવનશૈલી એવી છે કે ખૂબ જ નાની ઉંમરે પણ ડાર્ક સર્કલ હોવું એક સામાન્ય સમસ્યા બની ગઈ છે. હકીકતમાં સરળ શબ્દોમાં કહીએ તો, આંખો નીચે અથવા તેની આસપાસ ડાર્ક સર્કલ બનવા પાછળનાં મુખ્ય કારણો એટલે લાંબા સમય સુધી સ્ક્રીન સામે સમય વિતાવવો, રાત્રે યોગ્ય રીતે ન સૂવું, ખૂબ તણાવમાં રહેવું, અયોગ્ય આહારને કારણે પોષક તત્ત્વોનો અભાવ હોઈ શકે છે. કેટલાક લોકોમાં, તે આનુવંશિક પણ હોઈ શકે છે. ડાર્ક સર્કલ ટાળવા માટે, પેચ અથવા અંડર આઈ ક્રીમનો ઉપયોગ કરવામાં આવે છે, પરંતુ બેમાંથી કયું શ્રેષ્ઠ અથવા વધુ અસરકારક છે.

ડાર્ક સર્કલને કારણે, ચહેરાની સુંદરતા ઓછી થતી નથી, પરંતુ વ્યક્તિ થાકેલા અને બીમાર દેખાવા લાગે છે. તે આત્મવિશ્વાસને પણ અસર કરવાનું શરૂ કરે છે. ડાર્ક સર્કલને રોકવા અને ઘટાડવા માટે, દરરોજ સારી ઊંઘ લેવી સૌથી મહત્ત્વપૂર્ણ છે, પરંતુ આ ઊંઘ યોગ્ય સમયે લેવી પણ અગત્યનું છે. આ ઉપરાંત સંતુલિત આહાર, હાઇડ્રેશન (પાણી પીવું) અને આંખોની આસપાસની ત્વચાની યોગ્ય કાળજી જરૂરી છે. ચાલો જાણીએ કે આંખો નીચે પેચ લગાવવું વધુ સારું છે કે ક્રીમ.

## ડાર્ક સર્કલની સમસ્યા



નેશનલ સેન્ટર ફોર બાયોટેકનોલોજી ઇન્ફર્મેશન મુજબ, ઇન્ફ્રાઓર્બિટલ એરિયા એટલે કે આંખોની ત્વચા (આંખના સોકેટ હેઠળની ત્વચા)માં કાળાશ પડવી, આંખોની આસપાસ ફોલ્લીઓ અથવા કાળાશ પડવા ક્યારેક મેલાનિનના સંચયને કારણે થઈ શકે છે. આ ઉપરાંત જ્યારે ત્વચા તેની સ્થિતિસ્થાપકતા ગુમાવે છે, ત્યારે તે એક પડછાયો બનાવે છે જેના પર પ્રકાશ પડતાં કાળાશ પડવા લાગે છે. પેરીઓર્બિટલ એડીમા, પોસ્ટઇન્ફ્લેમેટરી હાઇપરપીગ્મેન્ટેશન જેવા કારણોસર પણ કાળાશ પડવા લાગે છે.



## આંખ નીચે પેચ અથવા ક્રીમ

ડાર્ક સર્કલ અટકાવવા માટે આંખના પેચનો ઉપયોગ કરવાનું ચલણ ઘણું વધી ગયું છે. કોસ્મેટિક સર્જનના કહેવા મુજબ આંખો નીચે અથવા આસપાસ કાળાશ પડવાથી બચવા અથવા તેનાથી છુટકારો મેળવવા માટે હાઇડ્રેશન (પાણી અને સ્વસ્થ પીણાં પીતા રહેવું) ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે, અને વ્યક્તિએ પોષક તત્ત્વોથી ભરપૂર આહાર પણ લેવો જોઈએ. ત્વચાને હાઇડ્રેટ કરવા માટે, મોઇશ્ચરાઇઝર લગાવવું જોઈએ અને પછી ઘડિયાળની દિશામાં અને ઘડિયાળની વિરુદ્ધ દિશામાં ગોળ ગતિમાં હળવા હાથે માલિશ કરવી જોઈએ. વાસ્તવમાં ત્વચાને ભેજ મળવાની સાથે, તે રક્ત પરિભ્રમણને પણ ઝડપી બનાવે છે, જે તમને ઝડપી ફાયદા આપી શકે છે. આંખો નીચે પેચ લગાવવાથી તાત્કાલિક પરિણામો મળે છે, જ્યારે ક્રીમથી માલિશ કરવાથી લાંબા ગાળાના ફાયદા થાય છે.


## આ કુદરતી વસ્તુઓ ઉપયોગી થઈ શકે છે

નિષ્ણાત કહે છે કે જ્યારે ડાર્ક સર્કલ માટે ઘરેલુ ઉપચારની વાત આવે છે, ત્યારે હાઇડ્રેશન ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. આ માટે તમારે ઘી, ફુલ મિલ્ક ક્રીમ, ગ્લિસરીન, મધ, દહીં જેવી વસ્તુઓ લેવી જોઈએ, કારણ કે તે હાઇડ્રેટિંગ એજન્ટ છે. આ કુદરતી વસ્તુઓથી માલિશ કરવાથી ખૂબ જ ફાયદો થાય છે.

# પુરુષનાં શરીરમાં અટવાઈ ગયેલી સ્ત્રીની વ્યથા...

### એ બંધનમાંથી મુક્તિ કઈ રીતે મેળવી એ સુધીની સફળતાની કહાણી






વિશેષ
રાજેશ યાજ્ઞિક
feedback.ladki@bombaysamachar.com

ઓળખ અને વ્યક્તિત્વ પરની ચર્ચાઓ વચ્ચે, તાજેતરના દાયકાઓમાં લિંગ ઓળખનો પ્રશ્ન ખૂબ ચર્ચામાં રહ્યો છે. અત્યારે સજાતીય સંબંધ અને ટ્રાન્સજેન્ડરનો કાનૂની સ્વીકાર થાય તે માટે લડાઈ ચાલી રહી છે. ટ્રાન્સજેન્ડર એટલે જે વ્યક્તિ શારીરિક રીતે સ્ત્રી કે પુરુષ છે, પણ તેમના મનની લાગણીઓ અને આંતરિક ભાવ તેનાથી વિપરીત છે. આ લાગણી જેટલી તે અનુભવનાર માટે સમજવી અને સ્વીકારવી મુશ્કેલ છે તેટલી જ તેમના પરિવાર અને સમાજ માટે. તેમાંથી જ એક માનસિક અને સામાજિક સંઘર્ષ ઊભો થાય છે. કેટલાક આ સંઘર્ષનો સામનો કરવામાં હારી જાય છે. તેમનું જીવન અસ્તવ્યસ્ત થઇ જાય છે. તો કેટલાક પોતાના આ આંતરિક સંઘર્ષને માત આપીને સમાજ સામે બંડ પોકારીને પોતે જેવા છે તેનો સ્વીકાર કરીને નવા જીવનની કેડી કંડારે છે.

આજે એક એવી ટ્રાન્સજેન્ડર નૈના મેનનની વાત કરવી છે, જે પુરુષના ખોળિયામાં સ્ત્રીનો આત્મા લઈને જન્મી. નૈનાએ પોતાનો પુરુષ તરીકેનો ભૂતકાળ લગભગ ભૂંસી જ નાખ્યો છે એટલે આપણે તેને નૈના જ કહીશું. તેનો જન્મ કેરળમાં થયો હતો. પણ તેનું શિક્ષણ દિલ્હીમાં થયું હતું. નૈનાને તેના શાળાનાં વર્ષો દરમિયાન ખ્યાલ આવ્યો કે તે શાળાના અન્ય છોકરાઓ કરતા અલગ હતી, નૈનાને સ્ત્રીઓ જેવા પોશાક પહેરવાનું ખૂબ ગમતું. તેના શોખ છોકરા જેવા નહોતા આનાથી તે ભાવનાત્મક રીતે અશાંત થઈ ગઈ. સૌથી મોટી સમસ્યા એ હતી કે તેની પાસે પોતાની લાગણીઓ વ્યક્ત કરવા માટે કોઈ નહોતું. આવું કેમ બની રહ્યું છે તે તેને પોતાને સમજાતું નહોતું. આ સમય તેના માટે પોતાની ઓળખ અંગે મૂંઝવણનો હતો જે સમજવો તેમના માટે સરળ નહોતો.

પુરુષ તરીકે જન્મેલી નૈનાને સમય જતાં તેનાં છુપાયેલાં સ્ત્રીત્વનો અહેસાસ થયો. જ્યારે નૈનાએ બેંગલુરુમાં કોલેજમાં પ્રવેશ મેળવ્યો, ત્યારે તેને સોશિયલ મીડિયા દ્વારા ખબર પડી કે તે એકલી નથી. તેનાં જેવાં ઘણાં લોકો લિંગ ઓળખના મુદ્દાઓ સાથે સંઘર્ષ કરી રહ્યા હતા. તેની ઈચ્છા પાઇલોટ બનીને વિમાન ઉડાવવાની હતી. તેથી તેણે એન્જિનિયરિંગ કરવાનું નક્કી કર્યું. સારી વાત એ હતી કે માનસિક અને સામાજિક સંઘર્ષ વચ્ચે પણ નૈનાની દિશા નક્કી હતી.

તે સજાતીય અને ટ્રાન્સજેન્ડર લોકો માટે કામ કરતી સંસ્થાઓના સંપર્કમાં આવી અને તેને સમજાયું કે પોતાની ઓળખ પોતે પ્રસ્થાપિત કરવી તેનો અધિકાર છે. તેણે છુપાઈને જીવવાની જરૂર નથી. આખરે નૈનાએ તેના માતા-પિતા સમક્ષ પોતાની ઓળખ અને પોતાની લાગણીનું સત્ય જણાવ્યું, ત્યારે તેને તેમના તરફથી તીખા પ્રશ્નોનો સામનો કરવો પડ્યો. પરિવારે તેની લાગણીઓને સમજવા કે સ્વીકારવાનો ઇનકાર કર્યો. તેની પાસે પોતાનું ઘર અને પરિવાર છોડવા સિવાય કોઈ વિકલ્પ બચ્યો નહીં.

તે એન્જિનિયરિંગનું પોતાનું શિક્ષણ પૂરું કરવા બેંગલુરુ ચાલી ગઈ. તેનું સપનું તો પાયલોટ બનવાનું જ હતું, જેના માટે તેણે તૈયારી શરુ કરી. સાથે, જીવન ટકાવવા કમાણી કરવી પણ જરૂરી હતી. એન્જિનિયરિંગનો અભ્યાસ પૂર્ણ કર્યા પછી, તેણે પોતાની લાયકાતના આધારે નોકરી મેળવી. નોકરી મેળવ્યા પછી, નૈના પોતાની સ્વતંત્ર ઇચ્છાથી એક ટ્રાન્સ મહિલા તરીકે પૂરા દિલથી અને ગર્વથી સ્ત્રીની જેમ જ જીવવા લાગી. આ હિંમતવાન નિર્ણયથી એ તેના પરિવાર અને મિત્રો ફરી એકવાર દૂર થઈ ગયા.

નૈનાને જીવનમાં ઘણા મુશ્કેલ અનુભવોનો સામનો કરવો પડ્યો. લોકોએ તેને વેશ્યાવૃત્તિમાં ધકેલી દેવાનો પ્રયાસ પણ કર્યો.

આ મુશ્કેલ સમયમાં, નૈનાના ગુરુએ તેને ટેકો આપ્યો. તેમણે નૈનાને સમજીને અને તેની ક્ષમતાઓમાં વિશ્વાસ રાખીને તેને આગળ વધવા માટે પ્રોત્સાહિન આપ્યું. પાઈલોટ બનવાની તૈયારી દરમિયાન તેણે ફિટનેસ ટ્રેનર તરીકે પણ કાર્ય કર્યુ , જેથી જીવન નિર્વાહ થઇ શકે.

આખરે કઠિન પ્રયાસો અને અંગત પડકારોનો બહાદુરીથી સામનો કરીને તે સફળતાની ઊંચાઈઓ પર ચઢી. નૈનાએ આકાશમાં ઊંચે ઉડવાનું પોતાનું સ્વપ્ન પૂર્ણ કર્યું અને આજે તેને ‘દેશની પ્રથમ ટ્રાન્સ મહિલા પાઇલટ’ તરીકે ઓળખવામાં આવે છે. નૈનાની મુશ્કેલીઓએ તેને શીખવ્યું કે ફક્ત શિક્ષણ જ તેને બાકીનું જીવન સ્વતંત્ર રીતે જીવવામાં મદદ કરી શકે અને તેના આત્મસન્માનનું રક્ષણ પણ કરી શકે છે. નૈના માને છે કે શિક્ષણે તેને સંજોગો બદલવામાં મદદ કરી અને આજે તે જે પણ ઓળખ ધરાવે છે તેનો સંપૂર્ણ શ્રેય તેના શિક્ષણને જાય છે.

નૈનાએ આજે ‘એર ઇન્ડિયા’ની પાયલોટ બનીને આકાશની ઊંચાઈઓ સુધી પહોંચવાનું લક્ષ્ય સિદ્ધ કર્યું એની સાથોસાથ નૈના એક કુશળ ફિટનેસ ટ્રેનર અને સફળ મૉડેલ પણ છે અને તે એક લેખિકા તરીકે પણ જાણીતી છે. પોતાના જીવન ઉપર તેણે એક પુસ્તક પણ લખ્યું છે, જેથી પોતાના જેવા અન્ય લોકોને પ્રેરણા મળી શકે.

# પ્રકરણ-૨૭

કૂપર હૉસ્પિટલના ડૉ. ભાવિક માજીવડેની વાત સાચી હતી. તપાસનો માર્ગ ઘનઘોર જંગલથી ઘેરાયેલો હતો અને વનરાજીમાંથી સાવચેતીથી આગળ વધી ઊંડા ઊતરવાનું હતું. સાંકડી કેડીઓ પણ ઝાડીઝાંખરાં અને ઊંચાં વૃક્ષોને ઓઢીને સંતાયેલી હોવાનું લાગતું હતું. આવા ભયાનક જંગલમાં ચાલવું ઈન્સ્પેક્ટર ચંદ્રેશ ગોહિલ માટે હવે કઠિન બની રહ્યું હતું.

જંગલમાંથી મળેલાં શબ અને ડ્રગ્સ લૅબોરેટરીની તપાસ માટે ગોહિલની ટીમ મધરાતે નીકળી હતી. મુખ્ય માર્ગને જોડતા નાના માર્ગો પરથી ટીમ ગીચ વનરાજીમાં પ્રવેશી હતી. પછી ટીમના દરેક અધિકારીએ અલગ અલગ કેડીએથી પસાર થઈને તપાસ માટે આગળ વધવું એવું નક્કી થયેલું, પણ આવો નિર્ણય લેવાનો હવે ગોહિલને અફસોસ થતો હતો.

મોબાઈલની ટૉર્ચના ઉજાસમાં તે જંગલના ઘણા અંતરિયાળ ભાગમાં આવી ગયો હતો. આરે પોલીસ સ્ટેશનથી નીકળ્યો ત્યારે તેણે મોબાઈલની બૅટરી ફુલ ચાર્જ કરી હતી, પણ લાંબા સમયથી ટૉર્ચ ચાલુ રાખવાને કારણે તેની બૅટરી ડાઉન થવા આવી હતી.

જંગલ એટલું ગાઢ હતું કે ચંદ્રનો પ્રકાશ માંડ માંડ જમીન સુધી પહોંચતો હતો. ગોહિલે આકાશ તરફ જોયું. 'ઘટાદાર વૃક્ષોનાં પાંદડાં અને ડાળીઓએ જાણે આચ્છાદન રચી દીધું હતું, જેને કારણે આભ જોવામાં મુશ્કેલી પડતી હતી.

'આવામાં ચાર્જિંગ ખતમ થઈ જાય અને મોબાઈલ સ્વિચ ઑફ્ફ થઈ જાય તો?' એવા વિચાર સાથે ગોહિલની નજર મોબાઈલ પર ગઈ. ખરેખર... બૅટરી માત્ર પાંચ ટકા જ ચાર્જ હતી. તેણે આસપાસ જોયું તો ટીમનો એકેય સાથી નજરે પડતો નહોતો. તેણે જ તો અલગ અલગ માર્ગે જવાનો બધાને આદેશ આપ્યો હતો.

'અરે... એમ તો અત્યારે પોતાનો પડછાયોય ક્યાં સાથ આપી રહ્યો હતો!' હવે ગોહિલની દૃષ્ટિ જમીન પર મંડાયેલી હતી. પથ્થરો અને કાંકરીઓ જ દેખાતી હતી અને તેય અસ્પષ્ટ! શું કરવું અને શું નહીં તેની દ્વિધામાં તે અંધારપટના વમળમાં ફસાયો હોવાનું અનુભવતો હતો.

જંગલમાંથી બહાર નીકળી જવાનું તેણે વિચાર્યું, પણ ત્યાં સુધી મોબાઈલની બૅટરી કામ કરે એવી કોઈ શક્યતા નહોતી. ભય તેના મનમાં પ્રવેશી રહ્યો હતો, પણ આમ ડરી જાય તો પોલીસ અધિકારી શાનો?

આખરે હિંમત કરીને તેણે આગળ વધવાનું નક્કી કર્યું. જમીન પર પથરાયેલી કાંકરી અને સૂકાં પાંદડાંને કારણે થતો પગરવ થથરાવી મૂકે એવો હતો. વચ્ચે વચ્ચે વાતો વાયરો શરીરમાં ધ્રુજારી ઊભી કરતો હતો. ઊબડખાબડ રસ્તે ચાલતો તે વધુ ગાઢ જંગલમાં પહોંચ્યો, જ્યાં અવાવરુ ઘર દેખાતાં તે ચોંક્યો.


'આટલી ભયાવહ જગ્યાએ વળી કોણ રહેતું હશે? અહીં પણ જીવલેણ પ્રવૃત્તિઓ ચાલતી હશે?' વિચાર માત્રથી તેનો હાથ પીઠ પાછળ ગયો. પૅન્ટમાં પાછળની તરફ તે હંમેશાં પિસ્તોલ ખોસી રાખતો, પણ...

...પણ અત્યારે જરૂરતના સમયે પિસ્તોલ પોતાની કેબિનમાં જ ભૂલી ગયો હોવાનું તેને ભાન થયું. તેમ છતાં હિંમત ભેગી કરી તે ઘરની દિશામાં આગળ વધ્યો. આસપાસ કોઈ ન દેખાતાં તેણે લાત મારી ઘરનો દરવાજો તોડ્યો.

વેરાન ઘરમાં માનવ તો ઠીક, એકેય વસ્તુ નહોતી. એથી મોટો આંચકો તેને ત્યારે લાગ્યો, જ્યારે ઘરની એક દીવાલ રહસ્યમય લાગી. એ દીવાલ નજીક ગયો ત્યારે એકાએક તે ઘરની બીજી તરફ વાડામાં ફંગોળાઈ ગયો. આ જગ્યા યુનિટ-૧૬ જેવી દેખાતી હતી. હેલિકૉપ્ટર તૂટી પડ્યા પછી જમીનમાંથી મળેલી લાશોને સ્થળે તે પહોંચ્યો હતો...

ગોહિલનું મગજ ચકરાવે ચઢ્યું. અહીં કેવી રીતે પહોંચ્યો એ તેને સમજાતું નહોતું. માથું ભારે લાગતું હતું અને આંખ

## અણધાર્યા રહસ્યના આટાપાટા ખેલતી નોખી-અનોખી ક્રાઇમ કથા...




યોગેશ સી પટેલ

સામેથી વિચિત્ર ચિત્રો પલક ઝબકારામાં પસાર થતાં હતાં. સામે લાશ કાઢવા ખોદવામાં આવેલા ખાડા હતા. મરજી વિના તે ખાડા તરફ ધકેલાતો ગયો અને તે જ સમયે મોબાઈલ સ્વિચ ઑફ્ફ થઈ ગયો.

ટૉર્ચ બંધ થતાં તેની આસપાસ અંધારું ફેલાયું... હવે ખરેખર ગોહિલ ડરવા લાગ્યો. દૂરથી કૂતરાઓનો ભસવાનો અવાજ આવતો હતો. તમરાંનો અવાજ પણ મોટો થતો ગયો અને પાંદડાં વચ્ચેથી પસાર થતો પવન જંગલની શાંતિને ચીરતો હતો. ધૂળની ડમરીઓ સામેનું દૃશ્ય વધુ ધૂંધળું બનાવતી હતી.

'જંગલમાં આવું તો ક્યારેય નથી બન્યું.' તેણે વિચાર્યું.

આવા અંધકારથી છટકવાનો માર્ગ શોધવા ગોહિલે ચારે બાજુ દૃષ્ટિ ફેરવી, પણ ખુલ્લું જંગલ અત્યારે બંધિયાર ઓરડો બની ગયો હતો. આવા ડરામણા માહોલમાંથી ગોહિલ ભાગે તે પહેલાં ખાડામાંથી યુવતીનો પડછાયો બહાર આવ્યો. હવે તેણે બચવા માટે તરફડિયાં મારવા માંડ્યાં, પણ એ આકૃતિ એટલી કદાવર થઈ ગઈ કે આસપાસનું કંઈ દેખાતું નહોતું. ધ્યાનથી જોયું તો એ પડછાયો ચમેલીનો હતો. અરે આ તો...

'તું તો મૃત્યુ પામી હતીને?' ગોહિલે સવાલ કર્યો.

'હા, પણ તેં જ તો મને જગાડી!'

'એટલે?'

'હું શાંતિથી સૂતી હતી. તેં ઊંઘમાં ખલેલ પાડીને મને બહાર કાઢી!'

'પણ... પણ એ તો મારી ડ્યૂટીનો ભાગ હતો. હું ન્યાય અપાવવા...'

ગોહિલ ખુલાસો કરે તે પહેલાં બીજા ખાડામાંથી સલ્લુની છાયા તેની નજીક આવી. પછી તો દરેક ખાડામાંથી આકૃતિઓ બહાર આવવા લાગી. ધીરે ધીરે કદાવર દેખાતી બધી આકૃતિ ગોહિલને ઘેરી વળી.

આવી પળે ગોહિલના મનમાં વિચાર આવવો સ્વાભાવિક હતો: 'જંગલના રહેવાસીઓ સાચું કહે છે કે અહીં ભૂત... આત્માનો વાસ છે.'

'મેં તો હત્યારાને પકડીને તેને સજા અપાવવા આવું કર્યું હતું?' ગોહિલ વિનવણીના સૂરમાં બોલ્યો.

'તો ક્યાં છે અમારો હત્યારો? એ ન મળતો હોય તો તારે અમારી સાથે આવવું પડશે!'

રોકકળ કરતાં બધા પડછાયા ગોહિલને પોતાની તરફ ખેંચવા લાગ્યા... રડારોળના અવાજે ગોહિલના કાન ફાડી નાખ્યા. મદદ માટે ગોહિલ બૂમો પાડવા લાગ્યો, પણ તેના મોંમાંથી અવાજ નીકળતો નહોતો. બધી આકૃતિએ ગોહિલને ખાડામાં ખેંચી લીધો. તેણે વધુ જોરથી બૂમો પાડવાનો પ્રયત્ન કર્યો, પણ ખાડો માટીથી પુરાવા લાગ્યો અને...

'ગોહિલ... ગોહિલ. શું થયું તમને?'

ઊંઘમાંથી ઝબકીને બેડ પર બેઠા થઈ ગયેલા ગોહિલને સામે પત્ની તૃપ્તિ ઊભેલી દેખાઈ. પરસેવે રેબઝેબ થઈ ગયેલો ગોહિલ ગભરાયેલો હતો અને તેના શ્વાસોશ્વાસ તેજ ગતિએ ચાલતા હતા.

'શું થયું?' તૃપ્તિએ ફરી પૂછ્યું.

'કંઈ નહીં... સપનું હતું!' કહીને ગોહિલે પૂછ્યું: 'કેટલા વાગ્યા?'

'અગિયાર!'

'આટલું મોડું... તેં મને જગાડ્યો કેમ નહીં?'

**આટલી ભયાવહ જગ્યાએ વળી કોણ રહેતું હશે? અહીં પણ જીવલેણ પ્રવૃત્તિઓ ચાલતી હશે?**

'ભરઊંઘમાં હતા એટલે સૂવા દીધા.' તૃપ્તિએ કહ્યું.

'...પણ સપનામાં શું જોયું કે આટલા ડરી ગયા?'

'કંઈ નહીં... મારે તાત્કાલિક નીકળવું પડશે!' કહીને ગોહિલ બાથરૂમ તરફ દોડ્યો...

* * * *

'મારા પેશન્ટની માહિતી તમને શા માટે જોઈએ છે?'

'સર... આ મર્ડર કેસ છે! તમને નથી ખબર?' ઈન્સ્પેક્ટર રવિ કદમે આશ્ચર્યથી પૂછ્યું.

'મર્ડર? મને કઈ રીતે ખબર હોય?'

'રિસેપ્શનિસ્ટે તમને જાણ ન કરી?'

'ના... એણે તો એટલું જ કહ્યું કે અહીં ઑપરેશન કરાવનારા પેશન્ટની બૉડી મળી છે એટલે માહિતી લેવા તમે આવવાના છો.' ડૉક્ટરે ચોખવટ કરી.

આરેના જંગલમાં દાટેલી સલ્લુની લાશ મળી હતી. તેના પગમાં બેસાડાયેલી મેટલ પ્લૅટની તપાસમાં પોલીસ અંધેરીની હૉસ્પિટલ સુધી પહોંચી હતી. હૉસ્પિટલમાંથી સલ્લુની તસવીર અને અન્ય વિગતો પ્રાપ્ત કરવા ઈન્સ્પેક્ટર કદમ અને સબ-ઈન્સ્પેક્ટર વિજય કાળે આવ્યા હતા.

'ઑફિસર, શું આ... સલ્લુની હત્યા થઈ હતી?' ડૉક્ટરે પૂછ્યું.

'અત્યાર સુધીની તપાસમાં તો એવું જ લાગે છે... હત્યા પછી તેના શબને જમીનમાં દાટી દેવામાં આવ્યું હતું.' કદમે કહ્યું.

'ઓહ... ગૉડ! આટલી ક્રૂરતા કોણે આચરી? હત્યારો પકડાઈ ગયો?' આંચકો લાગતાં ડૉક્ટરે સવાલ કરવા માંડ્યા.

'હત્યારો હજુ પકડાયો નથી, પણ એ તમારા પ્રોફેશનમાં હોવાનો અંદાજ છે!' કદમે દાણો ચાંપ્યો.

'વૉટ ડુ યુ મીન, ઑફિસર!' ડૉક્ટર તમતમી ગયા.

'તેને ઈન્જેક્શનથી દવાનો ઑવરડોઝ આપીને મારવામાં આવ્યો છે!' કદમે બીજો પાસો ફેંક્યો.

'દવાનો ઑવરડોઝ? આ રીતે કોઈને મારવાની ઘટનાઓ જવલ્લે જ સાંભળવા મળે છે.' ડૉક્ટરે શાંતિથી વિચારીને કહ્યું.

'એટલે જ તો કહ્યું, ડૉક્ટરસાહેબ... કે તમારા પ્રોફેશનની વ્યક્તિએ સલ્લુને માર્યો હશે.'

કદમે વાત પૂરી કરતાં કહ્યું: 'એવું નથી કે ડૉક્ટરની જ સંડોવણી હશે... નર્સ અથવા કમ્પાઉન્ડરનું પણ આ કૃત્ય હોઈ શકે!'

'ડૉક્ટરસાહેબ... મૂળ વાત પર આવીએ? સલ્લુની વિગત આપશો?' લાંબી ચાલેલી ચર્ચાથી કંટાળી કાળે મુદ્દા પર આવ્યો.

'હાં. એનું નામ સલીમ શેખ ઉર્ફે સલ્લુ હતું...'

'વ્હૉટ?'

'કેમ? આમ ચોંક્યા શા માટે?'

'કંઈ નહીં!' કદમે વાત ઉડાડી દીધી, પણ કાળે સમજી ગયો કે ડ્રગ્સ લૅબોરેટરી મળી આવ્યા પછી તેમની ટીમ આ સલીમ શેખને શોધતી હતી અને જમીનમાંથી મળેલી લાશ એ જ શેખની હોવાની જાણ થતાં કદમને આંચકો લાગ્યો હતો.

'દરદીનું નામ રિસેપ્શનિસ્ટના કમ્પ્યુટરમાં કેમ નથી?' કદમે વાત વાળી લેતાં પૂછ્યું.

'પેશન્ટની ડિટેઈલ્સ ગુપ્ત રાખવાનો હૉસ્પિટલનો નિયમ છે. ઈન્ક્વાયરી માટેનો સંપર્ક નંબર રિસેપ્શનિસ્ટના ટેબલ પર છે અને કોઈ પેશન્ટની વિગતો જાહેર ન થાય તે માટે અમુક જ માહિતી ત્યાંના કમ્પ્યુટરમાં ફીડ કરવામાં આવે છે.'

'ઓહ... સલ્લુ ક્યાં રહેતો હતો... શું કરતો હતો જેવી કોઈ વિગત ખરી?' કાળેએ સવાલ કર્યો.

ફાઈલમાં જોતાં ડૉક્ટરે કહ્યું: 'અહીં તો આરેના યુનિટ છવ્વીસનું એડ્રેસ છે અને કોઈ પ્રોડક્ટના પ્રમોશનના એજન્ટ તરીકે તે કામ કરતો હતો.'

પ્રોડક્ટ પ્રમોશનનો એજન્ટ સાંભળીને કદમને હસવું આવ્યું. 'સાલો... મોતનો સોદાગર!'

'એડ્રેસ પ્રૂફ શું આપ્યું હતું?' હસવું રોકી કદમે પૂછ્યું.

'આધાર કાર્ડની ઝેરોક્સ છે અને તેના પર પણ એ જ સરનામું નોંધેલું છે.' ડૉક્ટરની નજર વારંવાર ફાઈલના દસ્તાવેજો પર જતી હતી.

'તેનું ઑપરેશન આઠ મહિના પહેલાં કરાયું હતું. બાઈક એક્સિડેન્ટમાં તેના પગમાં ફ્રેક્ચર થયું હતું.' ડૉક્ટરે ફાઈલમાંથી માથું ઊંચું કર્યું.

શેખની તસવીર ડૉક્ટર પાસેથી મેળવી કદમ અને કાળે ખુરશીમાંથી ઊભા થવા ગયા ત્યાં કદમને કંઈ યાદ આવ્યું એટલે તેણે પૂછ્યું:

'ઑપરેશનની ફી સલ્લુએ ભરી હતી? મારો મતલબ છે કે ફી કઈ રીતે ભરી હતી? કેશ કે પછી...'

'ના... ના. ફી સલ્લુએ નહોતી ભરી. એક સમાજસેવી સંસ્થાએ ઑપરેશનનો ખર્ચ ઉઠાવ્યો હતો!'

કદમ અને કાળે બન્નેએ અચરજથી વિચાર્યું: 'ડ્રગ્સ બનાવવા જેવા હીન કાર્યમાં સંડોવાયેલા શેખને સામાજિક સંસ્થા મદદ કરે!'

'કઈ સંસ્થાએ મદદ કરી હતી?' કાળેએ પૂછ્યું.

'અહીં અંધેરીના ચકાલા પરિસરમાં આવેલી 'જીવનયાત્રા' સંસ્થાએ આર્થિક મદદ પૂરી પાડી હતી.'

'આ નામ પહેલાં પણ સાંભળ્યું હોવાનું લાગે છે!' કદમ વિચારમાં પડ્યો.

'જાણીતા ડૉક્ટર વિશ્વાસ ભંડારી એ સંસ્થાના ટ્રસ્ટી છે!'

કદમ આ આઘાત પચાવે ત્યાં ડૉક્ટરે દસ્તાવેજો દેખાડતાં ફરી ધડાકો કર્યો:

'વિધાનસભ્ય ગુલાબરાવ જાંભુળકરના ભલામણ પત્રથી આર્થિક મદદ કરાઈ હતી!'

(ક્રમશઃ)■

---

# ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે.
**વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શુક્રવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.**

## ભાષા વૈભવ...

મરાઠી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી બનાવો

| A | B |
|---|---|
| टंचाई | કહૂણ |
| टकळी | થોડી વારમાં |
| टचकन | મજલ |
| टणक | લવારો |
| टप्पो | અછત |

## ઓળખાણ પડી?

ઓલિમ્પિક રમતોત્સવમાં એથ્લેટિક્સમાં યોજાતી સ્પર્ધામાં એક સ્પર્ધા 'ડેકેથલોન' તરીકે ઓળખાય છે. એમાં કુલ કેટલી સ્પર્ધાનો સમાવેશ હોય છે?




અ) ૫ બ) ૭ ક) ૧૦ ડ) ૧૧

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ આ | યો | ૨ જ | ૩ ન | કા | ર | | ૪ ક | ૫ ડ | ૬ પ |
| ખ | | ૭ મા | ળ | | | ૮ બે | | ૯ બો | રિ |
| ૧૦ રે | ૧૧ વા | | | ૧૨ અ | વ | રો | ધ | | બ |
| | ૧૩ જ | ઠ | ૧૪ રા | ગ્નિ | | જ | | ૧૫ ખ | ળ |
| ૧૬ લાં | બી | | શ | | ૧૭ ના | ગા | ૧૮ લે | ન્ડ | |
| ચ | | ૧૯ ચી | | ૨૦ ગૌ | | ૨૦-અ રી | તિ | | ૨૧ ક |
| ૨૨ રૂ | ૨૩ પ | ક | | ૨૪ ર | દ | | ૨૫ દે | વ | ળ |
| ૨૬ શ | ર | ણા | ૨૭ ગ | ત | | ૨૮ પ | તી | | ણ |
| ૨૯ વ | ગ | | ૩૦ મ | લ | મ | લી | | ૩૧ દ | |
| ૩૨ ત | ણા | વ | | બ | | ૩૩ ત | લ | વા | ર |

## શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | | ૩ | | ૪ | ૫ | | ૬ |
| ૭ | | | ૮ | | | ૯ | | | |
| ૧૦ | | ૧૧ | | | ૧૨ | | | | |
| | | ૧૩ | | | | | | ૧૪ | |
| ૧૫ | | ૧૬ | | | ૧૭ | | | | |
| ૧૮ | | | | ૧૯ | | | ૨૦ | ૨૧ | |
| | | | ૨૨ | | | | ૨૩ | | ૨૪ |
| ૨૫ | | ૨૬ | | | ૨૭ | | | | |
| | | | | ૨૮ | | | | ૨૯ | |
| ૩૦ | | | | | | ૩૧ | | | |

### આડી ચાવી

૧. પ્રચંડ અવાજ સાથે ફૂટવું તે (૩)
૩. પૃથ્વીનું તળ, સપાટી (૪)
૭. --- દઈને એટલે તરત (૨)
૮. ભાઈ (૨) (જો.છૂ.)
૯. ઝઘડો (૪)
૧૦. કચકચ (૪)
૧૨. દોહદ, સગર્ભાને થતા અભળખા (૩)
૧૩. ભયંકર, બિહામણું, તીવ્ર (૩)
૧૪. કાર્ય (૨)
૧૬. ઝટ સળગે એવો પદાર્થ (૨)
૧૮. 'જડાવવું'નું આજ્ઞાર્થ (૩)
૧૯. સ્થાપિત રિવાજ (૫)
૨૨. દેવીનું રૌદ્ર સ્વરૂપ (૩) (જો.છૂ.)
૨૩. --- વર્ષની જૂની અમારી વેદનાઓ (૩)
૨૫. અનુજ્ઞા, અવિરોધ (૪)
૨૭. લખેલું (૩) (જો. છૂ.)
૨૮. --- આમળવા એટલે ઠપકો આપવો (૨)
૨૯. --- લખવું એટલે ખાતે માંડવું (૨)
૩૦. પોતાની વિચારણાને વળગી રહેનાર (૫)
૩૧. એક શાક (૪)

### ઊભી ચાવી

૧. મુશ્કેલ, અઘરું (૩)
૨. ફૂટે એવું (૩)
૩. પૃથ્વી (૨)
૪. સહેજ, બહુ થોડું (૪)
૫. ઝઘડવા (૩)
૬. ઉશ્કેરે એવી (૫)
૯. ડર લાગે એવી (૪)
૧૧. અથડામણ (૪)
૧૫. નોકરી-ધંધો (૪)
૧૭. એક જ કાળમાં સાથે વિદ્યમાન (૫)
૧૯. ઊધઈથી લાકડું --- જાય (૨)
૨૦. પ્રેમ, લગાવ (૩)
૨૧. પરવાનગી, ઈજાજત (૨)
૨૨. ઘોડાનો ખોરાક (૨)
૨૪. રોજનો હિસાબ (૪)
૨૬. મંદ, ધીમી ગતિ (૩)
૨૮. નાળિયેરના રેસાની દોરી (૨)
૨૯. હોડી (૨)

## ગુજરાત મોરી મોરી રે

અટપટી રીતે સમજાવતા સંબંધ ઓળખી કાઢો. કોઈ બહેનની એકમાત્ર સગી ભત્રીજીના સસરાના એકમાત્ર દીકરાના એકમાત્ર કાકાજી એ બહેનને સંબંધમાં શું થાય એ દિમાગ દોડાવી જણાવો.

અ) પતિ બ) મામાજી ક) પિતરાઈ ડ) બનેવી

## જાણવા જેવું

કાજળ એટલે આંખને તેજસ્વી બનાવવા વપરાતો પદાર્થ. તેનો બીજો અર્થ 'મેશ' પણ થાય છે. દીવા ઉપર કોડિયું ધરતાં જે કાળો પદાર્થ એકત્ર થાય તેને મેશ કહેવામાં આવે છે. આ મેશને કસ્તુરી વગેરે સાથે મિશ્ર કરીને ઘીમાં કાલવીને આંખ માટેનું આંજણ તૈયાર કરવામાં આવે છે. આયુર્વેદ પ્રમાણે મેશ બનાવવા માટે ઘણાં દ્રવ્યો એકત્ર કરવામાં આવે છે.

## સુડોકુ-૯૧૧૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | | | | | | | | ૧ |
| ૫ | ૧ | | ૬ | | ૯ | | ૪ | ૩ |
| | ૯ | | | ૩ | | | ૬ | |
| ૬ | | | ૨ | | ૫ | | | ૪ |
| | | ૮ | | | | ૫ | | |
| ૯ | | | ૩ | | ૭ | | | ૨ |
| | ૬ | | | ૧ | | | ૨ | |
| ૧ | ૩ | | ૫ | | ૮ | | ૭ | ૬ |
| ૮ | | | | | | | | ૯ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૯૧૧૧

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | ૨ | ૯ | ૩ | ૪ | ૮ | ૭ | ૧ | ૫ |
| ૮ | ૪ | ૭ | ૫ | ૯ | ૧ | ૬ | ૩ | ૨ |
| ૧ | ૩ | ૫ | ૬ | ૨ | ૭ | ૯ | ૮ | ૪ |
| ૭ | ૯ | ૨ | ૧ | ૬ | ૫ | ૮ | ૪ | ૩ |
| ૩ | ૬ | ૧ | ૪ | ૮ | ૯ | ૨ | ૫ | ૭ |
| ૫ | ૮ | ૪ | ૨ | ૭ | ૩ | ૧ | ૬ | ૯ |
| ૪ | ૧ | ૬ | ૯ | ૩ | ૨ | ૫ | ૭ | ૮ |
| ૨ | ૫ | ૮ | ૭ | ૧ | ૪ | ૩ | ૯ | ૬ |
| ૯ | ૭ | ૩ | ૮ | ૫ | ૬ | ૪ | ૨ | ૧ |

## ચતુર આપો જવાબ

માથું ખંજવાળો

આપેલા વાક્યમાં વૃક્ષનો એક હિસ્સો લપાઈને બેઠો છે એ શોધી કાઢો જોઉં.
અંધારું એકલું જ પૂરતું છે આમતેમ આથડતો પડછાયો ઢાંકવા

## નોંધી રાખો

ફૂલથી સુંવાળપ લેતા શીખો, ઝાકળ પાસેથી ભીનાશ મેળવી જુઓ અને ફૂલ પાસેથી મહેક મેળવી ખુદનો અલાયદો બગીચો બનાવી દો.

## માઈન્ડ ગેમ

મેવાડના મહારાણા પ્રતાપ અને મુઘલ બાદશાહ અકબરના સૈન્ય વચ્ચે હલ્દીઘાટીનું યુદ્ધ થયું હતું. હલ્દીઘાટી ક્યા રાજ્યમાં સ્થિત છે?

અ) મધ્ય પ્રદેશ બ) હિમાચલ પ્રદેશ
ક) રાજસ્થાન ડ) ઉત્તર પ્રદેશ

## ગયા ગુરુવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| પહેલા સમરું ગણપતિ દેવા | વિઘન દેજો કાપી |
| બીજે સમરું શારદ માતા | વાણી નિર્મળ આપી |
| ત્રીજે સમરું ગુરુ ચરણને | પાવન કીધાં પાપી |
| ચોથે સમરું માતા પિતાને | સદબુદ્ધિ બહુ આપી |
| પુનિત પંચમ પરમેશ્વરને | માનવ પદવી આપી |

ગુજરાત મોરી મોરી રે
ભરૂચ

ઓળખાણ પડી?
હેમંત ચૌહાણ

માઈન્ડ ગેમ
દમયંતી બરડાઈ

ચતુર આપો જવાબ
માથું ખંજવાળો
નથડી

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) સુભાષ મોમાયા (૨) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૩) મુલરાજ કપૂર (૪) કિશોરકુમાર જીવણદાસ વેદ (૫) નીતા દેસાઈ (૬) ભારતી બુચ (૭) તાહેર ઔરંગાબાદવાલા (૮) શીરીન ઔરંગાબાદવાલા (૯) અબ્દુલ્લા એફ. મુનીમ (૧૦) પુષ્પા પટેલ (૧૧) ખુશરૂ કાપાડિયા (૧૨) શ્રદ્ધા આશર (૧૩) મીનળ કાપડિયા (૧૪) લજિતા ખોના (૧૫) હર્ષા મહેતા (૧૬) વિપીન શાહ (૧૭) નૂતન વિપીન શાહ (૧૮) જ્યોતિ ખાંડવાલા (૧૯) નિખિલ બંગાળી (૨૦) અમીશી બંગાળી (૨૧) મનીષા શેઠ (૨૨) ફાલ્ગુની શેઠ (૨૩) પ્રવીણ વોરા (૨૪) જયવંત પદમશી ચિખલ (૨૫) મહેન્દ્ર લોઢાવિયા (૨૬) મહેશ દોશી (૨૭) વિણા સંપટ (૨૮) દેવેન્દ્ર સંપટ (૨૯) ભાવના કર્વે (૩૦) અરવિંદ કામદાર (૩૧) નયના મિસ્ત્રી (૩૨) શિલ્પા શ્રોફ (૩૩) અંજુ ટોલિયા (૩૪) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૫) નિતિન જયંતિલાલ બજરિયા (૩૬) જ્યોત્સના ગાંધી (૩૭) હિનાબેન દલાલ (૩૮) ઈનાક્ષીબેન દલાલ (૩૯) રમેશભાઈ દલાલ (૪૦) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૧) નયના ગિરીશ મિસ્ત્રી (૪૨) ડો. પ્રકાશ કટકિયા (૪૩) ધીરેન્દ્ર મુલરાજ (૪૪) ગીતા ઉદેશી (૪૫) પ્રતિમા પમાણી (૪૬) મહેશ સંઘવી

# પુરુષ



## સેક્સ્ટોર્શનઃ

# જ્યારે ન્યૂડ વીડિયો કોલ બ્લેકમેલિંગમાં ફેરવાય જાય...

મેલ મેટર્સ
અંકિત દેસાઈ
feedback@bombaysamachar.com

આજના ડિજિટલ યુગમાં, ઇન્ટરનેટ અને સોશ્યલ મીડિયાએ જ્યાં લોકો વચ્ચેના અંતર ઘટાડ્યા છે ત્યાં સાયબર ક્રાઈમ (સાયબર અપરાધ)ના નવાં જોખમો પણ ઊભાં કર્યાં છે. આ જોખમોમાંનું એક સૌથી ચિંતાજનક સ્વરૂપ છે સેક્સ્ટોર્શન (Sextortion) અથવા ન્યૂડ વીડિયો કોલ બ્લેકમેલિંગ. આ ગુનામાં, ગુનેગારો સામાન્ય રીતે સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ્સ અથવા ડેટિંગ એપ્સ દ્વારા પુરુષને ફસાવે છે, તેમની સાથે વિશ્વાસ કેળવે છે અને પછી વીડિયો કોલ દરમિયાન તેમને અશ્લીલ કૃત્યો કરવા માટે મનાવે-લલચાવે છે, જેના રેકોર્ડિંગનો ઉપયોગ પાછળથી પૈસા પડાવવા માટે કરવામાં આવે છે. આ પ્રકારના બ્લેકમેલિંગનો ભોગ બનેલા પુરુષ ઘણીવાર શરમ, ડર અને એકલતાને કારણે ચૂપ રહે છે, જે પરિસ્થિતિને વધુ ગંભીર બનાવે છે.

આ આખી જાળ ખૂબ જ ચાલાકીથી ગોઠવવામાં આવે છે. ગુનેગારો, જેઓ મોટે ભાગે આંતરરાષ્ટ્રીય ગેંગનો ભાગ હોય છે, એ આકર્ષક પ્રોફાઇલ ફોટાનો ઉપયોગ કરે છે, મોટે ભાગે કોઈ સ્ત્રીનો. ઝડપથી વિશ્વાસ કેળવવા માટે એ પ્રેમ કે સંબંધના ખોટા વાયદા કરે છે. એકવાર પીડિત (પુરુષ) ફસાઈ જાય, પછી પેલા પુરુષને વીડિયો કોલ માટે પૂછે છે. કોલ શરૂ થતાં જ, ગુનેગાર (અથવા ઘણીવાર ગુનેગાર દ્વારા ઉપયોગમાં લેવાતી વ્યક્તિ) કપડાં ઉતારવાનું અથવા અશ્લીલ કૃત્ય કરવાનું શરૂ કરે છે અને સામે છેડે પુરુષને પણ તેવું કરવા માટે લલચાવે છે. આ વીડિયો કોલનું સ્ક્રીન રેકોર્ડિંગ ગુનેગાર દ્વારા ગુપ્ત રીતે કરવામાં આવે છે. કોલ પૂરો થતાં જ, પીડિતને તે વીડિયો મોકલવામાં આવે છે અને તેની પાસેથી જબરદસ્તીથી મોટી રકમની માગણી કરવામાં આવે છે, ધમકી આપવામાં આવે છે કે જો પૈસા નહીં આપે તો આ વીડિયો તેના પરિવાર, મિત્રો કે સોશ્યલ મીડિયા પર શેર કરી દેવામાં આવશે.

જો કોઈ પુરુષ આ પ્રકારના બ્લેકમેલિંગનો શિકાર બને તો સૌથી પહેલું અને મહત્ત્વનું પગલું છે ગભરાટમાં આવવાને બદલે શાંત રહેવું. બ્લેકમેલરનો મુખ્ય હેતુ ડર પેદા કરીને પૈસા પડાવવાનો છે અને આ રીતે ગભરાટમાં લેવાયેલો નિર્ણય તમને આર્થિક અને માનસિક રીતે વધુ નુકસાન પહોંચાડી શકે છે.

**પૈસા ચૂકવશો નહીંઃ**

બ્લેકમેલર્સને ક્યારેય પૈસા ચૂકવવા જોઈએ નહીં. મોટાભાગના કિસ્સાઓમાં, એકવાર તમે પૈસા ચૂકવશો, પછી એ ગેન્ગ વધુ પૈસાની માગણી કરવાનું ચાલુ જ રાખશે. પૈસા ચૂકવવાથી તમે માત્ર તેમની ગુનાહિત પ્રવૃત્તિને પ્રોત્સાહન આપો છો.

**તુરંત તમામ સંચાર બંધ કરોઃ**

બ્લેકમેલિંગનો મેસેજ આવતાં જ તે વ્યક્તિને બધા જ સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ્સ, વોટ્સએપ અને અન્ય સંચાર માધ્યમો પરથી તુરંત બ્લોક કરી દો. બ્લેકમેલર સાથે વાતચીત સંપૂર્ણપણે બંધ કરી દો. તેમને કોઈ જવાબ આપશો નહીં, દલીલ કરશો નહીં કે ધમકીઓ આપશો નહીં.

**પુરાવા એકઠા કરોઃ**

બ્લોક કરતાં પહેલાં, ધમકીભર્યા મેસેજિસ, વીડિયો કોલના સ્ક્રીનશોટ, પ્રોફાઇલ ID (યુઝરનેમ), અને ચેટ હિસ્ટરીના પુરાવા એકઠા કરીને સુરક્ષિત જગ્યાએ સાચવી લો. આ પુરાવા ભવિષ્યમાં પોલીસ ફરિયાદ માટે અત્યંત મહત્ત્વના છે.

**પોલીસનો સંપર્ક કરોઃ**

આ કાયદેસરનો ગુનો છે, અને તેનાથી ડરવાની કે શરમાવાની જરૂર નથી. તમારા નજીકના પોલીસ સ્ટેશન, સાયબર ક્રાઇમ સેલ, અથવા ઓનલાઈન પોર્ટલ પર જઈને તુરંત ફરિયાદ નોંધાવો. પોલીસ અધિકારી આવા કેસોથી વાકેફ હોય છે અને તમારી ઓળખ ગુપ્ત રાખીને કાર્યવાહી કરશે. ફરિયાદ નોંધાવવી એ ગુનેગારોને પકડવા અને અન્ય લોકોને બચાવવા માટેનું એક મહત્ત્વનું પગલું છે.

**પરિવાર અને મિત્રો સાથે વાત કરોઃ**

પુરુષો ઘણીવાર શરમ અને ગૌરવને કારણે આ વાત છુપાવે છે, જે તેમને વધુ માનસિક તણાવ આપે છે. એક વિશ્વાસુ મિત્ર, જીવનસાથી કે પરિવારના સભ્ય સાથે વાત કરવાથી માનસિક બોજ હળવો થાય છે અને તમને સહકાર મળે છે.

**તમારા એકાઉન્ટ્સ સુરક્ષિત કરોઃ**

તમારા બધા સોશ્યલ મીડિયા એકાઉન્ટ્સની પ્રાઇવસી સેટિંગ્સને કડક બનાવો અને અજાણ્યા લોકોની ફ્રેન્ડ રિક્વેસ્ટ કે મેસેજ સ્વીકારવાનું ટાળો.

યાદ રાખો, સેક્સ્ટોર્શનનો ભોગ બનવું એ તમારી ભૂલ નથી, પરંતુ ગુનેગારનો ગુનો છે. સમયસર કાર્યવાહી, મૌન તોડીને મદદ માગવી અને કાયદેસરની પ્રક્રિયા અપનાવવાથી આ જોખમી પરિસ્થિતિમાંથી બહાર નીકળી શકાય છે. આ પ્રકારના પડકારનો સામનો કરતી વખતે મજબૂત રહેવું અને પોતાને માનસિક રીતે તંદુરસ્ત રાખવા પર ધ્યાન કેન્દ્રિત કરવું એ જ સાચી હિંમત છે.■



## ડિયર હની... તારો બન્ની

### પત્નીને પત્ર

કૌશિક મહેતા
feedback@bombaysamachar.com

# ગ્રે ડિવોર્સ ...મોટી ઉંમરે છૂટાછેડા!

ડિયર હની,

છૂટાછેડા...

આ શબ્દથી માત્ર પતિ પત્ની છુટ્ટા પડે છે એવું નથી. ક્યારેક આખો પરિવાર છુટ્ટો પડતો હોય છે. એનાં સારાં પરિણામ કરતાં ખરાબ પરિણામ આપણે વધુ જોયા છે. જોકે, હવે છૂટાછેડા નવાઈની વાત રહી નથી. અને પશ્ચિમના દેશોમાં તો મોટી ઉંમરે છૂટાછેડા લેવાનું પ્રમાણ વધ્યું છે. આવા છૂટાછેડાને 'ગ્રે ડિવોર્સ' કહેવામાં આવે છે. એક અહેવાલ મુજબ અમેરિકા જેવા દેશોના આંકડા દર્શાવે છે કે ૫૦ અને તેથી વધુ ઉંમરના લોકોમાં છૂટાછેડાનો દર છેલ્લા કેટલાક દાયકાઓમાં લગભગ બમણો થઈ ગયો છે. ગ્રે ડિવોર્સ એ ૫૦ કે તેથી વધુ ઉંમરના યુગલો વચ્ચે થતા છૂટાછેડા માટે વપરાતો એક અનૌપચારિક શબ્દ છે.

મને એ સમજાતું નથી કે, ૪૦ -૫૦ વર્ષના લગ્નજીવન બાદ પતિ પત્ની વચ્ચે એવી તો કઈ ગાંઠ પડે છે કે જે ઉકેલી શકાતી નથી અને વાત છૂટાછેડા સુધી પહોચી જાય છે? આટલાં વર્ષોમાં તો સંતાનો પણ મોટા થઇ જાય છે. હા, એ સમજી શકાય છે કે, પતિ કે પત્નીનું અવસાન થઇ જાય અને મોટી ઉંમરે કોઈ ફરી લગ્ન કરે. જીવનસાથી શોધે. જીવનનાં બાકીના વર્ષો એની સાથે વિતાવે. જેમ કે, અમેરિકામાં રહેતા નટવર ગાંધી અને પન્ના નાયક. બંને સાહિત્યકાર છે અને બંને જીવનનાં આઠમા દાયકામાં એકબીજાનાં જીવનસાથી બન્યાં, પણ આવા કિસ્સા કેટલા?

મોટી ઉંમરે છૂટાછેડા વધવાનાં મુખ્ય કારણો તપાસીએ તો વધી રહેલી આર્થિક સ્વતંત્રતા એક મોટું કારણ છે. આજના યુગમાં મહિલાઓ વધુ શિક્ષિત અને આર્થિક રીતે સ્વતંત્ર છે, જેના કારણે તેઓ અસંતુષ્ટ લગ્નને લાંબા સમય સુધી સહન કરવા તૈયાર નથી અને છૂટાછેડા લેવાનો નિર્ણય લેવા સક્ષમ છે. ઉપરાંત, લોકો હવે પહેલા કરતાં વધુ લાંબુ જીવે છે. ૫૦ કે ૬૦ વર્ષની ઉંમરે, લોકોને લાગે છે કે એમની પાસે હજી ૨૦-૩૦ વર્ષનું જીવન બાકી છે, અને આ વર્ષો ખુશીથી જીવવા માટે જીવનસાથી બદલવાનું પસંદ કરે છે.

બાળકો મોટા થાય, સેટલ થઇ જાય અને એ ઘર છોડે પછી યુગલોને એમનાં લગ્નજીવનનું મૂલ્યાંકન કરવાની તક મળે છે. જો લગ્નનું બંધન માત્ર બાળકો માટે જ ટકાવવામાં આવ્યું હોય તો બાળકો ગયા પછી અલગ થવાનો નિર્ણય સરળ બની જાય છે.

આધુનિક યુગમાં લોકો પોતાના વ્યક્તિગત સુખ અને સંતોષને વધુ મહત્વ આપે છે. જો લાંબા સમયથી ચાલી આવતા લગ્નમાં સંતોષ ન હોય, તો એ ફેરફાર લાવવા માંગે છે. ભારતમાં પણ શહેરી વિસ્તારો અને શિક્ષિત વર્ગોમાં આ વલણ જોવા છે. સુખી સંપન્ન લોકો અને સેલિબ્રિટીમાં તો આવા કિસ્સાઓ બહુ જોવા મળે છે, જેમ કે, આમિર ખાન અને કિરણ રાવ.

આમીરના જીવનમાં તો આ બીજો બનાવ છે. અને ત્રીજીવાર એ લગ્ન કરે એવી શક્યતા છે. કિરણ રાવ સાથે ૧૫ વર્ષના લગ્નજીવન પછી જુલાઈ ૨૦૨૧માં છૂટાછેડાની જાહેરાત કરીને સૌને આશ્ચર્યચકિત કર્યા હતા. બંનેએ સંયુક્ત નિવેદન બહાર પાડીને જણાવ્યું હતું કે એ બન્ને એમના જીવનમાં નવું પ્રકરણ શરૂ કરી રહ્યા છે અને બાળક માટે સહ-પાલક તરીકે સાથે રહેશે. અભિનેતા કમલ હાસન અને સારિકાના સંબંધો લગભગ બે દાયકા સુધી ચાલ્યા, જેમાં એમણે લાંબા સમય સુધી લિવ-ઇન રિલેશનશિપમાં રહ્યાં બાદ લગ્ન કર્યાં હતાં. ૨૦૦૪માં એમણે છૂટાછેડા લીધા હતા. મલાઇકા અરોરા અને અરબાઝ ખાન, સોહેલ ખાન અને સીમા સજદેહ, ધનૂષ અને ઐશ્વર્યા રજનીકાંત, રિતિક - સુસાન.... આ યાદી લાંબી બની શકે છે. બાળકો પુખ્ત થઇ ગયા હોય, પણ એમના માટે માતા-પિતાનું આટલાં વર્ષો પછી અલગ થવું ભાવનાત્મક આઘાત સમાન હોય શકે છે. સંતાનો માટે એય ધર્મસંકટ થાય છે કે કોના પક્ષે રહેવું, મા પક્ષે કે પિતા પક્ષે? માતા-પિતા સાથે સમાન સંબંધ જાળવી રાખવો મુશ્કેલ બની જાય છે.

માતા-પિતાના લાંબા સમયના લગ્નનો અંત જોઈને પુખ્ત બાળકોને પોતાના અંગત સંબંધ વિશે શંકા કે ડર પેદા થઈ શકે છે.

અહીં સૌથી મહત્ત્વની વાત એ છે કે, સંતાન એવુંય વિચારી શકે કે 'જો મારા માતા-પિતા આટલા વર્ષો પછી સફળ ન થયાં, તો હું કેવી રીતે સફળ થઈ શકીશ?'

હા, ઘણીવાર લગ્નજીવનમાં એવું બનતું હોય છે કે, થોડાં વર્ષો પછી લગ્નમાં પ્રેમ રહેતો નથી એ માત્ર જવાબદારી બની જાય છે.

આપણે કેટલાક કિસ્સાઓમાં આવું જોઈએ છીએ. અને એમાં સ્ત્રીને વધુ ભોગવવું પડે છે. અને એમાંય કોઈનો કોઈ સાથે અફેર હોય તો બંને છુટા પડતી વેળા રાજીખુશીથી અલગ થતા નથી. બંને વચ્ચે લગ્નની શરૂઆતમાં જે મીઠાશ હતી એ ખટાશમાં ફેરવાઈ જાય છે. ઘણીવાર આવા કિસ્સામાં નાની મોટી ગેરસમજ પણ કામ કરી જાય છે. એને એ જો કોઈ દૂર કરી દે તો લગ્ન જીવન ફરી મહેકી ઉઠે છે, પણ એવી ગેરસમજ દૂર કરનારા લોકોની સંખ્યા ઘટતી જાય છે એ આજના યુગની કમનસીબી છે... તું શું કહે છે?

તારો બન્ની

# વયોવૃદ્ધ થવા સાથે મતિવૃદ્ધ પણ થવું જોઈએ

## સંધ્યા છાયા

feedback.ladki@bombaysamachar.com
નીલા સંઘવી

**જીવન સંધ્યાએ** સંધ્યા-છાયાનો અનુભવ કરવો હોય તો વધતી ઉંમર સાથે પોતે પોતાની જાતમાં બદલાવ લાવવો જરૂરી છે.

પરિવર્તન સમયની માગ છે. સમય સાથે પરિવર્તન જરૂરી છે. આપણાં સમયમાં જેવો માહોલ હતો તેવો માહોલ અત્યારે ન જ હોય. આપણાં વડીલોને પણ એવું જ લાગતું હતું કે જમાનો બદલાઈ ગયો છે, અમારે જૂની આંખે નવા તમાશા જોવાના છે. જે વાત આપણાં વડીલો કરતા હતા તે જ વાત આજે આપણે કરી રહ્યા છીએ. આજની પેઢીની રહેણીકરણી જોઈને આપણને પણ જૂની આંખે નવા તમાશા જોતા હોઈએ એવું લાગે છે. જો કે એ બધાં સાથે વૃદ્ધાવસ્થામાં એડજસ્ટ થવું જરૂરી છે. જો એડજસ્ટ ન થઈએ તો પછી વૃદ્ધાશ્રમમાં જવાનો વારો આવે. વૃદ્ધો જો પોતાનો જ કક્કો ખરો કરવાની જીદ પકડી રાખે તો કોઈ સામે પણ નહીં જુએ. આજની પેઢીને એ વડીલો 'ડસ્ટબીન' જેવાં લાગવા માંડશે..

આવી જીવનની ઢળતી સાંજે જો થોડીક સાવધાની રાખીને વર્તન કરવામાં આવે તો સંતાનોના દિલમાં જગા બનાવીને જીવન સંધ્યાએ પણ શીળા છાંયડાનો અનુભવ કરી શકાય. આ માટે કેટલીક વાતો ધ્યાનમાં રાખવી જરૂરી છે.

આવો, વિચારીએ શું કરવું જોઈએ?

ઉંમર થાય એટલે બોલવાનું ઓછું કરી નાખવાનું. આખો દિવસ બડબડ નહીં કરવાનું. લૂલી વશમાં રાખવાની. આજની પેઢી એટલી વ્યસ્ત અને સ્ટ્રેસ્ડ છે કે ઘરમાં જો વડીલો કારણ વગર વાતો કર્યા કરે તો એમને બડબડ કરતા હોય તેવું લાગે છે. તેથી જરૂર પડતું જ બોલવું. મૌન સૌથી ઉત્તમ.

ઘણી વાર ઘરના વડીલ એકની એક વાત રિપીટ કરતા હોય છે. એમના જીવનની ઘટના વારંવાર સંભળાવતા હોય છે ત્યારે પરિવારના સભ્યો ત્રાસી જાય છે. વડીલને યાદ ન હોય કે આ વાત તો ઓલરેડી ઘણીવાર કહી દીધી છે તેથી મૌન ધારણ કરી લેવું. મૌન રહેવાથી બીજાને તો સારું લાગશે જ પણ પોતાની જાતને ય સારું લાગશે.

ઉંમર વધતા પોતાની જરૂરિયાતો ઓછી કરી નાખવી જોઈએ. બહુ મર્યાદિત ચીજ-વસ્તુથી ચલાવતા શીખી જવાનું. 'મને આમ તો જોઈશે અને તેમ પણ જોઈશે...' એવું બધું ચાલવાનું નથી. તમારી જાતજાતની જરૂરિયાતો પૂર્ણ કરવાનો સમય કોઈ પાસે નથી.

તમે કહેશો કેમ એવું? એ નાના હતા ત્યારે આપણે એમની ભાતભાતની ફરમાઈશ પૂર્ણ કરતા હતા ને? ત્યારે આપણી પાસે પણ સમય ન હતો, તો પણ એમની એક એક જરૂરિયાત પૂર્ણ કરતા હતા તે લોકો કેમ આપણી માટે ન કરે?




ન કરી શકે, કારણ કે એને પોતાનાં બાળકોની ફરમાઈશ પૂરી કરવાની હોય છે. તમારા સમયે તમે પણ તમારા માતા-પિતાની જરૂરિયાત અવગણીને બાળકોની જરૂરિયાતને જ મહત્ત્વ આપ્યું હતું જ ને? આ તો સમયનું ચક્ર છે, જે ફર્યા જ કરે છે. 'વારા પછી વારો અને તારા પછી મારો' એટલે જે આપણે આપણાં માતા-પિતા સાથે કર્યું તે જ આપણાં સંતાનો આપણી સાથે કરે છે. જરૂરિયાતો ઓછી હશે તો જીવન જીવવામાં સરળતા રહે છે.

વયોવૃદ્ધ થવા સાથે મતિવૃદ્ધ થવું જરૂરી છે. વયોવૃદ્ધ થતાં બુદ્ધિથી વિચારતા પણ શીખવું જોઈએ. આપણા કારણે કોઈને મુશ્કેલી ન પડે તેનું ધ્યાન રાખવું જરૂરી છે. જો વૃદ્ધો સંતાનોને મુશ્કેલી ન પડે તેનું ધ્યાન રાખશે તો સંતાનો પણ પોતાના વડીલોને મુશ્કેલી ન પડે તેનું ધ્યાન રાખશે. સંતાનો કાંઈ બુદ્ધુ નથી, એમને પણ ખ્યાલ આવી જાય છે કે અમારાં માતા-પિતા અમને તકલીફ આપતા નથી તો અમારે પણ એમને કોઈ તકલીફ ન પડે તેનું ધ્યાન રાખવું જોઈએ. આ ગીવ એન્ડ ટેઈક રિલેશનશિપ જેવું છે. અરસપરસ છે.

વયોવૃદ્ધ થઈએ ત્યારે એક વસ્તુ ગાંઠે બાંધી લેવાની કે 'મનનું ધાર્યું થાય તો ઠીક, ન થાય તો ઈશ્વરની ઈચ્છા...' મનચાહી વસ્તુ મળે તો સારું. ન મળે તો વધારે સારું.

હવે તમે પૂછશો ન મળે તો વધારે સારું કેમ? જો એકવાર મન ચાહી વસ્તુ નહીં મળે અને તમે સમજી જશો કે હવે આ વસ્તુ નહીં મળે તેથી જો સમજ વિકસી હશે તો તમે બીજી વાર એની માગણી નહીં કરો તો એ વધારે સારું જ કહેવાયને?

જીવન સંધ્યાએ જો સંધ્યા-છાયાનો લાભ મેળવવો હોય તો ગુસ્સાને તિલાંજલિ આપી દેવાની. ગુસ્સો સ્વાસ્થ્ય માટે હાનિકારક છે અને સંબંધો માટે તો ઓર હાનિકારક છે. એટલે ગુસ્સો તો કરવાનો જ નહીં. માથા પર બરફની કોથળી મૂકી હોય એટલી ઠંડક રાખવાની. જો તમે ગુસ્સો કરશો તો સંતાનો પણ સામે ગુસ્સે થવાના જ છે. એ કાંઈ તમારી વાત સાંભળી લેવાના નથી. તો પછી શા માટે નકામું થૂંક ઉડાડવાનું? તમારો ઑફિસમાં વટ હતો, તમારો પડ્યો બોલ ઘરમાં અને ઑફિસમાં ઝીલાતો હતો તે વાત ભૂલી જવાની , કારણ કે સમય બદલાઈ ગયો છે. હવે તમે કોઈને કામના રહ્યા નથી. તેથી વટ કી ઐસી તૈસી કરી નાખવાની. તમે શાંતિથી જીવી શકો, બે ટાઈમ સારું ભોજન ખાઈ શકો, સાજે માંદે સંતાનો તમારી સંભાળ લે એટલું જ પૂરતું છે. એનાથી વધારે અપેક્ષા રાખવાની નહીં. ...મગજ શાંત રાખો. શાંતિથી જીવો અને શાંતિથી બીજાને જીવવા દો.

'હમારે જમાને મેં તો...' એ વાત તો કરતા જ નહીં. આવી વાતો આજે કરવાનો કોઈ અર્થ નથી. તમારો જમાનો અલગ હતો અને આ જમાનો અલગ છે. તેથી ભૂતકાળને વાગોળવો નહીં અને જો વાગોળવો જ હોય તો તમારા હમઉમ્ર મિત્રો સાથે વાગોળવો, સંતાનો સામે હરગીઝ નહીં.

જો તમે પોતે શ્રીમંત હોય તો એનો રૂઆબ સંતાનો પર છાંટવો નહીં. પોતાની ધનસંપત્તિનું અભિમાન, વખાણ કરવા નહીં. સંતાનોને ધન સંપત્તિના રૂઆબમાં, વખાણમાં નહીં ધનસંપત્તિમાં રસ છે. તેથી રૂઆબ કરવાને બદલે સમયે સમયે સંતાનોને, પુત્રવધૂઓને, જમાઈઓને, પૌત્ર-પૌત્રીઓને ઈત્યાદિ સ્વજનોને ભેટ સોગાદ આપતા રહેવાની. એને કારણે એ બધા ખુશ રહેશે. વાતોથી નહીં વર્તનથી એમને ખુશી મળશે.

- તો, આજના લેખ માટે આટલું બધું પૂરતું છે, વધારાની વાત હવે પછી..... ■

# “એક જ બેઠકમાં ઍરપોર્ટ માટે ૭ NOC મળી”, દેવેન્દ્ર ફડણવીસે ‘તે’ ઘટના કહી!



“આજે સપનાં પૂરાં કરવાનો દિવસ છે. ખરેખર આનંદની વાત છે કે આપણે છેલ્લાં દસ વર્ષથી જે વાતો કહી રહ્યા છીએ તે આજે જાહેર થઈ રહી છે. આજે જે ઍરપોર્ટ બનાવવામાં આવ્યું છે તે નવા ભારતનું પ્રતીક છે. આ ઍરપોર્ટનો ખ્યાલ નેવુંના દાયકામાં હતો. ઘણાં વર્ષોથી, જ્યારે આપણે મુંબઈથી પુણે જતા હતા, ત્યારે એક સાઇનબોર્ડ હતું જેમાં લખ્યું હતું કે નવી મુંબઈમાં આંતરરાષ્ટ્રીય ઍરપોર્ટ હશે. પરંતુ કંઈ થવાનું નથી.” દેવેન્દ્ર ફડણવીસે કહ્યું. ■




દેવેન્દ્ર ફડણવીસે વધુમાં કહ્યું, જ્યારે મોદીના નેતૃત્વમાં દેશમાં અને મહારાષ્ટ્રમાં સરકાર આવી, ત્યારે અમે પ્રગતિમાં નવી મુંબઈ ઍરપોર્ટ લેવા માટે મોદીને વિનંતી કરી. મોદીએ અમારી વિનંતી સ્વીકારી, પછી દસ વર્ષમાં, આ ઍરપોર્ટ શરૂ કરવા માટે આઠ NOC ની જરૂર હતી. પરંતુ તે મળી જ્યારે મોદીએ પ્રગતિની પહેલી બેઠક યોજી, ત્યારે તેમણે સવાર સુધીમાં અમને કહ્યું કે હવે અમને સાત NOC મળી છે. પછી વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પૂછ્યું કે આઠમી NOC વિશે શું? તેમની પાસે એક મહિનાની નોટિસ હતી. તે ગઈ હતી. પંદરમા દિવસે, તે NOC આવી અને તે પછી દસ વર્ષ સુધી જે બન્યું ન હતું તે મોદીની એક બેઠકમાં થયું અને અમે અહીં એક ખૂબ જ સુંદર ઍરપોર્ટ બનાવ્યું. આ ૯ કરોડ મુસાફરોની ક્ષમતા ધરાવતું ઍરપોર્ટ છે. આ ઍરપોર્ટ એન્જિનિયરિંગનું એક ઉત્તમ ઉદાહરણ છે. આ ઍરપોર્ટ મહારાષ્ટ્ર અને ભારતના વિકાસમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવશે, દેવેન્દ્ર ફડણવીસે કહ્યું છે. ■



વડા પ્રધાન નરેન્દ્ર મોદી નવી મુંબઈ ઍરપોર્ટના ઉદ્ઘાટન માટે જતાં દિવ્યાંગ બાળકોના સ્ટોલ પાસે રોકાયા હતા અને તેમની સાથે હળવી પળો માણી હતી. (એજન્સી)



નવી મુંબઈના ગ્રીનફિલ્ડ એરપોર્ટની લઘુકૃતિને નિહાળી રહેલા વડા પ્રધાન નરેન્દ્ર મોદી, મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને અન્યો. (એજન્સી)

## ભાજપમાં હાઈ-વોલ્ટેજ ઊથલપાથલના સંકેત

### રાજભવનમાં રોકાણ દરમિયાન વડા પ્રધાન મોદીએ ભાજપના નેતાઓ સાથે કરી ચર્ચા



મુંબઈઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદી બે દિવસની મુંબઈની મુલાકાતે છે. નરેન્દ્ર મોદીએ બુધવારે નવી મુંબઈ આંતરરાષ્ટ્રીય એરપોર્ટના પહેલા તબક્કાનું ઉદ્ઘાટન કર્યું. મુંબઈમાં ભૂગર્ભ મેટ્રો લાઇનનું પણ ઉદ્ઘાટન કરવામાં આવ્યું. આ પછી, મુંબઈમાં ભાજપ છાવણીમાં મોટી અને હાઇ-વોલ્ટેજ ઊથલપાથલ થવાના સંકેતો મળી રહ્યા છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદી લાંબા સમય પછી મુંબઈ આવ્યા છે. નજીકના ભવિષ્યમાં મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનની (જુઓ પાનું ૪) ▶▶

## કાંદિવલીના ફ્લેટમાંના ‘ડબ્બા ટ્રેડિંગ’નો પર્દાફાશઃ ત્રણ મહિનામાં ૬૧૫ કરોડનું ટર્નઓવર

### શેરદલાલ સહિત ત્રણ પકડાયા

મુંબઈઃ કાંદિવલી વિસ્તારમાં આવેલી ઇમારતમાંના ફ્લેટમાં ચાલતા ‘ડબ્બા ટ્રેડિંગ’નો મુંબઈ ક્રાઇમ બ્રાન્ચે પર્દાફાશ કર્યો હતો અને આ પ્રકરણે ૪૮ વર્ષના શેરદલાલ સહિત ત્રણ જણની ધરપકડ કરી હતી. ત્રણેય જણ પાસે સિક્યુરિટી એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા (સેબી)નું કોઇ અધિકૃત લાઇસન્સ ન હોવા છતાં તેઓ એનએસઇ/એમસીએક્સ એક્સચેન્જ પર ગેરકાયદે ટ્રેડિંગ કરી રહ્યા હતા. શેરદલાલના કમ્પ્યુટરમાં (જુઓ પાનું ૪) ▶▶

## જોગેશ્વરીમાં સિમેન્ટ બ્લોક માથામાં વાગવાથી યુવતીનું મોત

મુંબઈઃ જોગેશ્વરી વિસ્તારમાં નિર્માણાધીન ઇમારતમાંથી પડેલો સિમેન્ટનો બ્લોક ત્યાંથી પસાર થઇ રહેલી યુવતીનાં માથામાં વાગતાં તેનું મૃત્યુ થયું હતું. મૃતકની ઓળખ સંસ્કૃતિ અનિલ અમિન (૨૨) તરીકે થઇ હતી, જે જોગેશ્વરી પૂર્વમાં મજાસવાડી ખાતે કિરણદેવી દેવેન્દ્રસિંહ ચાલમાં પરિવાર સાથે રહેતી હતી. સંસ્કૃતિ બુધવારે સવારના ૯.૩૦ વાગ્યે કામે જવા માટે ઘરેથી નીકળી હતી. સંસ્કૃતિ ઘરની નજીક રિડેવલપમેન્ટ સાઇટ પાસેથી પસાર થઇ રહી હતી ત્યારે નિર્માણાધીન ઇમારતમાંથી પડેલો સિમેન્ટ બ્લોક તેના માથામાં વાગ્યો હતો. સંસ્કૃતિના પિતા અનિલ ઉમેશ અમિને પોલીસને જણાવ્યું હતું કે હું સવારે (જુઓ પાનું ૪) ▶▶

## ‘ઝુંડ’ ફિલ્મના અભિનેતાની શસ્ત્રના ઘા ઝીંકી હત્યાઃ મિત્રની ધરપકડ

નાગપુરઃ હિન્દી ફિલ્મ ‘ઝુંડ’માં ‘બાબુ છેત્રી’ના પાત્ર માટે પ્રખ્યાત થયેલા અભિનેતા પ્રિયાંશુ ઉર્ફે બાબુ રવિસિંહ છેત્રીની નાગપુરમાં દારૂ પીતી વખતે થયેલા ઝઘડા બાદ મિત્ર દ્વારા હત્યા કરવામાં આવી હોવાનું પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

બુધવારે વહેલી સવારે આ ઘટના બની હતી અને પોલીસે આરોપી ધ્રુવ લાલબહાદુર સાહુ (૨૦)ની ધરપકડ કરી હતી.

૨૧ વર્ષના અભિનેતા પ્રિયાંશુએ ૨૦૨૨માં રિલીઝ થયેલી બિગ બી અમિતાભ બચ્ચન અભિનિત અને નાગરાજ મંજુળે દિગ્દર્શિત બાયોલોજિકલ સ્પોર્ટ્સ ફિલ્મમાં તેની ભૂમિકા માટે પ્રશંસા મેળવી હતી. પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે પ્રિયાંશુ છેત્રી અને આરોપી સાહુ નજીકના મિત્ર હતા અને તેઓ (જુઓ પાનું ૪) ▶▶

## પીએમ નરેન્દ્ર મોદીએ મુંબઈવાસીઓની મિનિટ-દર-મિનિટ ગણતરીઓની નોંધ લીધી

મુંબઈઃ મુંબઈમાં, જ્યાં ૧-૧ મિનિટ મહત્ત્વપૂર્ણ છે, ત્યાં ૩-૪ વર્ષ સુધી એક પ્રોજેક્ટ એનો એ જ રહ્યો. મેં મુંબઈ મેટ્રો લાઈન ૩ નો શિલાન્યાસ કર્યો, પરંતુ પછી તેમાં અવરોધો મૂકવામાં આવ્યા. કેટલાક લોકો કૌભાંડો કરીને વિકાસમાં અવરોધો ઊભા કરે છે. એમવીએ સરકારને કારણે દેશને હજારો કરોડનું નુકસાન થયું, જે કોઈ પાપથી ઓછું નથી. અમે સત્તામાં આવતાની સાથે જ આ પ્રોજેક્ટ પૂર્ણ થયો. કારણે મુંબઈવાસીઓનો સમય બચશે. હવે ટિકિટ માટે કતારોમાં ઊભા રહીને સમય બગાડવામાં આવશે નહીં. આ માટે મુંબઈ વન એપ લોન્ચ કરવામાં આવી છે, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મુંબઈવાસીઓના મુંબઈના આત્માની પણ નોંધ લીધી છે.

તેઓ નવી મુંબઈ આંતરરાષ્ટ્રીય એરપોર્ટના ઉદ્ઘાટન પ્રસંગે બોલી રહ્યા હતા. આ પ્રસંગે ઉદ્યોગપતિ ગૌતમ અદાણી, મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ, નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદે, અજિત પવાર સહિત કેન્દ્રીય મંત્રીઓ અને રાજ્યમંત્રીઓ અને નેતાઓ મંચ પર હાજર હતા.

આ પ્રસંગે, પ્રધાનમંત્રી (પીએમ નરેન્દ્ર મોદીએ) વધુમાં કહ્યું કે, મુંબઈને બીજું આંતરરાષ્ટ્રીય એરપોર્ટ મળ્યું છે. તેમાં ભૂગર્ભ મેટ્રો પણ બની છે. મુંબઈવાસીઓનો મુસાફરીનો સમય પણ બચશે. આ ભવ્ય મેટ્રો મુંબઈની ઐતિહાસિક ઇમારતોને સાચવીને બનાવવામાં આવી છે. આ ભારતના યુવાનો માટે અસંખ્ય તકોનો સમય છે. થોડા દિવસો પહેલા, દેશની ૬૦,૦૦૦ કરોડ રૂપિયાની પીએમ સેતુ યોજના શરૂ કરવામાં આવી હતી. હું મહારાષ્ટ્રના યુવાનોને શુભકામનાઓ પાઠવું છું. ■

## નવી મુંબઈ આંતરરાષ્ટ્રીય ઍરપોર્ટના ઉદ્ઘાટનમાં મુખ્ય પ્રધાને લોકોના દિલ જીત્યા

નવી મુંબઈઃ બહુપ્રતિક્ષિત નવી મુંબઈ એરપોર્ટના પ્રથમ તબક્કાનું ઉદ્ઘાટન બુધવારે યોજાયું હતું. આ પ્રસંગે દેવેન્દ્ર ફડણવીસે પોતાના ભાષણની શરૂઆતમાં લોકનેતા ડી. બી. પાટીલનું નામ લેવાનું ભૂલ્યા ન હતા. તેમણે ડી. બી. પાટીલનો ઉલ્લેખ કર્યાની સાથે જ તાળીઓનો ગડગડાટ થવા લાગ્યો હતો.

હું છત્રપતિ શિવાજી મહારાજને સન્માનપૂર્વક વંદન કરું છું.

ભારતીય સંવિધાનના શિલ્પકાર ડો. બાબાસાહેબ આંબેડકરને પણ શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું, જેમણે ભૂમિપુત્રોના હક્કો માટે મોટો સંઘર્ષ કર્યો અને, આજે આપણા આ એરપોર્ટના ઉદઘાટન માટે અહીં ઉપસ્થિત થયેલા નવભારતના નિર્માતા, વડા પ્રધાન નરેન્દ્ર મોદીનું હું સ્વાગત કરું છું”, દેવેન્દ્ર ફડણવીસે તેમના ભાષણની શરૂઆતમાં કહ્યું હતું. આ એરપોર્ટનો ખ્યાલ નેવુંના દાયકામાં હતો. જ્યારે અમે મુંબઈથી પુણે જતા હતા, ત્યારે અહીં એક બોર્ડ લાગેલું હતું કે નવી મુંબઈનું આંતરરાષ્ટ્રીય એરપોર્ટ અહીં બનાવવામાં આવશે. પરંતુ કંઈ થવાનું નહોતું. જ્યારે મોદીના નેતૃત્વમાં દેશમાં અને મહારાષ્ટ્રમાં સરકાર આવી, ત્યારે અમે મોદીને વિનંતી કરી કે તેઓ પોતાની પ્રગતિની યોજનામાં નવી મુંબઈ એરપોર્ટને સામેલ કરે. મોદીએ ‘પ્રગતિ’ હેઠળ આ એરપોર્ટ લીધા પછી, છેલ્લાં ૧૦ વર્ષમાં આઠ એવી એનઓસી હતી જે મળી રહી નહોતી. મોદીએ ’પ્રગતિ’ની પહેલી બેઠક લીધી, તે દિવસે સવારે મુખ્ય સચિવે કહ્યું કે સાત નોટિસ મળી છે. મોદીએ પૂછ્યું કે આઠમી નોટિસ ક્યાં છે? તે ૧૫ દિવસ પછી આવી અને મોદીની એક જ બેઠકથી એરપોર્ટના કામની શરૂઆત થઈ ગઈ,” એવી યાદ દેવેન્દ્ર ફડણવીસે તાજી કરી. ■

## જ્યાં મોદીનો હાથ સ્પર્શે છે, ત્યાં સોનું છેઃ શિંદે

### ભારતને આત્મનિર્ભર અને મહાસત્તા બનાવવા માટે નરેન્દ્ર મોદીએ ૨૦૧૪માં ઉડાન ભરી હતી

મુંબઈઃ જ્યારે પણ ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી મહારાષ્ટ્ર આવે છે, ત્યારે તેઓ કોઈ મોટા પ્રોજેક્ટનું ઉદ્ઘાટન કરે છે અથવા શિલાન્યાસ કરે છે. આઠ વર્ષ પહેલાં, મોદીએ દેશના સૌથી મોટા ગ્રીનફિલ્ડ એરપોર્ટનો શિલાન્યાસ કર્યો હતો, અને આજે તે જ એરપોર્ટનું ઉદ્ઘાટન પણ તેમના દ્વારા કરવામાં આવ્યું હતું. જ્યાં મોદીનો હાથ સ્પર્શે છે, ત્યાં સોનું છે; નવી મુંબઈ એરપોર્ટ તેનું ઉત્તમ ઉદાહરણ છે, નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ કહ્યું.



નવી મુંબઈ આંતરરાષ્ટ્રીય ગ્રીનફિલ્ડ એરપોર્ટનું ઉદઘાટન વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે બોલતા, નાયબ મુખ્ય પ્રધાન શિંદેએ કહ્યું, વિવિધ વિમાનો ઉડાન ભરે છે અને ઊતરે છે, પરંતુ નરેન્દ્ર મોદીએ ૨૦૧૪ માં ભારતને આત્મનિર્ભર અને મહાસત્તા બનાવવા માટે ઉડાન ભરી હતી. પ્રગતિ અને વિકાસ એકસાથે ચાલે છે, અને જ્યારે આપણે ઉડાન વિશે વાત કરીએ છીએ, ત્યારે મોદીજી યાદ આવે છે. આ ફક્ત એક એરપોર્ટ નથી, પરંતુ મહારાષ્ટ્રના નવા ભારતમાં વિશ્વાસનું પ્રતીક છે.

શિંદેએ વધુમાં કહ્યું, નરેન્દ્ર મોદીએ એક સ્વપ્ન જોયું છે કે અહીંથી ફક્ત વિમાનો ઉડાન ભરશે નહીં, પરંતુ એક મજબૂત અને આત્મનિર્ભર ભારતનું નિર્માણ થશે. ૨૧મી સદીમાં જ્યારે મોદીજીએ દેશની કમાન સંભાળી ત્યારે દેશમાં ફક્ત ૭૪ એરપોર્ટ હતાં. છેલ્લાં દસ વર્ષમાં, આ સંખ્યા બમણી થઈને ૧૫૦ થઈ ગઈ છે અને મોદીજીએ ૨૦૩૦ સુધીમાં તેને ૨૨૦ સુધી વધારવાનો સંકલ્પ કર્યો છે. આ ફક્ત સંખ્યાઓ નથી, પરંતુ દેશના આત્મવિશ્વાસની વાર્તા છે. મોદીજી એવું નથી કહેતા કે ‘તે કંઈપણ માટે શક્ય છે’. “આજે, નવી મુંબઈ એરપોર્ટની સરખામણી લંડનના હીથ્રો એરપોર્ટ સાથે કરવામાં આવે છે, પરંતુ મને વિશ્વાસ છે કે ટૂંક સમયમાં હીથ્રોની સરખામણી નવી મુંબઈ એરપોર્ટ સાથે કરવામાં આવશે,” એમ શિંદેએ કહ્યું હતું. ■

## મુંબઈ મેટ્રો લાઇન ૩ના આખરી તબક્કાને લીલી ઝંડી

વરલી (આચાર્ય અત્રે ચોક) થી કફ પરેડ (ફેઝ 2B) વચ્ચે મુંબઈ મેટ્રો લાઇન ૩ના અંતિમ તબક્કા 2Bનું ઉદ્ઘાટન આખરે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના વરદ હસ્તે ૮ ઓક્ટોબરના રોજ થયું. એક્વા લાઇન તરીકે ઓળખાતી આ લાઈનનો ૧૦.૯૯ કિમીનો આખરી તબક્કો શરૂ થયા બાદ, ઉત્તર મુંબઈના આરેથી દક્ષિણ મુંબઈના કફ પરેડ સુધીનો ૩૩.૫ કિમીનો સંપૂર્ણ કોરિડોર કાર્યરત થશે. આ સંપૂર્ણ કોરિડોર નવ ઓક્ટોબરથી જાહેર જનતા માટે શરૂ થશે.

### સમયપત્રક

આનું સમયપત્રક વહેલી સવારના પ્રવાસીઓ અને મોડી રાતના પ્રવાસીઓ બંનેને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવ્યું છે. આરે JVLR અને કફ પરેડથી પહેલી ટ્રેન સવારે ૫:૫૫ વાગ્યે ઉપડશે. છેલ્લી ટ્રેન રાત્રે ૧૦:૩૦ વાગ્યે ઉપડશે અને લગભગ ૧૧:૨૫ વાગ્યે ટર્મિનલ સ્ટેશનો પર પહોંચશે. ટ્રેનો દર પાંચ મિનિટે દોડશે, જેનાથી સમગ્ર રૂટ પર સરળ અને સમયસર મુસાફરી સુનિશ્ચિત થશે.

### સ્ટેશનો

મુંબઈ મેટ્રો લાઇન ૩ કોરિડોર પર કુલ ૨૭ સ્ટેશન છે અને આરે (JVLR) સિવાય બધા સ્ટેશન ભૂગર્ભમાં છે. જે ઉત્તરીય ઉપનગરોને દક્ષિણ મુંબઈ સાથે જોડે છે. આરે (JVLR) SEEPZ MIDC મરોલ નાકા CSMIA T2, સહાર રોડ CSMIA T1, સાંતાક્રુઝ વિદ્યાનગરી BKC (બાંદ્રા કુર્લા કોમ્પ્લેક્સ), ધારાવી શીતલાદેવી મંદિર, દાદર સિદ્ધિવિનાયક મંદિર, વર્લી આચાર્ય અત્રે ચોક, સાયન્સ મ્યુઝિયમ, મહાલક્ષ્મી જગન્નાથ શંકર શેઠ મેટ્રો, ગ્રાન્ટ રોડ, ગિરગાંવ, કાલબાદેવી, છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ (CSMT), હુતાત્મા ચોક, ચર્ચગેટ, વિધાન ભવન, કફ પરેડ.

### મેટ્રો ૩ લાઇન મુખ્ય વિસ્તારોને જોડે છે

આ પહેલી વાર છે જ્યારે મેટ્રો લાઇન કાલબાદેવી, ગિરગાંવ અને કફ પરેડ સહિતના તમામ વ્યવસાયિક કેન્દ્રો, મનોરંજન ક્ષેત્ર અને એરપોર્ટને એક જ યાત્રામાં જોડશે.

### મુસાફરીનો સમય

આરેથી કફ પરેડ સુધીની સંપૂર્ણ મુસાફરી લગભગ ૧ કલાકમાં પૂર્ણ થશે જે સામાન્ય રીતે દોઢ કલાક લાગે છે.

### ભાડું

ભાડું મુસાફરોને પોસાય તેવા રાખવામાં આવ્યું છે. લઘુત્તમ ભાડું રૂ. ૧૦ થી શરૂ થાય છે અને સમગ્ર એકતરફી મુસાફરી માટે રૂ. ૭૦ છે.

### ઊર્જાની બચત

આ પ્રોજેક્ટ કાર્યક્ષમતા અને ટકાઉપણું પર ધ્યાન કેન્દ્રિત કરીને વિકસાવવામાં આવ્યો છે, જેમાં દરેક સ્ટેશન પર ઊર્જા બચત પ્રણાલીઓ અને વિશ્વ કક્ષાની યાત્રી સુવિધાઓનો સમાવેશ થાય છે. તે દર વર્ષે ૨.૬૧ લાખ ટન C02 ઉત્સર્જન બચાવશે.

## નવી મુંબઈ ઍરપોર્ટથી ગેટવે- સુધી વોટર ટેક્સી

આ ઍરપોર્ટ મહારાષ્ટ્રના GDPમાં એક ટકાનો વધારો કરવાની ક્ષમતા ધરાવે છે. અટલ સેતુ પણ મોદીના નેતૃત્વમાં બનાવવામાં આવ્યું છે. આ પહેલું ઍરપોર્ટ પણ હશે જ્યાં વોટર ટેક્સીઓ ઉપલબ્ધ હશે. આ વોટર ટેક્સીમાં બેસીને સીધા ગેટવે ઓફ ઈન્ડિયા જઈ શકો છો. ઉપરાંત, ચાલીસ કિમી લાંબી ભૂગર્ભ મેટ્રો પણ મોદીના આશીર્વાદથી બનાવવામાં આવી હતી, દક્ષિણ અને ઉત્તર મુંબઈને આ મેટ્રો સાથે જોડવામાં સફળ રહ્યા. ગ્રીન ટ્રિબ્યુનલ, હાઈ કોર્ટ, સુપ્રીમ કોર્ટની મુશ્કેલીઓ છતાં, અમે આ કાર્ય પૂર્ણ કરવામાં સફળ રહ્યા. કારણ કે નરેન્દ્ર મોદી અમારી પડખે હતા, દેવેન્દ્ર ફડણવીસે પણ કહ્યું છે. ■

## પુણેમાં સ્કૂલ બસ સાથે મિની ટ્રક ટકરાતાં આઠ વિદ્યાર્થી ઘાયલ

પુણેઃ પુણે-સોલાપુર હાઇવે પર સ્ટીલના સળિયા લઇ જતી મિની ટ્રક સ્કૂલ બસ સાથે ટકરાતાં આઠ વિદ્યાર્થી અને મહિલા અટેન્ડન્ટ ઘાયલ થયાં હતાં. મિની ટ્રકમાંના સ્ટીલના અમુક સળિયા સ્કૂલ બસનો પાછળનો કાચ તોડીને અંદર ઘૂસી ગયા હતા. સદનસીબે એ સળિયા કોઇ વિદ્યાર્થીને વાગ્યા નહોતા. પુણેમાં સોરતાપવાડી નજીક બુધવારે બપોરે ૨ વાગ્યાની આસપાસ આ અકસ્માત થયો હતો. સ્કૂલ બસની સામે અચાનક (જુઓ પાનું ૪) ▶▶

## વૈશ્વિક રોકાણકારોને ‘બિઝનેસ ફ્રેન્ડલી’ સ્થિતિનો લાભ લેવા ફડણવીસનું આમંત્રણ

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે બુધવારે જણાવ્યું હતું કે મહારાષ્ટ્રની ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ (વેપાર ધંધામાં સરળતા) પોલિસીએ રાજ્યમાં રોકાણને ખૂબ જ નફાકારક અને આસાન બનાવ્યું છે. તાજ પેલેસ હોટલમાં બ્રિટિશ પ્રતિનિધિમંડળ સાથેની બેઠકમાં ફડણવીસે કહ્યું કે સરકાર રોકાણકારોના મુદ્દાઓને તાત્કાલિક ઉકેલવા અને ઔદ્યોગિક, નાણાં, શિક્ષણ, શહેરી વિકાસ અને ટેકનિકલ ક્ષેત્રોમાં સક્ષમ વાતાવરણ બનાવવા માટે પ્રતિબદ્ધ છે.

‘મહારાષ્ટ્ર મજબૂત કનેક્ટિવિટી અને ઉત્તમ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે દેશનું સૌથી ઉદ્યોગ-મૈત્રીપૂર્ણ રાજ્ય છે. અગ્રણી વૈશ્વિક યુનિવર્સિટીઓ સાથેની અમારી ભાગીદારી ઉચ્ચ ગુણવત્તા ધરાવતા કુશળ લોકો તૈયાર કરી રહી છે’ એમ સીએમએ જણાવી ઉમેર્યું હતું કે ‘ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ પહેલથી ઔદ્યોગિક પરમિટ મેળવવાની પ્રક્રિયા સરળ બની છે. રોકાણકારોની ચિંતાઓને દૂર કરવા માટે એક ખાસ વ્યવસ્થા બનાવવામાં આવી છે અને દર મહિને તેના કામની સમીક્ષા કરવામાં આવે છે.’

નવી મુંબઈમાં એક ‘એજ્યુકેશન સિટી’ તૈયાર થઈ રહ્યું છે જ્યાં યુનિવર્સિટી ઓફ લંડનનું કેમ્પસ ઊભું થશે અને ૨ હજાર વિદ્યાર્થીઓને ત્યાં શિક્ષણ મળશે એમ જણાવી વધુમાં કહ્યું હતું કે નવી મુંબઈ ઇન્ટરનેશનલ એરપોર્ટ, મુંબઈ ટ્રાન્સ હાર્બર લિંક અને સૂચિત ‘થર્ડ મુંબઈ’ જેવા ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ શહેરી વિકાસને આગળ ધપાવી રહ્યા છે, જ્યારે વાઢવણ પોર્ટને બુલેટ ટ્રેન સ્ટેશન અને ગ્રીન ઇન્ડસ્ટ્રીયલ ઝોન સાથે મુખ્ય ઔદ્યોગિક કેન્દ્ર તરીકે વિકસાવવામાં આવી રહ્યું છે, જેની કલ્પના ‘ચોથા મુંબઈ’ તરીકે કરવામાં આવી છે. (પીટીઆઈ) ■

# મેં બે મહિનામાં દગો આપ્યો એ આરોપ સાવ ખોટો...તો પછી લગ્ન કેમ સવાચાર વર્ષ સુધી ટકાવી રાખ્યા?: યુઝવેન્દ્ર ચહલ

મુંબઈઃ ભારતીય ક્રિકેટર યુઝવેન્દ્ર ચહલે ભૂતપૂર્વ પત્ની ધનશ્રી વર્મા દ્વારા મૂકવામાં આવેલા આરોપો પર મૌન તોડ્યું છે અને તમામ આરોપોને ખોટા ગણાવ્યા છે.





ચહલ અને ધનશ્રીએ ડિસેમ્બર, ૨૦૨૦માં લગ્ન કર્યાં હતાં. તેમણે આ વર્ષના માર્ચમાં (સવાચાર વર્ષે) છૂટાછેડા લીધા હતા. ધનશ્રી એક રિયલ્ટી શૉમાં પ્રતિસ્પર્ધી છે જેમાં તેણે ઇશારામાં કહી દીધું કે ચહલે લગ્નના બે મહિના બાદ તેને દગો આપ્યો હતો. જોકે એક જાણીતા અંગ્રેજી દૈનિકના અહેવાલ અનુસાર ચહલે આ આરોપોને ખોટા ગણાવતાં કહ્યું છે કે તે એક ઍથ્લીટ છે અને તે ચીટિંગ નથી કરતો.

ચહલે ઇન્ટરવ્યૂમાં એવું પણ કહ્યું છે કે 'મેં જો બે મહિનામાં જ દગો આપ્યો હોત તો અમારી વચ્ચેના સંબંધો આટલા લાંબા સમય સુધી (સવાચાર વર્ષ સુધી) ચાલ્યા હોત? બે જ મહિનામાં જો દગો અપાયો હોય તો કોઈ સંબંધ જાળવી રાખે ખરું?'

મારા માટે આ પ્રકરણ હવે પૂરું થઈ ચૂક્યું અને હવે આગળ વધવામાં જ સૌની ભલાઈ છે એવું ચહલે કહ્યું છે. ચહલના મતે, 'મેં અગાઉ પણ કહ્યું હતું કે હું ઇતિહાસને હવે ભૂલી ચૂક્યો છું, પરંતુ અમુક લોકો હજી ત્યાં જ અટક્યા છે. તેનું ઘર મારા નામથી જ ચાલી રહ્યું છે એટલે વારંવાર મારું નામ લે છે. જોકે મને કોઈ પરવા નથી અને નથી મને કોઈ ફરક પડી રહ્યો.'

માર્ચમાં ડિવૉર્સ વખતે એવો અહેવાલ આવ્યો હતો કે ચહલે ધનશ્રીને ૪.૭૫ કરોડ રૂપિયાની ઍલીમની આપવી પડી હતી.

ચહલનું એવું પણ કહેવું છે કે 'હું જૂની વાતો ભૂલી ચૂક્યો છું, પરંતુ કેટલાક લોકો સોશ્યલ મીડિયામાં હજી પણ એ વાતો ચલાવી રહ્યા છે. ૧૦૦ વાતો ઉડે છે, પરંતુ સચ્ચાઈ એક જ છે. મારા માટે એ ચૅપ્ટર ખતમ થઈ ચૂક્યું છે અને એ વિશે હું ફરી ક્યારેય ચર્ચા કરવા નથી માગતો.' ■

# ભારતીય ક્રિકેટરો ૧૫મીએ બે જૂથમાં ઑસ્ટ્રેલિયા જશો

## એક ગ્રૂપ સવારની અને બીજું સાંજની ફ્લાઇટમાં જશેઃ રોહિત-વિરાટ કદાચ ૧૪મીએ જ દિલ્હી પહોંચી જશે

નવી દિલ્હીઃ ઑસ્ટ્રેલિયામાં ભારતની ત્રણ મૅચની વન-ડે સિરીઝ ૧૯મી ઑક્ટોબરે શરૂ થશે અને એ માટે ટીમ ઇન્ડિયાના ખેલાડીઓ એક જ દિવસે (૧૫મી ઑક્ટોબરે) બે અલગ-અલગ જૂથમાં પર્થ જવા રવાના થશે. હવે માત્ર વન-ડેમાં જ રમવાનું ચાલુ રાખનાર બે દિગ્ગજ ખેલાડી રોહિત શર્મા અને વિરાટ કોહલી ૧૪મી અથવા ૧૫મી ઑક્ટોબરે દિલ્હી પહોંચી જશે અને ત્યાંથી તેઓ અન્ય ખેલાડીઓ સાથે પર્થ જવા રવાના થશે.

દિલ્હીથી પર્થ જવા માટેની બિઝનેસ ક્લાસની ટિકિટો સરળતાથી ઉપલબ્ધ હોવાથી ખેલાડીઓને ત્યાંથી પર્થ જવા માટેની વ્યવસ્થા કરવામાં આવી છે. ઑસ્ટ્રેલિયામાં ભારતીય ક્રિકેટરો પહેલાં ત્રણ વન-ડે અને પછી પાંચ ટી-૨૦ રમશે. જોકે રોહિત-વિરાટ માત્ર વન-ડેમાં જ રમશે. તેઓ ટેસ્ટ ઉપરાંત ટી-૨૦માંથી નિવૃત્ત થઈ ચૂક્યા છે. પીટીઆઇના અહેવાલ મુજબ બીસીસીઆઇની નજીકનાં સૂત્રોએ જણાવ્યું હતું કે ૧૫મી ઑક્ટોબરે ટીમ ઇન્ડિયાના ખેલાડીઓનું એક જૂથ સવારે અને બીજું જૂથ સાંજે દિલ્હીથી પર્થ જવા રવાના થશે.

રોહિત અને વિરાટની સાથે વાઇસ-કૅપ્ટન શ્રેયસ ઐયર પણ પર્થ જવા માટેની દિલ્હીની ફ્લાઇટમાં જોડાશે.

૧૯મી ઑક્ટોબરે પ્રથમ વન-ડે પર્થમાં રમાવાની છે. જો વેસ્ટ ઈન્ડિઝ સામેની બીજી ટેસ્ટ વહેલી પૂરી થઈ જશે તો ઑસ્ટ્રેલિયાની વન-ડે ટૂર માટેના ખેલાડીઓ પોતાના ઘરે જવા માટે નાનો બ્રેક લઈ શકશે અને ત્યાર બાદ પર્થ જવા ૧૫મીએ દિલ્હીમાં એકમેકને મળશે. ■

# ભારતીય ક્રિકેટરો ૧૫મીએ બે જૂથમાં ઑસ્ટ્રેલિયા જશો

## એક ગ્રૂપ સવારની અને બીજું સાંજની ફ્લાઇટમાં જશેઃ રોહિત-વિરાટ કદાચ ૧૪મીએ જ દિલ્હી પહોંચી જશે





નવી દિલ્હીઃ ઑસ્ટ્રેલિયામાં ભારતની ત્રણ મૅચની વન-ડે સિરીઝ ૧૯મી ઑક્ટોબરે શરૂ થશે અને એ માટે ટીમ ઇન્ડિયાના ખેલાડીઓ એક જ દિવસે (૧૫મી ઑક્ટોબરે) બે અલગ-અલગ જૂથમાં પર્થ જવા રવાના થશે. હવે માત્ર વન-ડેમાં જ રમવાનું ચાલુ રાખનાર બે દિગ્ગજ ખેલાડી રોહિત શર્મા અને વિરાટ કોહલી ૧૪મી અથવા ૧૫મી ઑક્ટોબરે દિલ્હી પહોંચી જશે અને ત્યાંથી તેઓ અન્ય ખેલાડીઓ સાથે પર્થ જવા રવાના થશે.

દિલ્હીથી પર્થ જવા માટેની બિઝનેસ ક્લાસની ટિકિટો સરળતાથી ઉપલબ્ધ હોવાથી ખેલાડીઓને ત્યાંથી પર્થ જવા માટેની વ્યવસ્થા કરવામાં આવી છે. ઑસ્ટ્રેલિયામાં ભારતીય ક્રિકેટરો પહેલાં ત્રણ વન-ડે અને પછી પાંચ ટી-૨૦ રમશે. જોકે રોહિત-વિરાટ માત્ર વન-ડેમાં જ રમશે. તેઓ ટેસ્ટ ઉપરાંત ટી-૨૦માંથી નિવૃત્ત થઈ ચૂક્યા છે.

પીટીઆઇના અહેવાલ મુજબ બીસીસીઆઇની નજીકનાં સૂત્રોએ જણાવ્યું હતું કે ૧૫મી ઑક્ટોબરે ટીમ ઇન્ડિયાના ખેલાડીઓનું એક જૂથ સવારે અને બીજું જૂથ સાંજે દિલ્હીથી પર્થ જવા રવાના થશે.

રોહિત અને વિરાટની સાથે વાઇસ-કૅપ્ટન શ્રેયસ ઐયર પણ પર્થ જવા માટેની દિલ્હીની ફ્લાઇટમાં જોડાશે. ૧૯મી ઑક્ટોબરે પ્રથમ વન-ડે પર્થમાં રમાવાની છે.

નવો વન-ડે સુકાની શુભમન ગિલ સહિત કેટલાક ખેલાડીઓ હાલમાં ભારતમાં વેસ્ટ ઇન્ડિઝ સામેની ટેસ્ટ-સિરીઝ રમી રહ્યા છે. ગિલ ટેસ્ટનો કૅપ્ટન પણ છે. ભારત સિરીઝમાં ૧-૦થી આગળ છે. સિરીઝની બીજી ટેસ્ટ શુક્રવાર, ૧૦મી ઑક્ટોબરે શરૂ થશે અને સમયપત્રક મુજબ મંગળવાર, ૧૪મી ઑક્ટોબરે પૂરી થશે. જો એ ટેસ્ટ વહેલી પૂરી થઈ જશે તો ઑસ્ટ્રેલિયાની વન-ડે ટૂર માટેના



ખેલાડીઓ પોતાના ઘરે જવા માટે નાનો બ્રેક લઈ શકશે અને ત્યાર બાદ પર્થ જવા ૧૫મીએ દિલ્હીમાં એકમેકને મળશે. ■

# વેસ્ટ ઇન્ડિઝનું ટેસ્ટ ક્રિકેટમાં પતન 'કૅન્સર' જેવુંઃ ડૅરેન સૅમી

## વર્લ્ડ ચૅમ્પિયન કૅપ્ટન કહે છે, 'કૅરિબિયનો છેલ્લે ભારતમાં ટેસ્ટ-શ્રેણી જીત્યા ત્યારે હું જન્મ્યો હતો અને ત્યારથી ભારતમાં કૅરિબિયનોની પડતી જ થઈ છે'





નવી દિલ્હીઃ વેસ્ટ ઇન્ડિઝને બે વખત ટી-૨૦નો વર્લ્ડ કપ અપાવનાર ભૂતપૂર્વ કૅપ્ટન ડૅરેન સૅમી સ્પષ્ટવક્તા છે અને તેણે ટેસ્ટ ક્રિકેટમાં વેસ્ટ ઇન્ડિઝની ટીમનું જે પતન થઈ રહ્યું છે એની સરખામણી 'કૅન્સર' સાથે કરી છે જેમાં તેણે કહ્યું છે કે કૅરિબિયન ટેસ્ટ ક્રિકેટમાં ઘણા લાંબા સમયથી જે સિસ્ટમ આકાર પામી છે એ મહારોગ જેવી છે.

ડૅરેન સૅમીનું એવું માનવું છે કે સૌથી ટૂંકા ફૉર્મેટ (ટી-૨૦)માં જનરેશન-નેક્સ્ટ માટે રોલ મૉડેલ તેમના પર્ફોર્મન્સને લીધે તરત ઉપલબ્ધ છે અને તેઓ જે કંઈ સ્રોત ઉપલબ્ધ છે એનાથી ચલાવી લેતા હોય છે, પરંતુ ટેસ્ટ-ક્રિકેટની વાત કરું તો અમે ભારતમાં ટેસ્ટ-સિરીઝ દાયકાઓથી નથી જીતી શક્યા. રમૂજી સ્વભાવના ૪૨ વર્ષીય સૅમીએ પત્રકારોને કહ્યું, 'અમે (કૅરિબિયનો) છેલ્લે ડિસેમ્બર, ૧૯૮૩માં ભારતમાં ટેસ્ટ-શ્રેણી જીત્યા ત્યારે (એ જ મહિનામાં) મારી મમ્મીએ મને હજી તો જન્મ આપ્યો હતો. કહેવાનો અર્થ એ છે કે ૪૨ વર્ષથી અમે ભારતમાં ટેસ્ટ-શ્રેણી નથી જીતી શક્યા.' વેસ્ટ ઇન્ડિઝની ટીમ ભારતમાં ટેસ્ટ-શ્રેણી જીતી હોય એવું છેલ્લે છેક ડિસેમ્બર, ૧૯૮૩માં બન્યું હતું. ત્યારે જૂન, ૧૯૮૩માં વર્લ્ડ કપમાં ભારતના હાથે પછડાટ મળ્યા બાદ ક્લાઇવ લૉઇડના સુકાનમાં ભારત આવેલી ટીમે ટેસ્ટ-સિરીઝ ૩-૦થી જીતી લીધી હતી. ત્યાર પછી ભારતમાં કૅરિબિયનોની બે ટેસ્ટ-શ્રેણી (૧૯૮૭, ૧૯૯૪) ડ્રૉમાં ગઈ હતી અને પછીની તમામ ચાર શ્રેણી (૨૦૦૨, ૨૦૧૧, ૨૦૧૩ અને ૨૦૧૮)માં ભારતનો અનુક્રમે ૨-૦, ૨-૦, ૨-૦, ૨-૦થી વિજય થયો હતો. ભારતમાં વર્તમાન સિરીઝમાં વેસ્ટ ઇન્ડિઝનો અમદાવાદમાં માત્ર અઢી દિવસમાં એક દાવ અને ૧૪૦ રનથી પરાજય થયો હતો.

ડૅરેન સૅમીએ એવું પણ કહ્યું હતું કે 'અમે ટીકાઓ સાંભળવા માટે તૈયાર છીએ. દરેક જણ અમને વખોડી રહ્યા છે. જોકે જણાવી દઉં કે અમારી ટેસ્ટ-ક્રિકેટના પતનનું મૂળ માત્ર બે વર્ષ જૂનું નથી. આ પતન બહુ લાંબા સમય પહેલાં શરૂ થયું હતું. આ એવું કૅન્સર છે જે સિસ્ટમમાં પ્રસરી ગયું છે.' ■

# સેહવાગની પત્ની વિશે ઊડી છે એક અફવા

નવી દિલ્હીઃ વીરેન્દર સેહવાગની પત્ની આરતી વિશે એક અફવા ઊડી છે જેને પગલે ઇન્ટરનેટ પર જાત જાતની અટકળો થવા લાગી છે. વીરેન્દર અને આરતીએ થોડા મહિના પૂર્વે ઇન્સ્ટાગ્રામ પર એકમેકને ફૉલો કરવાનું બંધ કર્યું એવા અહેવાલો વચ્ચે ત્યારે એવી વાત ચગી હતી કે તેઓ થોડા સમયમાં છૂટાછેડા લઈ લેશે. જોકે એ બાબતમાં પછીથી કંઈ જ નક્કર વાત બહાર નહોતી આવી. વીરેન્દર અને મિથુન મન્હાસ દિલ્હી વતી ડોમેસ્ટિક ક્રિકેટમાં રમતા ત્યારે તેમની વચ્ચે બહુ સારી દોસ્તી હતી અને હજી પણ હશે જ. મન્હાસ તાજેતરમાં જ બીસીસીઆઇના પ્રમુખ બની ગયા છે.

કેટલાંક સૂત્રો તો ત્યાં સુધી કહે છે કે વીરેન્દર અને આરતી થોડા મહિનાઓથી અલગ રહે છે. તેમને બે પુત્ર છે. આર્યવીર સેહવાગ અને વેદાંત સેહવાગ હજી નાના છે, પણ તેમની કૅટેગરીની મૅચોમાં સારું ક્રિકેટ રમે છે. વીરેન્દર સેહવાગ દિલ્હીમાં ક્રિકેટ ઍકેડેમી ચલાવે છે.



આરતી સેહવાગ વિશે આ જે કેટલીક વાતો ઉડી છે એમાંની એક વાત તેના અને મન્હાસના ડેટિંગ વિશેની છે. આ વાતમાં કંઈ જ તથ્ય નથી અને કોઈ પુરાવા પણ નથી એમ છતાં કેટલીક વેબસાઇટો બુધવાર સવારથી આ અટકળ ચલાવ્યા કરે છે. મન્હાસ અને આરતીનો ચાર વર્ષ પહેલાંનો ફોટો ઇન્ટરનેટ પર પાછો ફરી રહ્યો છે. અભિષેક ત્રિપાઠી નામના પત્રકારે ક્રિપ્ટીક પોસ્ટ શૅર કરી છે.

૨૦૦૯માં ગજબનો વિવાદ થઈ ગયો હતો. વિકેટકીપર-બૅટ્સમૅન દિનેશ કાર્તિકની પત્ની નિકિતા વણઝારા સાથે ઓપનિંગ બૅટ્સમૅન મુરલી વિજયના નજીકના સંબંધોની વાત ખૂબ ચગી હતી. પછીથી કાર્તિકે નિકિતાને છૂટાછેડા આપી દીધા હતા અને નિકિતા હવે મુરલી વિજયની પત્ની છે અને તેમને બે પુત્ર તથા એક પુત્રી છે. ■

# સ્મૃતિ મંધાના સાઉથ આફ્રિકાને ભારે પડી શકે, હરમન મોટા વિક્રમની નજીક

વિશાખાપટનમઃ મહિલાઓના વન-ડે વર્લ્ડ કપમાં ગુરુવાર, આજે (બપોરે ૩.૦૦ વાગ્યાથી) અહીં ભારત અને સાઉથ આફ્રિકા વચ્ચેની મૅચમાં રસાકસી થવાની પાકી સંભાવના છે, કારણકે લૉરા વૉલ્વાર્ટની ટીમ સામે ભારતની ઘણી મૅચ-વિનર્સની આકરી કસોટી થશે.

ભારત પૉઇન્ટ્સ-ટેબલમાં ત્રીજા નંબરે છે, જ્યારે સાઉથ આફ્રિકા પાંચમા સ્થાને છે. વર્લ્ડ કપની ટ્રોફી જીતવા માટે કઈ ટીમો ફેવરિટ છે એ હજી નક્કી કરવું ઘણું વહેલું છે એવામાં ભારતની કૅપ્ટન હરમનપ્રીત કૌર તથા વાઇસ-કૅપ્ટન સ્મૃતિ મંધાના સાઉથ આફ્રિકાને ભારે પડી શકે. કારણ એ છે કે સાઉથ આફ્રિકા સામે મંધાના ૧૮ મૅચમાં ત્રણ સદીની મદદથી કુલ ૯૦૬ રન કરી ચૂકી છે. બીજી બાજુ, હરમનપ્રીતે આ હરીફ ટીમ સામે ૮૦૨ રન કર્યા છે.

હરમન બીજા ૮૪ રન કરશે એટલે વન-ડે વર્લ્ડ કપમાં ૧,૦૦૦ રન પૂરા કરનાર મિતાલી રાજ પછીની બીજી ભારતીય ખેલાડી તથા વિશ્વની ત્રીજી પ્લેયર બનશે.

જોકે શ્રીલંકા અને પાકિસ્તાન સામે ભારતના ટૉપ-ઑર્ડરે સારું પર્ફોર્મ નહોતું કર્યું અને વિમેન ઇન બ્લુએ હર્લીન દેઓલ, અમનજોત કૌર, રિચા ઘોષ અને દીપ્તિ શર્મા પર મદાર રાખવો પડ્યો હતો. ■

# ઑસ્ટ્રેલિયા સામે પાકિસ્તાનની મહિલાઓ ૧૦૭ રનથી હારી

કોલંબોઃ વન-ડે વર્લ્ડ કપમાં પાકિસ્તાનની મહિલા ટીમનો ૧૦૭ રનથી ઘોર પરાજય થયો છે. ઑસ્ટ્રેલિયાને પ્રથમ બૅટિંગ આપનાર પાકિસ્તાનને ૨૨૨ રનનો પડકારરૂપ લક્ષ્યાંક મળ્યો હતો અને ફાતિમા સનાની ટીમ માત્ર ૧૧૪ રનમાં તંબુ ભેગી થઈ ગઈ હતી. પાકિસ્તાનની ટીમ ડિફેન્ડિંગ વર્લ્ડ ચૅમ્પિયન અને વર્લ્ડ નંબર-વન ઑસ્ટ્રેલિયાના પેસ પાવર સામે ઝૂકી ગઈ હતી. કિમ ગર્થે સૌથી વધુ ત્રણ તેમ જ બીજી બે પેસ બોલર મેગન શટ અને ઍનાબેલ સધરલૅન્ડે બે-બે વિકેટ લીધી હતી. એ પહેલાં, ઑસ્ટ્રેલિયાએ એક તબક્કે ૭૬ રનમાં સાત વિકેટ ગુમાવી દીધી હતી, પરંતુ બેથ મૂની (૧૦૯ રન, ૧૧૪ બૉલ, ૧૭૧ મિનિટ, ૧૧ ફોર)એ અણનમ ૫૧ રન કરનાર અલાના કિંગ સાથે નવમી વિકેટ માટે ૧૦૬ રનની વિક્રમજનક ભાગીદારી સાથે ઑસ્ટ્રેલિયાને ઉગાર્યું હતું. ■



# હેડ-કોચ ગૌતમ ગંભીરે ટીમ ઇન્ડિયાના ખેલાડીઓને કહ્યું, 'આવો મારે ત્યાં જમવા'

નવી દિલ્હીઃ ભારતીય ક્રિકેટરો બુધવાર, ૧૫મી ઑક્ટોબરે વન-ડે સિરીઝ માટે પાટનગર દિલ્હીથી પર્થ જવા રવાના થશે એ પહેલાં તેઓ દિલ્હીમાં હેડ-કોચ ગૌતમ ગંભીરના નિવાસસ્થાને ડિનર પર જશે.



ભૂતપૂર્વ ભારતીય ઓપનર ગૌતમ ગંભીર દિલ્હીમાં રાજિન્દર નગર વિસ્તારમાં રહે છે અને તેણે વન-ડે તથા ટી-૨૦ શ્રેણી માટે ઑસ્ટ્રેલિયાના પ્રવાસે જનારા ખેલાડીઓની આખી ટીમને પોતાના ઘરે (લગભગ ૧૪મીની રાત્રે) જમવા બોલાવી છે. રોહિત શર્મા અને વિરાટ કોહલી પણ વન-ડે સ્ક્વૉડમાં છે અને તેઓ આ આમંત્રણ સ્વીકારીને ગંભીરના મહેમાન બનશે કે કેમ એ જોવું રહ્યું.

ગયા વર્ષે રાહુલ દ્રવિડના કોચિંગમાં ભારતે ટી-૨૦નો વર્લ્ડ કપ જીતી લીધો ત્યાર બાદ દ્રવિડે ટીમ ઇન્ડિયાને કોચિંગ આપવાનું બંધ કર્યું હતું અને ગૌતમ ગંભીરે એ મોટી જવાબદારી સ્વીકારી હતી. ન્યૂ ઝીલૅન્ડ સામે ઘરઆંગણે ૦-૩થી ટેસ્ટની હાર ઉપરાંત ઑસ્ટ્રેલિયામાં ૧-૩થી પરાજય જેવી બે નિરાશા ગંભીરના કોચિંગમાં ભારતીય ટીમે જોઈ છે. જોકે ચૅમ્પિયન્સ ટ્રોફીનું વિજેતાપદ તેમ જ એશિયા કપનું ચૅમ્પિયનપદ ગંભીરના કોચિંગમાં ભારતે મેળવેલી બે મોટી સિદ્ધિ છે અને હવે વેસ્ટ ઇન્ડિઝ સામે ભારતે ટૂંકી ટેસ્ટ-શ્રેણીમાં ૧-૦થી અપરાજિત સરસાઈ મેળવી લીધી છે. ■

# રિલાયન્સ, એચડીએફસી બૅન્કની વેચવાલી સાથે ચાર સત્રની આગેકૂચને બ્રેક, નિફ્ટી ફરી ૨૫,૦૦૦ તરફ પાછો ફર્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ એશિયાઇ બજારોની પીછેહઠ સાથે સ્થાનિક સ્તરે રિલાયન્સ, એચડીએફસી બેન્ક સહિતના બ્લુચીપ શેરમાં પ્રોફિટ બુકિંગ શરૂ થતાં બેન્ચમાર્કે ચાર સત્રની આગેકૂચને બ્રેક મારી હતી અને નિફ્ટી ફરી ૨૫,૦૦૦ તરફ પાછો ફર્યો હતો, જ્યારે સેન્સેક્સ ૮૨,૦૦૦ની સપાટીથી વધુ દૂર ખસેડાયો હતો. મિડકેપ અને સ્મોલ કેપ શેરોમાં પણ ધોવાણ જોવા મળ્યું હતું.

સેન્સેક્સ સત્ર દરમિયાન ૬૧૨ પોઇન્ટની અફડાતફડી સાથે ૮૨,૨૫૮ની ઊંચી અને ૮૧,૬૪૬ની નીચી સપાટી વચ્ચે ફંગોળાઇ અંતે ૧૫૩.૦૯ પોઇન્ટ અથવા તો ૦.૧૯ ટકાના ઘટાડા સાથે ૮૧,૭૭૩.૬૬ પોઇન્ટની સપાટીએ અને નિફ્ટી ૬૨.૧૫ પોઇન્ટ અથવા તો ૦.૨૫ ટકાના ઘટાડા સાથે ૨૫,૦૪૬.૧૫ પોઇન્ટની સપાટીએ સ્થિર થયો હતો.

સેન્સેક્સના શેરોમાં ટાટા મોટર્સ, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, ભારત ઇલેક્ટ્રોનિક્સ, અલ્ટ્રાટેક સિમેન્ટ, ટ્રેન્ટ, સન ફાર્મા, પાવર ગ્રીડ અને રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ ટોપ લુઝર રહ્યા હતા. જ્યારે ટાઇટન, ઇન્ફોસિસ, ટાટા કન્સ્લ્ટન્સી સર્વિસિસ, એચસીએલ ટેક અને ટેક મહિન્દ્રા ટોપ ગેઇનર્સ શેરની યાદીમાં હતાં.

પ્રાઇમરી માર્કેટમાં હવે આંચકા દેખાવા માંડ્યા છે. ઓમ ફ્રેઇટ ફોરવર્ડર્સના શેર બુધવારે ઇશ્યૂ ભાવ સામે લગભગ ૪૦ ટકાના જોરદા ડિસ્કાઉન્ટ સાથે લિસ્ટેડ થયા છે. આ અગાઉ ગ્લોટીસના શેર મંગળવારે તેના ઇશ્યુ ભાવ સામે ૩૫ ટકાના જોરદાર ડિસ્કાઉન્ટ સાથે લિસ્ટ થયા હતા અને એ જ સાથે ફબેટેક ટેકનોલોજીસના શેર ઇશ્યૂ ભાવ સામે ૨.૬૮ ટકાના ડિસ્કાઇઉન્ટ સાથે લિસ્ટેડ થયા હતા. જોકે, બુધવારે એડવાન્સ એગ્રોલાઇફના શેરમાં ઇશ્યુ ભાવ સામે ૧૪ ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો.

સોમવારે પેસ ડિજીટેક ચાર ટકા પ્રીમિયમ સાથે લિસ્ટ થયો હતો. પાછલા સપ્તાહે બુધવારે ઇપેક પ્રિફેબ ટેકનોલોજીસ બુધવારે તેના ઇશ્યૂ ભાવ સામે લગભગ ૧૦ ટકા ડિસ્કાઉન્ટ સાથે, જ્યારે જૈન રિસોર્સિસ રિસાઇક્લિંગનો શેર ઇશ્યૂ ભાવ સામે ૧૪ ટકા પ્રીમિયમ સાથે લિસ્ટેડ થયો હતો.

એબીએસ મરીન સર્વિસીસ લિમિટેડે લાર્સન એન્ડ ટુબ્રો પાસેથી રૂ. ૨૭ કરોડનું ઓફશોર વેસલ ચાર્ટર મેળવ્યું છે. શિપ મેનેજમેન્ટ, વેસલ ઓનરશીપ, મરીન અને પોર્ટ સર્વિસીસમાં વ્યાપક સેવાઓ પ્રદાન કરતી આ અગ્રણી મેરીટાઇમ કંપનીએ ભારતના અગ્રણી એન્જિનિયરિંગ અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર જૂથોમાંના એક, લાર્સન એન્ડ ટુબ્રો લિમિટેડ સાથે ચાર્ટર પાર્ટી કરાર પર હસ્તાક્ષર કર્યા છે.

કેનેરા રોબેકો એસેટ મેનેજમેન્ટ કંપની અને રૂબીકોન રિસર્ચ લિમિટેડનો આઇપીઓ નવમી ઓક્ટોબરના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે. કેનેરા એચએસબીસી લાઇફ ઇન્સ્યોરન્સ કંપનીનો આઇપીઓ ૧૦મી ઓક્ટોબરે ખૂલશે. રૂબિકોન રિસર્ચમાં આઇપીઓ પહેલા કોટક અને મોતીલાલ ફંડે રૂ. ૧૬૯ કરોડનું રોકાણ કર્યું છે. વેદાંતા ગ્રુપ, રૂનવાલ ડેવલપર્સ, સ્ટર્લાઇટ ઇલેક્ટ્રિક, રાય્સ પાવર ઇન્ફ્રા અને ઓગમેન્ટ એન્ટરપ્રાઇસ સહિત છ કંપનીઓએ સેબી પાસે પેપર્સ જમા કરાવ્યા છે. રોટોમેગ એનરટેક, ઓસવાલ કેબલ્સ અને પ્રાઇડ હોટલ્સે પણ મૂડીબજારમાં પ્રવેશવા સેબીનો સંપર્ક સાધ્યો છે.

કેઆરએન હીટ એક્સ્ચેન્જર અને રેફ્રિજરેશન લિમિટેડ વિસ્તરણ યોજના આગળ વધારી રહી છે. તેની સંપૂર્ણ માલિકીની પેટાકંપની, કેઆરએન એચવીએસી પ્રોડક્ટ્સ પ્રાઇવેટ લિમિટેડે બસ એર-કન્ડિશનિંગ વિભાગને હસ્તગત કરવા માટે સ્ફિયર રેફ્રિજરેશન સિસ્ટમ્સ પ્રાઇવેટ લિમિટેડ સાથે બિઝનેસ ટ્રાન્સફર કરાર પર હસ્તાક્ષર કર્યા છે.

પીવીવી ઈન્ફ્રા લિમિટેડેને તાજેતરમાં રૂ. ૭૯૯ કરોડની કિંમતના બે સોલર પાવર ઓર્ડર મળ્યા છે. કંપનીની સબસિડિયરી પીવીવી ઈવીટેક પ્રા. લિ.એ ઉત્તર પ્રદેશ ન્યૂ એન્ડ રિન્યુએબલ એનર્જી ડેવલપમેન્ટ એજન્સી જોડે ૨૫ વર્ષના પાવર પરચેઝ કરાર પર સહીસિક્કા કર્યા છે. બીજી સબસિડિયરી પીવીવી હાઉસિંગને ઉત્તર પ્રદેશ રાજ્યમાં ૧૦૯ મેગાવોટ સોલાર પાવર પ્રોજેક્ટ માટેનો




ઈપીસી કોન્ટ્રાક્ટ મળ્યો છે.

સીમેન્ટની વપરાશી માગ ૨૦૩૦ સુધીમાં ૫૦ ટકા વધશે અને ગ્રીન સિમેન્ટનો ઉપયોગ પણ વધશે, એવી જાણકારી વિશ્વના સૌથી મોટા કોન્ક્રીટ શો દરમિયાન જાહેર કરવામાં આવી છે. ઇન્ફોર્મા માર્કેટ્સ ઇન ઇન્ડિયા દ્વારા બીઇસી ખાતે દસમી ઓક્ટોબર સુધી આયોજિત વર્લ્ડ ઓફ કોંક્રિટ ઇન્ડિયા એક્સ્પો ૨૦૨૫માં ૪૦૦થી વધુ વૈશ્વિક બ્રાન્ડ્સ અને સરકારી અધિકારીઓ ઉપરાંત ૧૮,૦૦૦થી વધુ વ્યાવસાયિક એક છત્ર નીચે એકત્ર થઈ રહ્યા છે અને તેમાં ડીકાર્બોનાઇઝેશન, સસ્ટેનેબિલિટી, હાઇ-રાઇઝ કન્સ્ટ્રક્શન અને ફ્યુચર રેડી ટેક્નોલોજી પર પરીચર્ચા યોજાઈ હતી. આંતરરાષ્ટ્રીય બજારમાં સોનાએ ઔંશ દીઠ પહેલી વાર ૪૦૦૦ ડોલરની સપાટી પાર કરી લીધા બાદ આઠ દિવસમાં પહેલી વાર અમેરિકન શેરબજાર ગબડ્યા હતા અને તેને કારણે એશિયાઇ બજારોમાં પીછેહઠ રહી હતી. ગોલ્ડના ભાવ ૨૫.૪૦ ડોલરના વધારા સાથે ઔંશદીઠ ૪૦૨૯.૬૦ ડોલર હોલાયા હતા.

જાપાનમાં નવાં અને પહેલા મહિલા વડાપ્રધાન સનાઇ તાકાઇચીના શાસનમાં કરવેરામાં ઘટાડા અને સરકારી ખર્ચમાં વધારાની સાથે ધિરાણ સરળ બનાવવાની હિમાયત થશે અને તેને કારણે બેન્ક ઓફ જાપાનની વ્યાજદર વધારવાની કવાયત અટકી જશે એવી અટકળો પાછળ જાપાની યેનમાં ડોલર સામે તીવ્ર ઘટાડો થયો હતો. પેસીવ મ્યુચ્યુઅલ ફંડની એસેટ અંડર મેનેજમેન્ટ ૨૦૨૫માં ઝડપી વૃદ્ધિ સાથે રૂ. ૧૨.૨૦ લાખ કરોડની સ્તરે પહોંચી છે, જે ૨૦૧૯ના રૂ. ૧.૯૧ લાખ કરોડ સામે, એટલે કે છ વર્ષમાં છગણી વૃદ્ધિ દર્શાવે છે. માર્ચ ૨૦૨૩થી બે વર્ષમાં એસેટ બેઝમાં ૧.૭૦ ગણો વધારો થયો છે.

ટોચના ફંડ મેનેજરે કહ્યું હતું કે નાણાકીય વર્ષ ૨૦૨૬ના બીજા ક્વાર્ટરની કમાણીની મોસમ શરૂ થઈ રહી હોવાથી બજારની ચાલ માટે આ અઠવાડિયું મહત્વપૂર્ણ રહેશે, આઇટી અગ્રણી કંપની ટીસીએસ આજે નવમી ઓક્ટોબરે પરિણામો જાહેર કરશે. સપ્ટેમ્બર ૨૦૨૫માં પૂરા થયેલા ક્વાર્ટર માટે ટીસીએસના કોર્પોરેટ પરિણામ જાહેર થશે ત્યારે આઇટી ક્ષેત્ર સ્પોટલાઇટમાં રહેશે.

દરમિયાન, એનએસઇ અને બીએસઇ દ્વારા ૨૨ સપ્ટેમ્બરના રોજ જારી કરાયેલા પરિપત્રો મુજબ, દિવાળી નિમિત્તે મુહૂર્ત ટ્રેડિંગ સત્ર આ વર્ષે ૨૧ ઓક્ટોબરે યોજાશે. દિવાળી મુહૂર્ત ટ્રેડિંગ સત્ર બપોરે ૧:૪૫ વાગ્યાથી ૨:૪૫ વાગ્યાની વચ્ચે યોજાશે અને ટ્રેડ મોડિફિકેશનનો અંતિમ સમય બપોરે ૨:૫૫ વાગ્યાનો રહેશે. આ ઉપરાંત ઈક્વિટી, કોમોડિટી ડેરિવેટિવ્ઝ, કરન્સી ડેરિવેટિવ્ઝ, ઈક્વિટી ફ્યુચર્સ અને ઓપ્શન્સ અને સિક્યોરિટીઝ લેન્ડિંગ અને બોરોઈંગ જેવા વિવિધ સેગમેન્ટમાં એક જ સમય સ્લોટમાં ટ્રેડિંગ થશે.

સાવચેતીના માનસ વચ્ચે શેરબજારમાં બુધવારે ચાર સત્રની આગેકૂચને બ્રેક લાગી હતી. સત્રમાં ખાસ કરીને આઈટી અને બેન્ક શેરો સર્વાધિક વધ્યા હતા અને રિયલ્ટી, પાવર અને ઓટો સર્વાધિક ઘટ્યા હતા. માર્કેટ કેપમાં રૂ. ૨.૩૪ લાખ કરોડનો ઘટાડો થયો હતો.

બુધવારે બીએસઈ સેન્સેક્સ ગત મંગળવારના ૮૧,૯૨૬.૭૫ના બંધથી ૧૫૩.૦૯ (૦.૧૯ ટકા) પોઈન્ટ્સ ઘટ્યો હતો. સેન્સેક્સ ૮૧,૮૯૯.૫૧ ખૂલીને ઉપરમાં ૮૨,૨૫૭.૭૪ સુધી અને નીચામાં ૮૧,૬૪૬.૦૮ સુધી જઈને અંતે ૮૧,૭૭૩.૬૬ પોઈન્ટ્સ પર બંધ રહ્યો હતો. માર્કેટ કેપિટલાઈઝેશન રૂ. ૪૬૦.૨૩ લાખ કરોડથી રૂ. ૨.૩૪ લાખ કરોડ ઘટીને રૂ. ૪૫૭.૮૯ લાખ કરોડ રહ્યું હતું.


સેક્ટરલ ઈન્ડાયસીસમાં બીએસઈ ફોકસ્ડ આઈટી ૧.૬૭ ટકા, આઈટી ૧.૫ ટકા, ટેક ૧.૩૪ ટકા અને કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૦.૩૭ ટકા વધ્યા હતા, જ્યારે મુખ્યત્વે રિયલ્ટી ૧.૮૮ ટકા, પાવર ૧.૪૯ ટકા, ઓટો ૧.૩૫ ટકા, યુટિલિટીઝ ૧.૨૯ ટકા, કેપિટલ ગુડ્સ ૧.૨ ટકા, એનર્જી ૦.૯ ટકા, કંઝ્યુમર ડિસ્ક્રેશનરી ૦.૭૬ ટકા ઓઈલ એન્ડ ગેસ ૦.૭૫ ટકા અને ઈન્ડસ્ટ્રિયલ્સ ૦.૭૪ ટકા ઘટ્યા હતા. બીએસઈ સેન્સેક્સની ૯ સ્ક્રિપ્સ વધી હતી, જ્યારે ૨૧ સ્ક્રિપ્સ ઘટી હતી.

એક્સચેન્જમાં ૪,૩૩૦ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું, જેમાં ૧,૭૪૪ સ્ટોક્સ વધ્યા હતા, ૨,૪૨૯ સ્ટોક્સ ઘટ્યા હતા, જ્યારે ૧૫૭ સ્ટોક્સ સ્થિર રહ્યા હતા. ૧૬૧ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૧૪૪ સ્ટોક બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા. ૨૪૦ સ્ટોક્સને ઉપલી જ્યારે ૧૬૭ સ્ટોકને નીચલી સર્કીટ લાગી હતી. બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ મિડકેપ ૦.૭૪ ટકા અને બીએસઈ સ્મોલકેપ ૦.૪૨ ટકા ઘટ્યો હતો. સ્ટ્રેટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૦.૧૧ ટકા ઘટ્યો અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૦.૭૫ ટકા વધ્યો હતો.

સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં ટાઈટન ૪.૩૮ ટકા, ઈન્ફોસિસ ૨.૬૭ ટકા, તાતા કન્સલ્ટન્સી ૧.૭૮ ટકા, એચસીએલ ટેક્નોલોજી ૧.૩૪ ટકા, ટેક મહિન્દ્ર ૧.૧૭ ટકા, ઈટર્નલ ૧.૧૦ ટકા, ભારતી એરટેલ ૦.૭૧ ટકા, બજાજ ફાઈનાન્સ ૦.૫૧ ટકા અને તાતા સ્ટીલ ૦.૨૬ ટકા વધ્યા હતા, જ્યારે મુખ્યત્વે તાતા મોટર્સ ૨.૪૧ ટકા, મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૧.૯૧ ટકા, બીઈલ ૧.૬૭ ટકા, ટ્રેન્ટ ૧.૪૬ ટકા, સન ફાર્મા ૧.૩૭ ટકા, એનટીપીસી ૧.૩૦ ટકા પાવર ગ્રીડ ૧.૨૮ ટકા રિલાયન્સ ૧.૨૭ ટકા, બજાજ ફિનસર્વ ૧.૧૭ ટકા અને એશિયન પેઈન્ટ ૧.૦૫ ટકા ઘટ્યા હતા.

બીએસઈના ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં બુધવારે ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ. ૨૦૪.૬૫ કરોડનું ટર્નઓવર થયું હતું, જેમાં કુલ ૧,૦૨૮ સોદામાં ૧,૨૪૩ કોન્ટ્રેક્ટ્સનું કામકાજ થયું હતું. ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઈક્વિટી ફ્યુચર્સ મળીને કુલ ૩૭,૨૨,૪૬૨ કોન્ટ્રેક્ટના ઓપન ઈન્ટરેસ્ટ રહ્યા હતા. કુલ નોશનલ ટર્નઓવર રૂ. ૨,૫૩,૬૩,૬૧૫.૬૨ કરોડનું રહ્યું હતું.

# ડૉલર સામે રૂપિયામાં બે પૈસાનો સુધારો



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સ તથા બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં સુધારાતરફી વલણ ઉપરાંત સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈનું વલણ રહ્યું હોવાથી આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો સાંકડી વધઘટે અથડાઈને ગઈકાલના બંધ સામે સાધારણ બે પૈસાના સુધારા સાથે ૮૮.૭૫ની સપાટીએ બંધ રહ્યો હતો. જોકે, ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૧૪૪૦.૬૬ કરોડની ચોખ્ખી લેવાલી રહી હોવાના નિર્દેશોને ધ્યાનમાં લેતા રૂપિયામાં સુધારાને ટેકો મળ્યો હોવાનું ટ્રેડરોએ જણાવ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૮.૭૭ના બંધ સામે સાધારણ સુધારા સાથે ૮૮.૭૬ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૮.૮૧ અને ઉપરમાં ૮૮.૭૫ની સાંકડી રેન્જમાં અથડાઈને અંતે બે પૈસાના સુધારા સાથે ૮૮.૭૫ના મથાળે બંધ રહ્યો હતો.

પ્રાપ્ત અહેવાલ અનુસાર આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૩૧ ટકા વધીને ૯૮.૮૮ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૧.૨૫ ટકા વધીને બેરલદીઠ ૬૬.૨૭ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ આજે સ્થાનિકમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૧૫૩.૦૯ પૉઈન્ટનો અને ૬૨.૧૫ પૉઈન્ટનો ઘટાડો આવ્યો હોવાથી રૂપિયો અમુક અંશે દબાણ હેઠળ રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

તાજેતરમાં વાણિજ્ય અને ઉદ્યોગ ખાતાના પ્રધાન પીયૂષ ગોયલે જણાવ્યું હતું કે ભારત અને અમેરિકા વચ્ચે દ્વીપક્ષીય કરાર માટે સતત વાટાઘાટો ચાલી રહી છે અને નવેમ્બર સુધીમાં વાટાઘાટોનો અંત આવે તેવી શક્યતા તેમણે વ્યક્ત કરી હતી.

### વૈશ્વિક સોનાએ ૪૦૦૦ ડૉલરની સપાટી કુદાવી

# સ્થાનિકમાં શુદ્ધ સોનું ₹ ૨૧૫૭ની આગઝરતી તેજી સાથે ૧.૨૨ લાખની પાર, ચાંદીએ ₹ ૩૨૫૯ની તેજી સાથે ₹ ૧.૫૨ લાખની સપાટી વટાવી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વૈશ્વિક આર્થિક અને ભૂરાજકીય અનિશ્ચિતતાઓ તેમ જ અમેરિકી ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં વધુ કાપ મૂકે તેવા આશાવાદ સાથે આજે લંડન ખાતે સોના અને ચાંદીમાં રોકાણકારોની સલામતી માટેની વ્યાપક માગ જળવાઈ રહેતાં સૌપ્રથમ વખત સોનાના ભાવે ઔંસદીઠ ૪૦૦૦ ડૉલરની સપાટી કુદાવી હતી તેમ જ ચાંદીના ભાવ પણ ઑલ ટાઈમ હાઈ સપાટીની નજીક પ્રવર્તી રહ્યાના અહેવાલ હતા. આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક ઝવેરી બજારમાં પણ સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૧૪૮થી ૨૧૫૭ની આગઝરતી તેજી આવી હતી અને શુદ્ધ સોનાના ભાવ ૧.૨૨ લાખની સપાટી પાર કરી ગયા હતા, જ્યારે ચાંદીના ભાવ કિલોદીઠ રૂ. ૩૨૫૯ની તેજી સાથે રૂ. ૧.૫૨ લાખની સપાટી કુદાવી ગયા હતા.



બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને જ્વેલરી ઉત્પાદકોની લેવાલી પણ ખપપૂરતી રહી હોવા છતાં વિશ્વ બજાર પાછળ વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૩૨૫૯ના ઉછાળા સાથે રૂ. ૧,૫૨,૭૦૦ના મથાળે રહ્યા હતા. તે જ પ્રમાણે વિશ્વ બજાર પાછળ સોનામાં પણ તેજીનું વલણ જળવાઈ રહેતાં વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૧૪૮ની તેજી સાથે રૂ. ૧,૨૧,૬૦૯ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૨૧૫૭ની તેજી સાથે રૂ. ૧,૨૨,૦૯૮ના મથાળે રહ્યા હતા. જોકે, ઊંચા મથાળેથી સ્ટોકિસ્ટો અને રોકાણકારો ઉપરાંત જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની માગ શુષ્ક રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આજે લંડન ખાતે સત્રના આરંભે બન્ને કિંમતી ધાતુઓમાં રોકાણકારોની સલામતી માટેની વ્યાપક માગને ટેકે હાજરમાં ભાવ ગઈકાલના બંધ સામે ૧.૩ ટકાની તેજી સાથે ઔંસદીઠ ૪૦૩૪.૭૩ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. જોકે, તે પૂર્વે એક તબક્કે ભાવ વધીને ૪૦૫૬.૮૦ ડૉલરની વિક્રમ સપાટી સુધી પહોંચ્યા હતા. વધુમાં આજે હાજરમાં ચાંદીના ભાવ પણ ઔંસદીઠ ૪૯.૫૧ ડૉલરની વિક્રમ સપાટીની લગોલગ ૪૮.૯૧ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે ગત વર્ષ ૨૦૨૪માં સોનાના ભાવમાં ૨૭ ટકાનો ઉછાળો આવ્યા બાદ આ વર્ષમાં અત્યાર સુધીમાં ૫૪ ટકાની તેજી નોંધાઈ છે. તેમ જ અત્યાર સુધીમાં વળતરની દૃષ્ટિએ વૈશ્વિક ઈક્વિટી માર્કેટ અને બિટકોઈનની તુલનામાં સોનું આગળ નીકળી ગયું છે.

નિષ્ણાતોના મતાનુસાર સોનામાં જોવા મળેલી તેજી મુખ્યત્વે વ્યાજદરમાં કપાતનો આશાવાદ, રાજકીય અને આર્થિક અનિશ્ચિતતા, કેન્દ્રવર્તી બૅન્કોની વ્યાપક લેવાલી અને ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈને આભારી છે. વધુમાં તાજેતરમાં અમેરિકી ગવર્મેન્ટ શટડાઉન અને ફેડરલ રિઝર્વ આગામી ઑક્ટોબર તથા ડિસેમ્બર મહિનાની પ્રત્યેક નીતિવિષયક બેઠકમાં વ્યાજદરમાં ૨૫ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકે તેવા આશાવાદે સોનાની તેજીને વધુ ઈંધણ પૂરું પાડ્યું છે.

તાજેતરમાં સોનાની તેજીને ટેકો આપે તેવાં પરિબળોને ધ્યાનમાં લેતા વિસ્ડમ ટ્રીના સ્ટ્રેટેજિસ્ટ નિતેશ શાહે આગામી વર્ષ ૨૦૨૬નાં ત્રીજા ત્રિમાસિકગાળામાં સોનાના ભાવ ઔંસદીઠ ૪૫૩૦ ડૉલર આસપાસ રહે તેવી ધારણા વ્યક્ત કરી છે.

વધુમાં વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલની આંકડાકીય માહિતી અનુસાર આ વર્ષમાં અત્યાર સુધીમાં સોનાના એક્સચેન્જ ટ્રેડેડ ફંડોમાં આંતરપ્રવાહ ૬૪ અબજ ડૉલરની સપાટીએ પહોંચ્યો છે, જેમાં માત્ર સપ્ટેમ્બર મહિનાનો આંતરપ્રવાહ ૧૭.૩ અબજ ડૉલરની સપાટીએ રહ્યો હોવાનું ઉમેર્યું હતું.

# ટીનમાં સ્ટોકિસ્ટોની અવિરત વેચવાલીએ વધુ ₹ ૨૩નો ઘટાડો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં આજે ખાસ કરીને ટીનમાં સતત ચોથા સત્રમાં સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ જળવાઈ રહેતાં ભાવમાં વધુ કિલોદીઠ રૂ. ૨૩નો ઘટાડો આવ્યો હતો, જ્યારે નિરસ માગે નિકલમાં કિલોદીઠ રૂ. બે ઘટી આવ્યા હતા. આ સિવાય કોપર કોબલ સ્ક્રેપ સિવાયની અન્ય કોપરની વેરાઈટીઓ, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ તથા ઝિન્ક સ્લેબમાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. એકથી ૧૨ સુધીનો સુધારો આવ્યો હતો અને અન્ય ધાતુઓમાં ટકેલુ વલણ રહ્યું હતું. આજે વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે કોપર સહિતની ચોકક્કસ ધાતુઓમાં સ્ટોકિસ્ટોની લેવાલી જળવાઈ રહેવા ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવમાં તેજીની આગેકૂચ જળવાઈ રહી હતી તેમાં કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ૧૨ વધીને રૂ. ૮૬૦, કોપર વાયરબાર અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધીને અનુક્રમે રૂ. ૧૦૩૦ અને રૂ. ૨૬૮, કોપર સ્ક્રેપ હેવી તથા ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને અનુક્રમે રૂ. ૯૩૬ અને રૂ. ૨૯૮ તથા કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને રૂ. ૯૨૦ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે સતત ચોથા સત્રમાં ટીનમાં સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ જળવાઈ રહેવાની સાથે સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ૨૩ના ઘટાડા સાથે રૂ. ૩૩૪૦ના મથાળે રહ્યા હતા. નોંધનીય બાબત એ છે કે આ ચાર સત્રમાં ટીનના ભાવમાં કિલોદીઠ રૂ. ૬૮નો ઘટાડો આવી ગયો છે. વધુમાં આજે નિરસ માગે નિકલના ભાવ કિલોદીઠ રૂ. બેના ઘટાડા સાથે રૂ. ૧૩૬૩ના મથાળે રહ્યા હતા.

આ સિવાય કોપર કેબલ સ્ક્રેપ, બ્રાસ શીટ કટિંગ્સ, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ તથા લીડ ઈન્ગોટ્સમાં ખપપૂરતી માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૯૪૭, રૂ. ૬૫૦, રૂ. ૬૦૦, રૂ. ૨૧૭ અને રૂ. ૧૮૫ના મથાળે ટકેલા રહ્યા હતા.

# હાજર ખાંડમાં સાધારણ ગુણવત્તાલક્ષી સુધારો

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્થાનિક તેમ જ દેશાવરોની માગ ખપપૂરતી રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૧૦થી ૨૦ના ઘટાડા સાથે રૂ. ૩૮૪૦થી ૩૮૮૦માં થયાના અહેવાલ છતાં આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં રિટેલ સ્તરની ખપપૂરતી માગ જળવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડમાં ઉપલા મથાળેથી અને મિડિયમ ગ્રેડની ખાંડમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. બેનો સાધારણ ગુણવત્તાલક્ષી સુધારો જોવા મળ્યો હતો. જોકે, આજે મથકો પાછળ નાકા ડિલિવરી ધોરણે બન્ને ગ્રેડની ખાંડના ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ રહ્યો હતો. તેમ જ રિટેલ સ્તરની માગ એકંદરે જળવાઈ રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. એકંદરે આજે અમુક માલની ગુણવત્તા સારી આવી હોવાથી સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. બેના સુધારા સાથે રૂ. ૪૦૦૨થી ૪૦૬૨માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. બેના સુધારા સાથે રૂ. ૪૦૬૨થી ૪૧૨૨માં થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની એકંદરે માગ જળવાઈ રહી હોવા છતાં મથકો પર ટેન્ડરોમાં નરમાઈનું વલણ રહ્યું હોવાથી સ્મોલ તથા મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૧૦ના ઘટાડા સાથે અનુક્રમે રૂ. ૩૯૧૦થી ૩૯૪૦માં અને રૂ. ૩૯૫૦થી ૩૯૮૦માં ગુણવત્તાનુસાર ધોરણે થયા હતા.



# મથકો પાછળ સિંગતેલમાં ₹ ૨૦નો ઉછાળો, આયાતી તેલમાં ચમકારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ગુજરાતનાં મથકો પર આજે સિંગતેલમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે તેલિયા ટીનના ભાવમાં ૧૫ કિલોદીઠ રૂ. ૮૦નો અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૬૦ની તેજી આવી હોવાના નિર્દેશો સાથે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં પણ સિંગિતલના ભાવ ૧૦ કિલોદીઠ રૂ. ૨૦ ઉછળી આવ્યા હતા. વધુમાં આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં ૭૬ રિંગિટ વધી આવ્યાના નિર્દેશો સાથે આયાતી તેલમાં પણ સુધારાતરફી વલણ જળવાઈ રહેતાં ૧૦ કિલોદીઠ સન રિફાઈન્ડમાં રૂ. ૨૫, આરબીડી પામોલિનમાં રૂ. ૧૫ અને સોયા રિફાઈન્ડમાં રૂ. ૧૦ વધી આવ્યા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ ગોકુલના આરબીડી પામોલિનના રૂ. ૧૨૭૫, એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૨૮૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૫૫ અને સન રિફાઈન્ડના રૂ. ૧૪૬૫, ઈમામીના આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૮૦ અને પતંજલિ ફૂડ્સના આરબીડી પામોલિનના રૂ. ૧૨૯૫ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ છૂટાછવાયા વેપારો ગોઠવાયાના અહેવાલ હતા.

વધુમાં આજે ગુજરાતમાં ગોંડલ મથકે મગફળીની ૩૫,૦૦૦ ગૂણીની અને રાજકોટ મથકે ૧૦,૦૦૦ ગૂણીની આવક સામે મંડીમાં વેપાર મણદીઠ અનુક્રમે રૂ. ૯૦૦થી ૧૨૫૦માં અને રૂ. ૯૦૦થી ૧૨૩૫માં થયા હતા.

વધુમાં આજે ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૮૦ વધીને રૂ. ૨૧૭૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૬૦ વધીને રૂ. ૧૩૫૦માં થયા હતા. આ સિવાય આજે મધ્ય પ્રદેશનાં સોયાસીડનાં મથકો પર ૨.૫૦ લાખ ગૂણીની આવક સામે મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૩૦૦થી ૪૩૫૦માં અને પ્લાન્ટ ડિલિવરી શરતે રૂ. ૪૩૦૦થી ૪૪૦૦માં થયાના અહેવાલ હતા.

# ભચાઉના વોંધ પાસે બે ટ્રકની વચ્ચે આવી ગયેલા ટ્રક ચાલકનું કમકમાટીભર્યું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છમાં ૨૪ કલાક દરમ્યાન બનેલી જુદી-જુદી આપઘાત-અકસ્માતની ઘટનાઓમાં પાંચ લોકોનાં મોત નીપજ્યાં હતાં. ભચાઉ તાલુકાના વોંધ નજીક પૈડાં તપાસી રહેલા ટ્રકચાલકને પાછળથી આવતા તોતિંગ ટેન્કરે હડફેટમાં લેતાં આ ચાલકના શરીરના બે ટુકડા થઇ જતાં બનાવ સ્થળે જ કમકમાટીભર્યું મોત થયું હતું,

પોલીસ કંટ્રોલ રૂમ પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ, ટ્રેઇલર ટ્રકના ચાલક સામખિયાળીથી ભચાઉ બાજુ આવી રહ્યા હતા એ દરમ્યાન ભચાઉના વોંધ નજીક રસ્તાની સાઈડમાં વાહન ઊભું રાખીને તેનો ચાલક પૈડાં તપાસી રહ્યો હતો તેવામાં પાછળથી ધસમસતા આવતા તોતિંગ ટેન્કરે તેને હડફેટમાં લેતાં બંને વાહનો વચ્ચે આવી ગયેલા ચાલકના શરીરના બે ટુકડા થઇ જતાં તેનું તત્કાળ મોત થયું હતું. ઘટનાસ્થળે દોડી ગયેલી અગ્નિશમન દળની ટુકડીએ બે ભાગમાં વહેંચાયેલા હતભાગીના મૃતદેહને ભારે જહેમત બાદ કાઢ્યો હતો. હાલે આ વાહનચાલકની ઓળખ મેળવવા ભચાઉ પોલીસે તપાસ હાથ ધરી હતી. બીજો જીવલેણ માર્ગ અકસ્માતનો બનાવ ગાંધીધામ તાલુકાના મીઠી રોહર પાસેના ધોરીમાર્ગ પર બનવા પામ્યો હતો જેમાં એક મોટરસાઈકલને અજ્ઞાત વાહને અડફેટમાં લેતાં ગંભીર રીતે ઘવાયેલા અજ્ઞાત મોટરસાઇકલ ચાલકનું તત્કાળ મોત નીપજતાં આ મામલે છાનબીન શરૂ કરાઈ હતી.

બીજી તરફ, એક દાયકા પૂર્વે થયેલા અકસ્માત બાદ માથામાં ઈજાઓ પહોંચતાં માનસિક રીતે અસ્વસ્થ એવા સુમરાસર ગામમાં રહેતા હતભાગી ધનીબેને ભૂલથી જલદ એસિડ ગટગટાવી લેતાં તેમને સૌ પ્રથમ ઢોરી ખાતેના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં લઇ જવાયા બાદ વધુ સરવાર અર્થે ભુજની જી. કે. જનરલ હોસ્પિટલ લવાયા હતા, જ્યાં ટૂંકી ચાકરી દરમિયાન તેમણે છેલ્લા શ્વાસ લીધા હતા. ઘટના અંગે માધાપર પોલીસે અકસ્માત મોતની નોંધ કરી આગળની તપાસ હાથ ધરી હતી. અન્ય અપમૃત્યુનો બનાવ ગોડપર ખાતે બહાર આવ્યો હતો જેમાં હતભાગી રમેશે પોતાના ઘરે કોઈ અકળ કારણે ગળેફાંસો ખાઈ મોતનો માર્ગ અપનાવી લેતાં માનકૂવા પોલીસે અકસ્માત મોતની નોંધ કરી તપાસ આદરી છે.

માંડવી તાલુકાના ધોકડા ગામે રહેતી લક્ષ્મીબા નામની યુવતીએ પોતાના ઘરે કોઈ અગમ્ય કારણે શરીર પર પેટ્રોલ છાંટીને જાત જલાવી દીધી હતી. જેથી તેમને તાત્કાલિક ભુજની જી. કે. જનરલ હોસ્પિટલ ખસેડાઈ હતી, જ્યાં તેણીનું સારવાર દરમિયાન મોત થતાં કોડાય પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી હતી. ■



સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓને પડતી વિવિધ સમસ્યાઓને લઈને અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા આજે અનોખો વિરોધ કરવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓની માગણીઓ સત્તાધીશો સુધી પહોંચાડવા માટે એબીવીપીના કાર્યકર્તાઓએ યુનિવર્સિટી પરિસરમાં ઢોલ અને નગારા વગાડીને ધ્યાન દોરવાનો પ્રયાસ કર્યો હતો. તસવીરઃ પ્રવીણ સેદાણી, રાજકોટ)

# ₹૨૦૦ના ઈનામની માયાજાળમાં ફસાયેલી ભુજની યુવતીએ ₹૮.૪૦ લાખ ગુમાવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: અત્યારે ભયાનક મોંઘવારીના ચાલી રહેલા કપરા સમયમાં જીવતા રહેવા માટે આવક વધારવા માટે લોકો નોકરી ઉપરાંત અન્ય આર્થિક ઉપાર્જન માટેના વિકલ્પો શોધતા રહેતા હોય છે તેવામાં કહેવાતા ઓનલાઇન ટાસ્ક પૂર્ણ કરી તેના બદલામાં સારી એવી કમાણી કરવાની ઇન્સ્ટા રીલ્સ પર પાથરેલી ભેજાબાજોની જાળમાં આવી ગયેલી ભુજના કોડકી ગામની યુવતીને રૂ.૮.૪૦ લાખ ગુમાવવા પડ્યા છે.

ભુજમાં એકાઉન્ટિંગને લગતું કામ કરતા વિપુલ કાનજી વરસાણીએ પશ્ચિમ કચ્છ સાયબર પોલીસ મથક (બોર્ડર રેન્જ-ભુજ)માં અજ્ઞાત શખ્સો વિરુદ્ધ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેમના સાળીને ઈન્સ્ટાગ્રામ પર રીલ્સ સ્ક્રોલ કરતી વેળાએ પાર્ટ ટાઈમ જોબ કરી સારા એવા પૈસા કમાવવાની એક રીલ નજરે ચઢી હતી. આ રીલની નીચે ડિસ્ક્રિપશનમાં જઈને ક્લિક કરતાં એક વોટ્સએપના નંબર પરથી એક લિંક તેમને આપવામાં આવી હતી, જેમાં કેટલીક પ્રોડક્ટ્સના પોઝિટિવ રિવ્યૂ આપી તેના સ્ક્રીન શોટ મૂકવા જણાવાયું હતું. બાદમાં સાળીએ તે મુજબ સ્ક્રીન શોટ વોટ્સએપ કર્યા હતા, જેના પેટે રૂા. ૨૦૦ જીત્યા હોવાનો તેમને મેસેજ આવ્યો હતો. આ ૨૦૦ રૂપિયા પ્રાપ્ત કરવા માટે બેંકની વિગતો મેળવવા લિંક મોકલાઈ હતી. ત્યારબાદ ટેલિગ્રામમાં એક અજ્ઞાત આઈડીધારકે વધુ એક લિંક મોકલીને યુઝર આઈડી-પાસવર્ડ આપ્યા જેના વડે લોગીન કરીને ડિજિટલ વોલેટમાં પૈસા જમા થશે તેમ જણાવાયું હતું. બાદમાં ફરિયાદીની સાળીએ નાણાં ઉપાડવાની કોશિશ કરતાં ટેકનિકલ કારણે તે બંધ થઈ હતી, જેથી તેને એક્ટિવ કરવા પૈસા ભરવાનું કહેવાયું હતું. આથી ૨૦૦ રૂપિયા મેળવવા ખાતર તેમના સાળીએ વિવિધ ખાતામાં કુલ રૂા. ૮,૪૦,૪૯૬ મોકલી આપ્યા હતા, જેને ઉપાડવાની કોશિશ કરતાં ઠગબાજોએ ૬૮ ટકા ચાર્જ ભરવાનું કહેતા પોતાની સાથે ઠગાઈ થઈ હોવાનું જણાતા અંતે આ મુદ્દે સાયબર પોલીસ સમક્ષ ફરિયાદ નોધાવાઈ હતી. ■

# ગાંધીધામ મહાનગરપાલિકાએ વધુ ૫૧ જેટલા દબાણોને જમીનદોસ્ત કર્યાં: દબાણકારોમાં ફફડાટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સરકારી જમીનો પર ખડકી દેવામાં આવેલાં ગેરકાયદેસર બાંધકામોની યાદી તૈયાર કરીને આવા દબાણોને જમીનદોસ્ત કરી દેવા મેગા ડિમોલિશન સમયાંતરે હાથ ધરવામાં આવી રહ્યાં છે.

દિવાળી પર્વના કાઉન્ટડાઉન વચ્ચે અબડાસાનાં મોથાળા ગામના કનકાવતી ડેમના વહેણ વિસ્તારમાં સ્થિત ૨૩,૪૦૦ ચોરસ મીટર જેટલી વનતંત્રની જમીન પર નુંધાતડના ગુનેગાર દ્વારા કરવામાં આવેલી ગેરકાયદેસર આંબાની ખેતી રૂપી દબાણ પર સરકારી બુલડોઝર ફેરવી દેવાતાં દબાણકારોમાં ફફડાટ ફેલાયો હતો.

નલિયા વનતંત્રના આર.એફ.ઓ. અજયસિંહ સોલંકીએ જણાવ્યું હતું કે, નુંધાતડના દાઉદ ફકીરમામદ પઢિયાર દ્વારા મોથાળા સીમ વિસ્તારમાં રૂા.૪૭.૬૮ લાખની વનતંત્રની જમીન ઉપર ગેરકાયદે તાર ફેન્સિંગ કરી ખેતી આંબાની ખેતી કરવામાં આવી હતી જેને ખાલી કરાવવામાં આવી હતી.

વહીવટી તંત્ર દ્વારા વન વિભાગની ટીમ, મામલતદાર કચેરીનો સ્ટાફ તેમજ નલિયા પોલીસની હાજરીમાં દબાણવાળી જમીન પર બુલડોઝર ફેરવી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. દબાણકર્તા દાઉદ સામે નલિયા અને કોઠારા પોલીસ મથકોમાં અલગ-અલગ છ જેટલા ગુના નોંધાયા હોવાનું નલિયા વિસ્તારના પી.આઇ. બી.એમ. ઝાલાએ ઉમેર્યું હતું.

બીજી તરફ, કચ્છના ઔદ્યોગિક મથક એવા ગાંધીધામ શહેરમાં પણ મહાનગરપાલિકા દ્વારા છેડવામાં આવેલી દબાણ હટાઓ ઝુંબેશને ટૂંકા અંતરાલ બાદ ફરી શરૂ કરી દેવામાં આવી છે જેમાં સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાથી લઈને સી.જે. શાહ પેટ્રોલ પંપ સુધીના માર્ગ પર નડતરરૂપ ૫૧ જેટલા દબાણોને જમીનદોસ્ત કરી દેવામાં આવ્યાં છે.

મહાનગરપાલિકાના કમિશનર મનીષ ગુરુવાણીની સૂચના અન્વયે વહીવટી તંત્ર દ્વારા રાષ્ટ્રીય ધોરીમાર્ગના સર્વિસ રોડની બાજુમાં સરદાર વલ્લભભાઈ પટેલ સર્કલથી લઈને પેટ્રોલ પંપ સુધીના વિસ્તારોના દબાણકારોને નોટિસ આપવામાં આવી હતી. નાયબ મ્યુનિસિપલ કમિશનર સંજય રામાનુજની હાજરીમાં ૫૧થી વધુ પાકાં દબાણો તોડી પાડયાં હતાં તેમ મહાનગરપાલિકાનાં દબાણ ઇન્સ્પેક્ટર ગાયત્રીપ્રસાદ જોશીએ જણાવ્યું હતું. ■

# અમરેલીમાં દિવાળીના તહેવારો નિમિત્તે એસટી વિશેષ બસ દોડાવશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: દિવાળીના તહેવારો નિમિત્તે લોકો એક શહેરથી બીજે શહેર મોટી સંખ્યામાં જાય છે. આ માટે રેલવે અને સ્ટેટ ટ્રાન્સપોર્ટ ઘણી સારી વ્યવસ્થા કરે છે અને વિશેષ ફેરીઓ રાખે છે, જેથી લોકોને હાલાકી ન ભોગવવી પડે. દિવાળીના તહેવારો નિમિત્તે અમરેલી જિલ્લામાં પણ એસટી વિભાગ વિશેષ બસ દોડાવશે, તેવી માહિતી સૂત્રો પાસેથી મળી છે.

દિવાળી ૨૦મી ઓક્ટોબરે છે ત્યારે એસટી ૧૭થી ૨૭ તારીખ દરમિયાન દરરોજ ૨૪ વધારાની બસો દોડાવશે. આ બસ અમરેલી જિલ્લાના ૭ ડેપો અમરેલી, સાવરકુંડલા, રાજુલા, બાબરા, ધારી અને બગસરાનો સમાવેશ થાય છે.

હજારો લોકો કામધંધા માટે પોતાના ગામ-શેહરને છોડી અન્યત્ર વસતા હોય છે, પરંતુ દિવાળી જેવા મોટા તહેવારોમાં લોકો પોતાના ઘરે જવાનું પસંદ કરતા હોય છે. સુરત, પંચમહાલ, ગોધરા તરફ જતા મુસાફરોની સંખ્યા વધારે હોય છે. ડેપોના અધિકારીના જણાવ્યા અનુસાર દિવાળીની વિશેષ સેવાઓ અંગેનું પરિપત્ર જાહેર કરી દેવામાં આવ્યું છે, તહેવારોમાં જો વધારે જરૂર જણાશે તો વિશેષ બસોની સંખ્યા વધારવામાં આવશે. ■

# મંત્રી પુરુષોત્તમભાઈ સોલંકીના હસ્તે અંદાજે રૂ. એક કરોડના વિકાસ કાર્યોના લોકાર્પણ ખાતમુહૂર્ત કરાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાત રાજ્યમાં મુખ્ય પ્રધાન તરીકે પદભાર સંભાળી ૨૪ વર્ષ અગાઉ રાજ્યની વણથંભી વિકાસયાત્રા શરૂ કરી હતી. આ અવસરને વધાવવા માટે રાજ્ય સરકાર દ્વારા સમગ્ર રાજ્યમાં તા.૭ થી તા.૧૫ ઓક્ટોબર દરમિયાન 'વિકાસ સપ્તાહ'ની ઉજવણી કરવામાં આવી રહી છે. આ ઉજવણીના બીજા દિવસે ભાવનગર જિલ્લામાં પ્રધાન પુરુષોત્તમભાઈ સોલંકીના હસ્તે અંદાજે રૂ. એક કરોડના વિકાસ કાર્યોના લોકાર્પણ ખાતમુહુર્ત કરાયા હતા.



(તસવીરઃ વિપુલ હિરાણી)

ભાવનગર જિલ્લામાં ઘોઘા તાલુકામાં વાળુકડ પાસે આવેલ અંધારીયાવડ ખાતે વિકાસ સપ્તાહ અંતર્ગત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. વિકાસ રથ અંધારીયાવડ ગામે પહોંચતા ગ્રામજનો દ્વારા તેનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું.

પ્રધાન પુરુષોત્તમભાઈ સોલંકીના હસ્તે અંદાજે રૂ. ૬૦ લાખના લોકાર્પણ અને રૂ. ૪૦.૬૮ લાખના ખાતમુહુર્ત કરવામાં આવ્યા હતા. પ્રધાનના હસ્તે સર્વાંગી વિકાસ માટે આશરે કુલ રૂ. એક કરોડના વિવિધ વિકાસ કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ તકે ઉપસ્થિત મહાનુભાવો દ્વારા ગામના વિકાસ માટેની પ્રતિબદ્ધતા વ્યક્ત કરવામાં આવી હતી તેમજ ગ્રામજનોને સક્રિય સહભાગિતા માટે આહ્‌વાન કરાયું. સૌએ ભારત વિકાસની પ્રતિજ્ઞા લઈ રાષ્ટ્રના સર્વાંગી વિકાસમાં યોગદાન આપવા સંકલ્પ કર્યો હતો.

# ઉના નજીક નવાબંદરમાં ૫૦ વર્ષીય મહિલા પર સામૂહિક દુષ્કર્મ

## હાલત અતિ ગંભીર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: જૂનાગઢમાં ઉના નજીક આવેલા નવાબંદરમાં કોસ્ટલ દરિયાકિનારે એક આધેડ વયની મહિલા સાથે સામૂહિક દુષ્કર્મ થયું હતું. આધેડ વયની મહિલા પર ત્રણથી વધુ નરાધમોએ સામૂહિક દુષ્કર્મ હતું. એટલું જ નહીં પરંતુ દુષ્કર્મ આચર્યા બાદ નરાધમોએ મહિલાના ગુપ્તભાગે ગંભીર ઈજાઓ પણ પહોંચાડી હતી. આ ઘટના ચાર દિવસ પહેલા બની હતી. કોસ્ટલ દરિયાકાંઠાના એક ગામમાં એકલી રહેતી મહિલાની એકલતાનો લાભ ઉઠાવીને આરોપીઓએ સામૂહિક દુષ્કર્મ આચર્યું હતું.

દુષ્કર્મ આચર્યા બાદ આરોપીઓ ફરાર થઈ ગયાં હતાં. દુષ્કર્મ બાદ ત્રણ દિવસ સુધી મહિલા પોતાના ઘરે પડી રહ્યાં હતાં. જો કે, તબિત વધારે ખરાબ થઈ હતી જેથી તેમણે દ્વારકામાં ફિશિંગ કરતા એક યુવકને જાણ કરી હતી. મહિલાની હાલત ગંભીર હોવાથી સારવાર માટે જૂનાગઢ ખસેડવામાં આવી હતી.

સમગ્ર બાબતે જાણ થતાં તે યુવક તાત્કાલિક દોડી આવ્યો મહિલાને હૉસ્પિટલમાં સારવાર માટે લઈ ગયો હતો. હૉસ્પિટલમાં તબીબોએ જ્યારે તપાસ કરી ત્યારે દુષ્કર્મ થયું હોવાનું પ્રકાશમાં આવ્યું હતું. જેથી તબીબે પોલીસને જાણ કરી હતી.

દુષ્કર્મની જાણ થતાં પોલીસ પણ હોસ્પિટલ ખાતે દોડી આવી હતી. હૉસ્પિટલના તબીબોએ પોલીસને સમગ્ર કેસની હકીકત પણ જણાવી હતી. પોલીસ સમગ્ર હકીકત જાણ્યા બાદ ફરિયાદ નોંધી અને આરોપીઓને પકડવા ટીમો બનાવી તપાસ શરૂ કરી હતી.

# ત્રણ મહિના બાદ કેશોદ એરપોર્ટ ફરી શરૂ થતાં મુસાફરોમાં આનંદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: જૂનાગઢ જિલ્લામાં આવેલું કેશોદ એરપોર્ટ ટેક્નિકલ ખામીના કારણે છેલ્લા ત્રણ મહિનાથી બંધ હતું. જોકે એરપોર્ટ ફરી કાર્યરત થયું હતું, જેના કારણે કેશોદથી અમદાવાદ, દીવ અને મુંબઈ જેવા મહત્ત્વના સ્થળો માટે મુસાફરીની સગવડ ફરી શરૂ થઈ હતી. ફ્લાઇટ્સ સવારે અમદાવાદથી કેશોદ અને સાંજે કેશોદથી અમદાવાદ જશે.

સૂત્રોએ જણાવ્યું કે, છેલ્લા ત્રણ મહિનાથી કેશોદથી અમદાવાદ અને દીવની ફ્લાઇટ બંધ હતી, કારણ કે તેના એન્જિનમાં ટેક્નિકલ ખામી સર્જાઈ હતી. જરૂરી ઇમ્પોર્ટેડ સ્પેરપાર્ટ્સ આવી ગયા બાદ ફ્લાઇટનું મેઇન્ટેનન્સ કામ સંપૂર્ણપણે પૂર્ણ થયું છે. હવે આ ફ્લાઇટ સલામત રીતે ઉડાન ભરવા માટે તૈયાર છે.હવે કેશોદ એરપોર્ટ ફરી ધમધમતું થયું છે અને મુસાફરો એરલાઇન્સની વેબસાઇટ પરથી ટિકિટનું બુકિંગ કરાવી શકશે.

આ ઉપરાંત સૂત્રોએ જણાવ્યું કે, ઘણા સમયથી બંધ રહેલું આ એરપોર્ટ અગાઉ સરકારમાં રજૂઆત બાદ ફરી શરૂ થયું હતું, પરંતુ ટેક્નિકલ ખામીના કારણે તે ફરી બંધ પડ્યું હતું. હવે ફરીથી કેશોદ એરપોર્ટ શરૂ થયું છે. અઠવાડિયાના ત્રણ દિવસ એટલે કે મંગળવાર, ગુરુવાર અને શનિવારના રોજ ફ્લાઇટ ઓપરેટ થશે. આગામી દિવસોમાં દિવાળીનો તહેવાર શરૂ થવાનો હોય, મુસાફરોને પૂરતી સગવડ મળી રહે તે માટે કેશોદ એરપોર્ટની સેવા પુનઃ શરૂ કરવામાં આવી છે. દિવાળીના તહેવાર પહેલા જ કેશોદ એરપોર્ટ શરૂ થતાં મુસાફરોમાં આનંદની લાગણી છવાઈ ગઈ હતી. ■

# સુરેન્દ્રનગરમાં સબસિડીવાળું યુરિયા ખાતર બારોબાર વેચવાનું કૌભાંડ ઝડપાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

સુરેન્દ્રનગર: સુરેન્દ્રનગર પોલીસે લખતર તાલુકાના દેવળિયા ગામમાં મોટા કૌભાંડનો પર્દાફાશ કર્યો હતો. ખેડૂતોને સબસિડીમાં મળતું યુરિયા ખાતર બારોબાર કોમર્શિયલ થેલીઓમાં ભરીને કાળાબજારમાં ફેક્ટરીઓને વેચવામાં આવતું હોવાનો પર્દાફાશ થતાં ખળભળાટ મચી ગયો હતો. એસ.ઓ.જી.ના પી.આઈ. બી. એચ. શીંગરખીયાને બાતમી મળી હતી કે, લખતરના દેવળિયા ગામમાં ક્રિપાલસિંહ ભવાનસિંહ રાણાના કબજા હેઠળના ગોડાઉનમાં અજયસિંહ બળવંતસિંહ રાણા અને દિવ્યરાજસિંહ ઉર્ફે શંભુભાઇ ધર્મેન્દ્રસિંહ રાણા સરકારી સબસિડીવાળું યુરિયા ખાતર ગેરકાયદેસર રીતે સંગ્રહ કરીને તેને કોમર્શિયલ ઉપયોગ માટેની કોથળીઓમાં પેક કરી રહ્યા છે, જે ત્યારબાદ કાળા બજારમાં ફેક્ટરીઓને વેચવાનું આયોજન છે. બાતમીના આધારે SOG ટીમે તુરંત દરોડો પાડ્યો હતો.

પોલીસે રેડ દરમિયાન સ્થળ પરથી ખેડૂતોને આપવાના યુરિયા ખાતરને કોમર્શિયલ થેલીઓમાં પેકિંગ કરવાની ગેરકાયદેસર પ્રવૃત્તિ ઝડપી પાડી હતી. પોલીસે સ્થળ પરથી કુલ ₹૧૯,૮૦,૦૮૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પોલીસની તપાસમાં જાણવા મળ્યું હતું કે આ પ્રવૃત્તિમાં ગોડાઉન માલિક ક્રિપાલસિંહ રાણા, મજૂરો લાવનાર દિવ્યરાજસિંહ રાણા, મુખ્ય સંચાલક અજયસિંહ રાણા અને કાળાબજારમાં જથ્થો વેચવા માટે ટ્રક મોકલનાર પરાગભાઈ સહિત અન્ય ઇસમો પણ સામેલ છે. ■

# મગફળીની ખરીદી મામલે સરકારની નીતિથી ખેડૂતો નાખુશ: સરકાર પાસે કરી માગણીઓ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજ્ય સરકારે ટેકાના ભાવ જાહેર કર્યા હોવા છતા મગફળીના ખેડૂતો નારાજ છે કારણ કે મર્યાદિત ખરીદીની નીતિને લીધે તેમને ફાયદો થઈ રહ્યો નથી. ખેડૂતોએ આ અંગે વિરોધ નોંધાવ્યો હતો અને કૉંગ્રેસની આગેવાનીમાં ખેડૂતો મોટી સંખ્યામાં એકઠા થયા હતા.



(તસવીરઃ પ્રવીણ સેદાણી)

રાજકોટમાં ખેડૂતોએ ત્રણ કલાકના પ્રતીક ધરણા કર્યા હતા અને રોષ વ્યક્ત કર્યો હતો. સરકાર ખરીદીની મર્યાદા વધારી ૨૦૦ મણ કરે અને દિવાળી પહેલા જ ખરીદી શરૂ કરી ખેડૂતોને લાભ થાય તેવી વ્યવસ્થા કરે તેવી માગણી મુખ્યત્વે કરવામાં આવી હતી.

એક તો સરકારે જાહેર કરેલા ટેકાના ભાવ ઓછા છે અને તેમાં પણ ૬૮ મણ મગફળી ખરીદવાની મર્યાદા રાખી છે. ખેડૂતો પાસે છે ઉત્પાદન તેની સરખામણીમાં આ મર્યાદાને લીધે બહુ ઓછા ખેડૂતો લાભ લઈ શકશે અને આ સાથે તેમણે મગફળી ઉગાડવા કરેલા ખર્ચ સામે તેમને ફાયદો થવો જોઈએ, તેમ પણ તેમનું કહેવાનું હતું. ■

# ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન વિજય રૂપાણીના નિધન બાદ પહેલીવાર દીકરાનો જન્મદિવસ ઉજવાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન વિજય રૂપાણીનું અમદાવાદથી લંડન જતી ફ્લાઈટના અકસ્માતમાં મોત થયા બાદ પહેલીવાર તેમના સ્વર્ગીય પુત્ર પૂજિતનો જન્મદિવસ રાજકોટમાં ઉજવાયો હતો. આ નિમિત્તે પૂજિત રૂપાણી ટ્રસ્ટ દ્વારા જરૂરિયાતમંદ બાળકોને બાલભવનમાં ફ્રી રાઈડ અને ભોજન સહિતના કાર્યક્રમો આયોજિત કરવામા આવ્યા હતા. વિજય રૂપાણીની ગેરહાજરીમાં પ્રથમ વખત થયેલા આયોજનમાં આરએસએસના સર કાર્યવાહ દત્તાત્રેય હોંસબોલેની ખાસ ઉપસ્થિતિ રહી હતી. તેમના કાર્યકાળ દરમિયાન તેમની સાથે રહેલા નેતાઓ અને પદાધિકારીઓ પણ હાજર રહ્યા હતા.

બાળકો સાથે રાઈડમાં હોંસબોલે, રાજ્યસભાના સાંસદ રામ મોકરીયા બેસી ગયા હતા. લોકસભા સાંસદ પુરષોત્તમ રૂપાલા પણ આ પ્રસંગે હાજર રહ્યા હતા.




અત્રે ઉલ્લેખનીય છે કે પૂજિત ચાર વર્ષનો હતો ત્યારે તેનું આકસ્મિક મોત થયું હતું. ત્યારબાદ રૂપાણી પરિવારે પૂજિત રૂપાણી મેમોરિયલ ટ્રસ્ટની સ્થપના કરી હતી. જેમાં વંચિત બાળકોના શિક્ષણ અને સુવિધાઓને લગતી પ્રવૃત્તિઓને વિશેષ ધ્યાનમાં લેવામાં આવે છે. બાળકોને રમતગમત સાથે વિવિધ પ્રોજેક્ટ્સ અતર્ગત શૈક્ષણિક સંસાધનોની મદદ કરવામાં આવે છે. અંજલિબેન રૂપાણી આ પ્રસંગે ભાવુક થઈ ગયા હતા. ■